આવતી કાલનાં નાગરિકોના સંસ્કારઘડતરનું માસિક

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી • બચુભાઈ રાવત

કુમાર

મઈ જૂન • ઈ.સ. ૧૯૬૪



સળંગ અંક ૪૮૬ મો

જગતજ્યોતનો વિલય



જન્મ: ૧૪-૧૧-૧૮૮૯ — **જગતજ્યોત જવાહરલાલ** — નિધન: ૨૭-૫-૧૯૬૪

(ફોટો · ચિત્તરંજન આચાર્ય)

સાંકળિયું

ચિત્રો

જગતજ્યોતનો વિલય·ફોટો: નરેન્દ્ર રાવળ — પૂઠું
જગતજ્યોત જવાહરલાલ·ફોટો: ચિત્તરંજન આચાર્ય — પૂઠામાં
છેલ્લા જુહાર — પૂઠાને ત્રીજે પાને
જવાહરલાલ પોતાના ટેબલ પર — પૃ. ૨૧૯ સામે
જીવનસાથી · સોમાલાલ શાહ — રંગીન મુખચિત્ર
યાદનાં વાદળ · દિનેશ શાહ — રંગીન ચિત્ર પૃ. ૨૫૧ સામે
લાલબહાદુર શાસ્ત્રી — પૃ. ૨૫૨ સામે

કાવ્યો

ક્યાં (જસવંત દેસાઇ), જતાં તમે (પિનાકિન ઠાકોર) — ૨૪૩/ક
જવાહરનું દિલ (વ્રજલાલ દવે) — ૨૪૮

ચરિત્ર

જવાહરલાલ નેહરુ (ચરિત્ર-ચિત્ર) — ૨૨૧
જીવનપટનાં સ્મૃતિચિત્રો (આત્મકથાનક-૩૦) રવિશંકર રાવળ — ૨૩૩

વાર્તા

હેમ્લેટ (વાર્તાંતર-૬) — ડૉ. મધુસૂદન પારેખ — ૨૨૮
અપેક્ષા — સુધીર દલાલ — ૨૩૬
જીવતરનો ભાર (લઘુકથા) — મોહનલાલ પટેલ — ૨૪૦

લેખો

એક યુગનો અંત — ડૉ. રાધાકૃષ્ણન્ — ૨૨૦
નેત્રપલ્લવી (સાંકેતિક લિપિ-૧૩) — સુશીલા આર. પટેલ — ૨૩૧
નવા ચિલાનાં નાટકો (રંગગઠરિયાં-૪૬) — ચંદ્રવદન ચી. મહેતા — ૨૩૮
શરીરમાં વિટામિનોની અગત્ય (આહાર-૫૪) — ડૉ. શિવપ્રસાદ — ૨૪૦
ગરમાળો (ઘરગથ્થુ ઔષધ-૩૦) — લાભશંકર ઠાકર — ૨૪૫
શતરંજ — સુરેશ એમ. મોદી — ૨૫૨

વિભાગો

વાચકો લખે છે — ૨૧૮
પચ્ચીસ વર્ષ પહેલાં — ૨૪૩
સાહિત્યસંપર્ક — ૨૪૩/ડ
કલાવાર્તા — ૨૪૬
દુનિયા-દૂરની અને નજીકની — ત. દ. ૨૪૭
માધુકરી (લાલબહાદુર શાસ્ત્રી, વલસાડ) — ૨૪૮
સી-હૉર્સ (જગતનાં પ્રાણી-૭૧) — ૨૪૮
આ માસ ઇતિહાસમાં (વ્ય. વિ. કૉટન સ્કૅાટ) — ૨૫૧
ટિકિટસંગ્રહ — ૨૫૫
છેલ્લું પાનું — ૨૫૫


કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧-૨૫

વાચકો લખે છે

૪૮૫મા અંકના 'વાચકો લખે છે' વિભાગ-માં પુછાએલા શ્રી દિનકર – મીનપિયાસીના પ્રશ્નના અનુસંધાને 'એકો - વન' (Echo - 1) ઉપગ્રહ વિષે જાણવું રસપ્રદ બનશે.

આ ઉપગ્રહ ૧૦૦ ફૂટના પ્લાસ્ટિક બલૂન જેવો છે, જેની ઉપર ઍલ્યુમીનિયમનું પાતળું પડ ચડાવેલું છે. માનવસર્જિત ઉપગ્રહોમાં આ ઉપગ્રહ સૌથી મોટામાં મોટો છે, અને કૃત્રિમ ઉપગ્રહો કરતાં તેનું કદ આશરે એક હજાર ગણું મોટું છે. તેના આવા અસાધારણ મોટા કદને પરિણામે જ તેની ઉપર સૂર્યનાં કિરણો-ની તથા વાતાવરણની પ્રબળ અસર થાય છે. વૈજ્ઞાનિકોના માનવા મુજબ સૂર્યનાં કિરણો-થી તેની અંદરના પોલાણમાં રહેલી હવા પર દબાણની વધઘટ થતી હોવી જોઈએ જેને લીધે તેની કક્ષામાં પણ ફેરફાર થાય છે. હવે, પ્રશ્ન એ રહે છે, કે કોઈ પણ કદની વસ્તુ–ધારો કે 'a' કદની પૃથ્વીની આજુબાજુ પોતાની કોઈ એક કક્ષા (ધારો કે પશ્ચિમથી પૂર્વ) ફરતી હોય, અને તેનું કદ કોઈ પણ કારણથી વધીને કે ઘટીને 'b' થાય, તો તેની કક્ષાનો માર્ગ પોતાની મૂળ કક્ષા કરતાં અચોક્કસ દિશામાં (ધારો કે દક્ષિણથી ઉત્તર) બદલાય કે નહિ?



આ માટે આવા ઉપગ્રહોનો સિદ્ધાંત સમજવો જોઇએ. ઉપગ્રહ આકૃતિ (૧)માં દર્શાવ્યા પ્રમાણેની કક્ષામાં જ ફરી શકે છે; એટલે કે તે પૃથ્વીના મોટા વર્તુળાકાર પૃષ્ઠની આજુ-બાજુ જ પરિભ્રમણ કરી શકે છે. બીજા શ-બ્દોમાં, તે ઉપગ્રહ ab=વિષુવવૃત્ત=કાલ્પનિક રેખામાંથી પસાર થવો જોઈએ. એનું કારણ ઉપગ્રહને કક્ષામાં ફેરવનાર ગુરુત્વાકર્ષણનું બળ છે. ધારો કે, કોઈ પદાર્થ (ચંદ્ર), પૃથ્વીની આજુ-બાજુ વર્તુળાકાર કક્ષામાં પરિભ્રમણ કરતો હોય તો, તે પદાર્થ ઉપર બે પ્રકારનાં બળ અસર કરે છે, જે તેની કક્ષા જાળવવામાં સ-હાય કરે છે: એક તો ચંદ્રથી પૃથ્વી તરફ $\overrightarrow{BA}$ (સદિશ) દિશામાં, જે પૃથ્વીના ગુરુત્વાકર્ષણ-ને લીધે હોય છે ને જેને કેન્દ્રગામી (centri patel) બળ કહે છે; અને બીજું બળ ચંદ્ર પર $\overleftarrow{AB}$ (સદિશ) દિશામાં લાગે છે, જે ન્યૂ-ટનના ગતિના ત્રીજા નિયમ અનુસાર હોય છે. આ બળને કેન્દ્રત્યાગી (centrifugal) બળ કહે છે. (જુઓ આકૃતિ–૨). પણ આ બંને બળ સરખાં હોઈ ઉપગ્રહ પર એકબીજા-ની અસર એકસરખી જ પાડે છે. પરિણામે ચંદ્ર કે ઉપગ્રહ પૃથ્વીની આજુબાજુ ફરે છે.

ગણિતીય કે વધુ શાસ્ત્રીય પદ્ધતિએ જોતાં કેન્દ્રગામી બળને ન્યૂટનનો ગતિનો બીજો નિયમ લગાડીએ તો, આવું સૂત્ર મળે:

$$\text{કેન્દ્રગામી બળ} = \frac{mv^2}{r} \text{ અથવા}$$

$$\text{કેન્દ્રગામી બળ} = 4\pi^2 m.n^2 r.$$

[જ્યાં, m = ચંદ્ર કે ઉપગ્રહનું વજન, n = ચંદ્ર કે ઉપગ્રહની ગતિની આવૃત્તિ, અને r = પૃથ્વી અને ચંદ્ર કે ઉપગ્રહ વચ્ચેનું અંતર (ત્રિજ્યા)]

પણ ન્યૂટનના ગતિના ત્રીજા નિયમ મુજબ બંને બળ સરખાં જ છે.

$$\therefore \ \overrightarrow{\text{કેન્દ્રગામી બળ}} = \overleftarrow{\text{કેન્દ્રત્યાગી બળ}} = 4\pi^2 . m\, n^2 r \ \textit{i.e.} \ \overrightarrow{F_1} = \overleftarrow{F_2} = 4\pi^2 m.n^2 r.$$

એટલે આમ, પરિભ્રમણ કરતા ઉપગ્રહ ઉપર તેના કદના વધારા-ઘટાડાનો ફેરફાર તેની કક્ષામાં સૈદ્ધાંતિક રીતે સંભવી શકે નહિ; કારણ કે, ઉપરના સૂત્રથી કહી શકાય કે, કેન્દ્ર-ગામી બળ વર્તુળની ત્રિજ્યાના સમપ્રમાણ-માં હોય છે. એટલે કે જો ઉપગ્રહ અને પૃથ્વી વચ્ચેનું અંતર (ત્રિજ્યા : r) ફેરવવામાં આવે તો તેને અનુરૂપ ઉપગ્રહની કક્ષા બદલાય છે.

આમ, 'એકો–વન'ની કક્ષા, તેની અંદર-ની હવાના દબાણથી બદલાય, જેથી તેનું કદ બદલાય, અને તેથી તેની કક્ષા પણ બદલાય, એ વૈજ્ઞાનિકોની ધારણા જરા શંકાસ્પદ છે.

અહીં, આપણે ન્યૂટનનો સિદ્ધાંત ધ્યાનમાં લઈને વિચાર કર્યો. પણ આઇન્સ્ટાઇનનો સિદ્ધાંત પણ એ માટે, સંભવ છે કે, વધુ સારી રીતે ઉપગ્રહની ભ્રમણીય કક્ષા બદલ-વાનું કારણ આપી શકે. એનું સરસ ઉદાહરણ બુધની કક્ષા છે. બીજા કુદરતી ગ્રહો દીર્ઘવૃત્તા-કાર કક્ષા (elliptical orbit)માં સૂર્યની

આજુબાજુ ચક્કર લગાવે છે, જ્યારે બુધ ગ્રહ પ્રત્યેક વર્ષે પોતાના ભ્રમણમાર્ગથી થોડું સ્થાનાંતર કરે છે. એનું કારણ ન્યૂટનના સિદ્ધાંતથી મળ્યું નહિ, પરંતુ આઈન્સ્ટાઇનના સિદ્ધાંત પર વિચાર કરવામાં આવ્યો ત્યારે ઉકેલ મળી શક્યો. આઈન્સ્ટાઈનના સિદ્ધાંત મુજબ એના સ્થાનાંતરનું મુખ્ય કારણ સૂર્યના ગુરુત્વાકર્ષણકેન્દ્રના ક્ષેત્રની તીવ્રતા–સઘનતા અને બુધની અત્યંત ઝડપી ગતિ છે.

એટલે, પ્રશ્નનો ઉત્તર વધુ જટિલ બને છે. શરૂઆતમાં 'એકો–વન' પશ્ચિમથી પૂર્વ ફરતો હતો અને વૈજ્ઞાનિકોની ગણતરી પ્રમાણે તે અત્યારે ઉત્તરથી દક્ષિણ, પહેલાં કરતાં બરાબર ૯૦°નો પરિભ્રમણકોણ રચીને, ફરે છે. વૈજ્ઞાનિકોના માનવા મુજબ દબાણની આ વધઘટ ફરી તેને પોતાની મૂળ કક્ષામાં લાવી મૂકશે. અલબત્ત, તે સમયે તેની કક્ષા પહેલાં કરતાં નાની થશે. અને આખરે જ્યારે તે પૃથ્વી તરફ ફરશે ત્યારે એની કક્ષા નાની બનતી જશે અને અંતે પૃથ્વીના વાતાવરણના ઘર્ષણથી સળગીને તેનો નાશ થશે.

વૈજ્ઞાનિકો એવું માને છે, કે સૂર્યનાં કિરણો રોજના સાડા ત્રણ માઇલની ગતિએ તેને પૃથ્વીની દિશામાં ધકેલી રહ્યાં છે. છતાં જો તે ઉપગ્રહ પોતાનું મૂળ કદ કે સ્વરૂપ જાળવી રાખશે, તો એ ગતિએ પણ તે આશરે એક વર્ષ સુધી પોતાની કક્ષામાં ઘૂમરીઓ લીધા કરશે, ને આખરે પૃથ્વીના વાતાવરણ સાથે ઘર્ષણથી નાશ પામશે. પણ એમાં વૈજ્ઞાનિકોની ગણતરી ખોટી ઠરી છે, કારણ હજુ પણ એ ઉપગ્રહ પોતાની કક્ષામાં જ વિહરે છે.

આ 'એકો–વન' પૃથ્વી પરથી ધ્રુવના તારા કરતાં લગભગ સાતગણો પ્રકાશિત લાગે છે તેનું કારણ એનું મોટું કદ છે. તે સિવાય બીજા ઉપગ્રહો–જેમનું કદ સાધારણ મોટું હોય છે તે–પણ દેખાય છે. એનું કારણ તેની સપાટી પર પડતાં ને ત્યાંથી પરાવર્તન પામતાં સૂર્યનાં કિરણો છે. એ બધાનો પસાર થવાનો અને તેથી દેખાવાનો સમય જુદોજુદો હોય છે. હમણાં જ, મે મહિનાની ૨૮મી તારીખે ('૬૪) અમેરિકાએ 'ઍપોલો' અવકાશયાન છોડેલું તેનો એ નામે ઉપગ્રહ નરી આંખે દેખાવાની ગણતરી હતી, જે સફળ નીવડી છે. પૃથ્વી પરથી તે શુક્ર જેટલો તેજસ્વી દેખાતો હતો. સાડા ચાર કે પાંચ દિવસ પછી તેનો નાશ થવાની ગણતરી હતી, પણ એ વિષે કાંઈ ચોક્કસ કહી શકાય નહિ, કારણ તેની વધુ માહિતી સાંપડી નથી.

ઉપગ્રહોનો આવો અભ્યાસ કરવા બદલ શ્રી મીનપિયાસીને ધન્યવાદ પાઠવું છું.

(અમદાવાદ) —સુશ્રુત પટેલ

અંક ૪૮૪માં (પાન ૧૫૫)ના ડૉ. શિવપ્રસાદના લખાણના અનુસંધાનમાં :

વિટામીન 'સી' સૌ પ્રથમ અમેરિકાની પિટસબર્ગ યુનિવર્સિટીના પ્રાધ્યાપક વાધ (Waugh) અને તેમના સાથીદાર ચાર્લ્સ કિંગે (Charles King) ૧૯૩૧માં લીંબુમાંથી જુદું પાડ્યું. માનવના 'adrenal cortex માંથી સેંત ગ્યૉર્ગ્યાઇએ (Szent Gyorgyi) ૧૯૨૮માં વિટામીન 'સી'–હેક્ઝ્યુરૉનિક ઍસિડ $C_6H_8O_6$ (hexuronic acid) તરીકે સૌ પ્રથમ છૂટું પાડેલું, પણ હૅવર્થે (Haworth) તેને પ્રયોગશાળામાં બનાવી ઍસ્કૉર્બિક ઍસિડ નામ આપ્યું.


પ્રા. જે. જે. ચિનૉયે (અધ્યક્ષ, વિજ્ઞાનવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી) મૂળભૂત અને પ્રયોજિત દેહધર્મવિદ્યાના સંશોધનથી સાબિત કર્યું છે કે પુષ્પ-ઉત્પત્તિમાં ઍસ્કૉર્બિક ઍસિડ અગત્યનો ભાગ ભજવે છે. તે એક 'વૃદ્ધિ અને વિકાસ નિયામક' છે. વનસ્પતિના કોષમાં એનું સંશ્લેષણ સુક્રોઝ(sucrose)-માંથી થાય છે. ઈન્ડોલ ઍસેટિક ઍસિડ (Indole acetic acid) આ સંશ્લેષણક્રિયામાં એક ઉત્પ્રેરકનું કામ કરે છે અને ઍસ્કૉર્બિક ઍસિડના ઉત્પાદનનો વેગ ઘણો તીવ્ર બનાવે છે. પરિણામે વનસ્પતિની વૃદ્ધિ અને વિકાસના વેગો પણ ત્વરિત બને છે અને પ્રકાંડ અગ્રપાત અવસ્થા (vegetative state) માંથી નીકળીને વિકાસ અવસ્થા (developmental state)માં પ્રવેશે છે. આથી વનસ્પતિ પર ફૂલ આવે છે.

(અમદાવાદ) —સી. કે. શાહ

મે અંકમાં 'તું મળી' કાવ્ય છે તેનો છંદ 'વંશસ્થ' નહિ પણ 'મૃદંગ' જોઇએ. 'કુમાર'ના કાવ્યવિભાગમાં ઉમાશંકર જોશી તથા નિરંજન ભગત નથી દેખાતા તેથી ઊગતા ભાવકને ખોટ જતી હશે એમ આપને નથી લાગતું?

(ચિત્તલ) —પ્રતાપરાય

અગાઉ 'કુમાર'ના અંકો સાચવવા માટે ખાસ બનાવેલી ફાઇલો વિષે વાંચેલું, તેમાં ફાઇલની પીઠ પરથી દોરીઓ પસાર થવાનું નિવારી શકાય તેમ ન હોવાનું જણાવ્યું હતું. પણ હું જે રીતે અંકો બાંધું છું તે રીતે એ મુશ્કેલી નિવારી શકાય. (અનુ. પૃ. ૨૫૪મે)



જવાહરલાલ પોતાના ટેબલ પર

નેહરુ ખૂબ સખત પરિશ્રમ કરનાર વ્યક્તિ હતા. એમની પાસે પણ સૌની જેમ ચોવીસ જ કલાકનો દિવસ હતો, પણ બીજા જે કામ કરવામાં દિવસો લગાડે તે આ ચોવીસ કલાકની મર્યાદામાં તે પૂરાં કરી દેતા. ખૂબ જ કાર્યદક્ષ, નિયમિત અને પદ્ધતિસર કામ કરનાર નેહરુને નિષ્કાળજી અને આળસ સામે રોષ હતો. કામ પ્રત્યેની સતત નિષ્ઠા માટે તે અજોડ વ્યક્તિ હતા.



જીવનસાથી
ચિત્રકાર · સોમાલાલ શાહ

એક યુગનો અંત

જવાહરલાલ નેહરુ આપણી પેઢીની એક સૌથી મહાન વ્યક્તિ હતા. માનવમુક્તિ કાજે જેમની સેવા અવિસ્મરણીય છે એવા એક અગ્રગણ્ય રાજપુરુષ હતા. સ્વાતંત્ર્યજંગના સૈનિક તરીકે તેઓ તેજસ્વી હતા, તો આધુનિક ભારતના ઘડવૈયા તરીકે એમની સેવા અજોડ હતી. એમના જીવન અને કાર્યે આપણા માનસ પર, સમાજ-રચના પર અને બૌદ્ધિક વિકાસ પર પ્રગાઢ પ્રભાવ પાડયો છે. નેહરુના સક્રિય અને સર્વવ્યાપી નેતૃત્વ વિનાના ભારતની કલ્પના કરવી આપણે માટે મુશ્કેલ છે. આપણા દેશના ઇતિહાસનો એક યુગ આથમી ગયો છે.

એક માનવી તરીકે, જવાહરલાલમાં વિશાળ અને ઉદાર ભાવાવેગો સાથે મનની નાજુક સંવેદનશીલતા અને લાગણીની વિરલ નજાકતનો સમન્વય સધાયો હતો. નિર્બળ અને નિરાશ જનો માટે એમના હૃદયમાં અપાર સહાનુભૂતિ ઊભરાતી.

આ દેશમાં આઝાદીની ઉષા પ્રગટી ત્યારથી જ તેઓ દેશના પ્રધાનમંત્રીપદે રહ્યા હતા, ને પોતાના એ પદના લાંબા ગાળા દરમ્યાન એમણે આપણા દેશને પ્રગતિશીલ, વૈજ્ઞાનિક, ક્રિયાશીલ અને બિનકોમી ભૂમિકા પર મૂકવાનો પુરુષાર્થ કર્યો. માનવજીવનમાં ઉચ્ચ સ્તર લાવવા માટે તે ઝઝૂમ્યા અને સામાન્ય માનવીને સમજવા માટે પોતાના આદર્શોને બાળીને ખાખ કરી નાખ્યા. પોતાની શક્તિશાળી અને સ્પંદનશીલ વાણી (જે આપણે હવે સાંભળી શકવાના નથી) દ્વારા ભારતીય જનોની એક આખી પેઢીનું એમણે નિર્માણ કર્યું, ઘડતર કર્યું તેમજ તેને પ્રેરણા આપી, અને પોતાને પ્રાણપ્રિય એવા સિદ્ધાંતો પ્રત્યે એનામાં નિષ્ઠા પ્રગટાવી.

એશ અને આરામના જીવનમાં ઊછર્યા હોવા છતાં એમણે રાષ્ટ્રીય લડતમાં ઝંપલાવ્યું હતું અને ગાંધીજી પછીના બીજા જ મહાન નેતા બન્યા હતા. આપણી રાષ્ટ્રીય લડતમાં અને ૧૯૪૭માં ભારતના ભાવિની આખરી પતાવટમાં એમણે ભજવેલો કાર્યભાગ તો ભારતીય ઇતિહાસની તાજી જ બીના છે.

નેહરુને હમેશાં પ્રતીતિ હતી કે ભારતને દુનિયાનાં અન્ય રાજ્યોથી અલગ તારવીને જોઈ ન શકાય. આઝાદી આવી તે પહેલાં પણ તે કહેતા કે ભારતનો પ્રશ્ન જગતભરની પદદલિત પ્રજાઓની ઝુંબેશનો અને સંસ્થાનવાદ સામેની લડતનો એક ભાગ માત્ર છે. તેમને સ્વતંત્રતા માટે પોતાના જ દેશ પૂરતી નહિ પરંતુ જગતભરની પ્રજાઓ માટે પણ પ્રીત હતી. તેથી તેઓ આફ્રિકા, એશિયા અને દક્ષિણ અમેરિકામાં ચાલેલી આઝાદીની ઝુંબેશો પ્રત્યે અનુમોદન અને સહાનુભૂતિ દાખવતા. વર્ગ, જાતિ કે દેશના કશા ભેદભાવ વિના તે સર્વ લોકોને આઝાદી મળવી જોઈએ એવું માનતા.

વિશ્વશાંતિ અને એકવિશ્વનાગરિકત્વના તો તેઓ મહાન સમર્થક હતા. સંયુક્ત રાષ્ટ્રના હક્કપત્ર પ્રત્યે નેહરુ કરતાં વધુ શ્રદ્ધા કોઈએ પણ પ્રદર્શિત કરી નથી. એમણે જોયું કે આ અણુયુગમાં તો યુદ્ધ વડે સંસ્કૃતિનાં સઘળાં મૂલ્યોનો નાશ થઈ જશે. તેથી તેમને ખાતરી થઈ ચૂકી હતી કે ખેંચતાણમાં ચૂંથાએલી દુનિયામાં મુત્સદ્દીઓનું કર્તવ્ય હવે અથડામણો અને માનસિક ત્રાસ હળવો કરવામાં અને પરસ્પર બાંધછોડ અને સમજૂતી સાધવામાં સમાએલું છે. અનેક આંતરરાષ્ટ્રીય પ્રશ્નોમાં એમનો અવાજ મૈત્રી અને શાંતિનો હતો, અને એમનો અવાજ હમેશાં આદરપૂર્વક સાંભળવામાં આવતો.

એમની જ હિંમત, ડહાપણ અને પ્રતિભા વડે આ દેશમાં એકતા જળવાઈ રહી છે, અને આપણે જો ટકી રહેવું હોય તો આપણા અંતરમાં એમનાં આ લક્ષણો ઉતારવાં જોઈએ.

એમનો વિચાર કરતાં, માનવકુળના એક મહાન ઉદ્ધારક તરીકે તેમજ રાજકીય બંધન, આર્થિક ગુલામી, સામાજિક જુલમ અને સાંસ્કૃતિક બંધિયારપણામાંથી માનવીના માનસના મુક્તિદાતા તરીકે જેણે સમગ્ર જીવન ખર્ચી નાખ્યું એવી મહાન વિભૂતિ રૂપે આપણને એમનું દર્શન થાય છે.

એમની ખોટ માટે વિલાપ કરતા પાછળ રહેલા આપણે સૌ એમના પ્રિય એવા આદર્શો સિદ્ધ કરવા પ્રયત્ન કરીએ. એ જ આપણી સર્વશ્રેષ્ઠ અંજલિ હોઈ શકે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

જવાહરલાલ નેહરુ
ચરિત્ર-ચિત્ર

જવાહરલાલની જીવનકથા ભારતવાસીઓને કહી સંભળાવવાની હોય નહિ. છેલ્લા ત્રણેક દાયકાથી તો એમની સાથોસાથ હિંદની આ પેઢીનું હૃદય ધબકતું રહ્યું છે. અને એમણે સ્વમુખે જે આત્મકથા (૧૪ ફેબ્રુ૦ ૧૯૩૫ સુધીની) કહી છે એમાંયે પોતાના ઘડતરની કથા કરતાં જાણે આ દેશના સ્વાતંત્ર્યસંગ્રામની એ કાળની તવારીખની જ કથા મોટા ભાગે છે. એટલે, એમના પૂર્વજીવનનું દર્શન કરાવતાં ચિત્રો સાથેનાં અવતરણો તથા તે પછીની મજલના મુખ્ય માર્ગસ્તંભો દર્શાવતાં ચિત્રોને જ એ કથા અહીં કહેવા દીધી છે—બન્યું ત્યાં સુધી એમના જ શબ્દોમાં.



← એક વર્ષની વયે: ૧૮૯૦

અમે મૂળ કાશ્મીરી. બસો વર્ષ પહેલાં, અમારા એક વડવા કીર્તિ અને ધન કમાવા કાશ્મીરની પહાડી ખીણમાંથી નીચેનાં ફળદ્રુપ મેદાનોમાં ઊતરી આવેલા. ઓરંગઝેબ પછીની મુઘલ સામ્રાજ્યની પડતીના એ દિવસો હતા. ફરૂખશિયર તે વખતે બાદશાહ હતો. આમ પ્રથમ ઊતરી આવનાર અમારા વડવાનું નામ રાજ કૌલ હતું. એણે આખા કાશ્મીરમાં સંસ્કૃત અને ફારસીના વિદ્વાન તરીકે નામના મેળવેલી. એ અરસામાં ફરૂખશિયર કાશ્મીર આવ્યો ત્યારે રાજ કૌલ તરફ આકર્ષાયો. અને ઘણે ભાગે તેની જ ઈચ્છાથી એ કુટુંબ શાહી રાજધાની દિલ્હીમાં આવી વસ્યું. ઈ. ૧૭૧૬ની આસપાસની આ વાત. એક નહેરને કાંઠે થોડી જમીન ને એક મકાન રાજ કૌલને બક્ષિશમાં મળ્યાં. ઘર નહેરને કાંઠે હતું, એટલે એ ઘરવાળાના નામને નેહરુ શબ્દ લાગ્યો.

મારા પરદાદા લક્ષ્મીનારાયણ નેહરુ દિલ્હીના બાદશાહના (નામના જ રહેલા) દરબારમાં 'સરકાર કંપની'ના પહેલા વકીલ બન્યા. મારા દાદા ગંગાધર નેહરુ સત્તાવનના બળવા પહેલાં કેટલોક વખત દિલ્હીના કોટવાલ હતા. ઈ. ૧૮૬૧માં ૩૪ વર્ષની નાની ઉમરે એ ગુજરી ગયા.

સત્તાવનના બળવાએ દિલ્હી સાથેના અમારા સંબંધનો અંત આણ્યો અને ત્યાંથી હિજરત કરી જનારાઓ સાથે મારું કુટુંબ પણ ભળ્યું ને આગ્રા આવ્યું. કેટલાંક વરસો સુધી અમારું કુટુંબ આગ્રામાં જ રહ્યું. અહીં મારા પિતાશ્રીનો જન્મ ઈ. ૧૮૬૧ની છઠ્ઠી મેના રોજ થયો.

મારા મોટા કાકા નવી જ સ્થપાએલી વડી અદાલતમાં વકાલત કરતા; ને એ અદાલત આગ્રાથી અલ્લાહાબાદ આવી ત્યારે આખું કુટુંબ અલ્લાહાબાદ આવ્યું. ત્યારથી અલ્લાહાબાદ જ અમારું ઘર થયું ને ત્યાં જ ઘણાં વર્ષ પછી મારો જન્મ થયો.

મારો જન્મ ઈ. સ. ૧૮૮૯ના નવેમ્બરની ૧૪મી તારીખે અથવા સંવત ૧૯૪૬ના માગશર વદ સાતમે અલ્લાહાબાદમાં થએલો. સુખી ઘરનો એકનો એક દીકરો મોઢે ચડાવેલો જ હોય...શરૂનાં વર્ષોમાં હું એકલવાયો જ ઊછર્યો. મારી ઉમરનો કોઈ સાથી મારે ન હતો. નિશાળના ગોઠિયાઓ પણ કોઇ ન હતા, કેમકે મને કોઇ કિંડરગાર્ટન (બાળમંદિર) કે કોઈ પાઠશાળામાં મૂકવામાં નહોતો આવ્યો. ઘરમાં મારી સાથે રહી મને શીખવનાર શિક્ષિકા અથવા બહારના ખાનગી શિક્ષકો દ્વારા મને કેળવણી મળે છે એમ મનાતું.

પિતા પ્રત્યે મને ખૂબ માન હતું. મને તો તેઓ બળ, હિંમત ને હોશિયારીની મૂર્તિ લાગતા. બીજા બધા એમની સરખામણીમાં તુચ્છ લાગતા. એમનો પિત્તો ઊકળતો જોતો ત્યારે હું ભયથી ધ્રૂજી ઊઠતો. પાછલાં વર્ષોમાં પણ એવો વિકરાળ મિજાજ મેં કોઇનો જોયો હોય એમ મને યાદ નથી. સારે નસીબે એમની વિનોદવૃત્તિ તીવ્ર હતી. વજ્ર જેવા સંકલ્પબળને લીધે સામાન્ય રીતે તેઓ પોતા ઉપર કાબૂ રાખી શકતા. ઉમર થતી ગઈ તેમતેમ તેમની સંયમશક્તિ પણ વધતી ગઈ.



પિતા મોતીલાલ અને માતા સ્વરૂપરાણી સાથે



ઈ. ૧૮૯૪માં

માની મને જરા ય બીક નહોતી. હું જાણતો કે હું ગમે તે કરું તો પણ એ કૈં જ નહિ બોલે. અને આ એના અત્યંત અને આંધળા પ્રેમને લીધે હું એના પર થોડી શિરજોરી પણ ચલાવતો. પિતા કરતાં વધારે સમય માતા સાથે જ મારો જતો, એટલે તેની સાથે હું વધારે નિકટતા અનુભવતો. મા બહુ એકવડા કદનાં ને નીચાં હતાં. એના સૌંદર્ય પર હું મુગ્ધ હતો.

હું દસ વર્ષનો થયો ત્યારે મારા પિતાએ ઘર બદલી નવું મોટું ઘર લીધું અને તેનું નામ 'આનંદભવન' રાખ્યું. આ ઘરને એક મોટો બાગ અને એક સ્નાનકુંડ હતો. તેથી હું થોડા વખતમાં તરતાં શીખ્યો.

આ વેળા બૉર લડાઈ ચાલતી હતી. એની ખબરોમાં મને રસ પડતો, તેથી મેં વર્તમાનપત્રો વાંચવાની શરૂઆત કરી. એવામાં ઘરમાં એક એવી ઘટના બની કે મારું મન બીજી બધી વાતોમાંથી નીકળી તેમાં પરોવાયું. એ ઘટના મારી બહેન સ્વરૂપ(વિજયાલક્ષ્મી)નો જન્મ.

.ારી અગિયારેક વર્ષની વયે મારે માટે ફર્ડિનાન્ડ ટી. બ્રૂક્સ નામે શિક્ષકને ઘરમાં રાખવામાં આવ્યા, એટલે હું એની દેખરેખ તળે આવ્યો. એ ચુસ્ત થીઓસૉફિસ્ટ હતા. ત્રણેક વર્ષ એની દેખરેખ નીચે રહેવાથી ઘણી રીતે મારા પર એની પુષ્કળ અસર પડી.

એમણે મારામાં વાંચવાનો શોખ ઉત્પન્ન કર્યો અને મેં પુષ્કળ અંગ્રેજી પુસ્તકો વાંચી નાખ્યાં. બાળકો ને કુમારો માટેનું સાહિત્ય મેં સારીપેઠે વાંચ્યું. લૂઈ કૅરૉલ ને કિપ્લિંગનાં પુસ્તકો મને બહુ ગમતાં. 'ડૉન ક્વિહોટે'માંનાં ગુસ્તાવ દોરેએ ચીતરેલાં ચિત્રો મને આકર્ષક લાગતાં, અને ફ્રિજૉફ નાન્સેનના 'ફાર્ધેસ્ટ નૉર્થ' પુસ્તકે તો મારે માટે સાહસનો એક નવો જ પ્રદેશ મોકળો કર્યો. સ્કૉટ, ડિકન્સ અને થૅકરેની ઘણી નવલકથાઓ, એચ. જી. વેલ્સની સાહસકથાઓ, માર્ક ટ્વેનની વિનોદકથાઓ અને શૅરલૉક હોમ્સની ગુપ્તચરકથાઓ વાંચ્યાનું મને યાદ છે. 'પ્રિઝનર ઑવ ઝેન્ડા' મારા મગજમાંથી નીકળતું નહોતું ને હાસ્યરસમાં તો મારે મન જેરોમ કે. જેરોમની 'થ્રી મેન ઈન એ બોટ'ની બરાબરી કરી શકે એવું કૈં ન હતું. કાવ્યો તરફ પણ રુચિ પેદા થઇ, જે હજી ય અમુક અંશે ચાલુ છે ને મારી જિંદગીમાં થએલી અનેક નવાજૂની છતાં જીવંત છે.

બ્રૂક્સે વિજ્ઞાનની ખૂબીઓમાં પણ મને ચંચુપાત કરાવ્યો. અમે એક નાનકડી પ્રયોગશાળા બનાવી લીધી હતી, અને ત્યાં પ્રાથમિક પદાર્થવિજ્ઞાન તથા રસાયનના પ્રયોગોમાં હું કલાકોના કલાકો સુધી લીન રહેતો.

ઉપરાંત, એક બીજી વસ્તુની પણ બ્રૂક્સે મારા ઉપર કૈંક કાળ સુધી ભારે અસર પાડી. આ વસ્તુ હતી થીઓસૉફી. એના ઓરડામાં દર અઠવાડિયે થીઓસૉફિસ્ટ મિત્રો આવે, તેમની બેઠકો થાય, તેમાં હું જાઉં. ત્યાં અનેક તત્ત્વચર્ચા થતી. પુનર્જન્મ વિષે, સૂક્ષ્મ અને



કુમાર વયે

↓ પોતાની પહેલી બહેન સ્વરૂપ (વિજયાલક્ષ્મી) સાથે





ડાબી બાજુ
યજ્ઞોપવીત
વખતે
ઈ. ૧૯૦૨માં

નીચે:
ઇંગ્લંડમાં
હૅરોની શાળામાં
દાખલ થયા ત્યારે
શુમારે ઈ. ૧૯૦૬

દિવ્ય શરીર વિષે, દિવ્ય પુરુષોની આસપાસ દેખાતા તેજોમંડળ વિષે, અને કર્મના સિદ્ધાન્ત વિષે પણ વાતો ચાલતી. હિંદુ ધર્મશાસ્ત્રો અને બૌદ્ધ ધર્મશાસ્ત્ર પણ ચર્ચાતાં. જીવનમાં પ્રથમ વાર ધર્મ અને પરલોક વિષે હું ધ્યાનપૂર્વક અને જ્ઞાનપૂર્વક વિચારવા લાગ્યો. હિંદુધર્મનું મૂલ્ય મારે મન વધી ગયું — કર્મકાંડ અને આચાર-વ્યવહારનો ભાગ નહિ, પણ એના મહાગ્રંથો, ઉપનિષદો અને ભગવદ્‌ગીતા. હું એ સમજતો એમ તો નહિ, પણ મને એ અદ્‌ભુત લાગતાં. હું સૂક્ષ્મ શરીરોનાં સ્વપ્નો જોતો અને અનંત આકાશમાં ઊડતો હોઉં એવી કલ્પના કરતો.

એ દિવસોમાં શ્રીમતી ઍની બેસંટ અલ્લાહાબાદ આવેલાં અને થીઓસૉફી ઉપર એમણે અનેક ભાષણો આપેલાં. એમની વાક્‌છટાની મારા પર ઊંડી અસર થતી, અને એમનાં ભાષણો સાંભળી હું અંજાએલા જેવો, અને જાણે સ્વપ્નગ્રસ્ત થઈને પાછો ફરતો. મેં થીઓસૉફિકલ સોસાએટીમાં જોડાવાનો નિશ્ચય કર્યો: જોકે મારી ઉમર તો તે વેળા માત્ર તેર વર્ષની હતી. શ્રીમતી બેસંટે જ મને દીક્ષા આપવાની ક્રિયા કરી. આ દીક્ષા એટલે સદુપદેશ અને કેટલાંક ગૂઢ ચિહ્નોની ઓળખ. મારો હરખ માતો ન હતો. બ્રૂક્સ સાથેનાં એ વર્ષોની મારા પર ઊંડી અસર પડી હતી, અને મને લાગે છે કે હું બ્રૂક્સ ને થીઓસૉફી બંનેનો ઋણી છું.

બીજી જે એક ઘટનાની અસર મારા પર થએલી મને યાદ છે તે રશિયા અને જપાન વચ્ચેની લડાઈ. જપાનની જીતોની વાતો સાંભળતો ત્યારે મારા ઉત્સાહનો પાર ન રહેતો. જપાન વિષે અનેક પુસ્તકો ખરીદ્યાં. પ્રાચીન જપાનની વીરરસભરી કથાઓ મને ગમતી અને લાફકેડિયો હર્નનું મધુરું ગદ્ય મને ગમતું. રાષ્ટ્રીયતાના વિચારો મારા મનમાં ઊભરાવા લાગ્યા. હિંદના સ્વાતંત્ર્યના અને યુરોપની ગુલામીમાંથી એશિયાની મુક્તિના વિચારો મને આવવા લાગ્યા.

ઈ. ૧૯૦૫ના મે માસમાં મારી પંદર વર્ષની ઉમરે અમે ઇંગ્લંડ જવા ઊપડ્યાં: મારાં માતાપિતા, મારી નાનકડી બહેન અને હું... હૅરોની શાળામાં મને મૂકીને કુટુંબ યુરોપના પ્રવાસે નીકળ્યું... શાળાના જીવનમાં હું ઠીકઠીક ગોઠવાઈ ગયો. છતાં હું સૌમાં કદી સંપૂર્ણ રીતે તો ભળી શકતો જ નહિ... હૅરોને હું ટેવાઈ ગયો અને મને એ સ્થાન ગમવા લાગ્યું. અને છતાં મને એમ લાગતું કે આ શાળા મારે માટે બહુ નાનકડી જગ્યા છે.

ઈ. ૧૯૦૬ અને ૧૯૦૭માં આખો વખત હિંદથી આવતા ખબરથી મારું મન ચકડોળે ચડતું. બંગાળ, પંજાબ અને મહારાષ્ટ્રમાં ભારે ઘટનાઓ બનતી હતી. લાલા લજપતરાય અને સરદાર અજિતસિંહને દેશપાર કરવામાં આવ્યા હતા. બંગાળમાં તો મોટો ખળભળાટ મચ્યો લાગતો હતો. તિલકનું નામ પૂનાના તારોમાં વારંવાર આવતું અને સ્વદેશી તથા બહિષ્કારના પણ ખબર આવતા.

શાળામાં સારા અભ્યાસ માટે મને એક વાર જી. એમ. ટ્રેવેલીનનું લખેલું ગૅરીબાલ્ડીનું ચરિત્ર ઈનામમાં મળ્યું હતું. એણે મને ચકિત કર્યો. હિંદમાં એવાં પરાક્રમ કરવાનાં સ્વપ્ન મને આવવા લાગ્યાં. આવા વિચારો માટે હૅરોની શાળા મને બંધિયાર વાડા જેવી લાગવા માંડી, ને યુનિવર્સિટીના વિશાળ મેદાનમાં જવાને મારું મન તલસવા લાગ્યું.

કેમ્બ્રિજ; ટ્રિનિટી કૉલેજ; ૧૯૦૭ના





હૅરોમાં - કડેટના યુનિફૉર્મમાં

ઑક્ટોબર મહિનાની શરૂઆત; મારી ઉમર સત્તર અથવા લગભગ અઢાર. હવે અંડર ગ્રૅજ્યુએટ થયો એટલે હૅરો કરતાં વધારે સ્વતંત્રતા તો મળી જ. કૅમ નદી ઉપર આવેલા કેમ્બ્રિજની આ કૉલેજમાં શાંત, અક્ષુબ્ધ, મંદગતિ કૅમ નદીની જેમ, ધીમેધીમે વહેતાં ત્રણ વર્ષ મેં ગાળ્યાં. મારા વિષયો રસાયનશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, ને વનસ્પતિશાસ્ત્ર હતા. મારી બુદ્ધિનું ક્ષિતિજ ધીમેધીમે વિશાળ થવા લાગ્યું. ત્યારે હું વીસ વર્ષનો હતો.

કેમ્બ્રિજનાં વર્ષો આનંદમાં ગયાં. પુષ્કળ મિત્રો કર્યા, અભ્યાસ કર્યો, ખેલ્યો. કેમ્બ્રિજમાં અથવા રજામાં લંડન અને બીજે સ્થળે મળનારા ઘણા જણ પુસ્તકો, ઇતિહાસ, રાજકારણ અને અર્થશાસ્ત્ર વિષે જ્ઞાનભરી વાતો કરતા. હું પણ પુસ્તકો વાંચીને એમાં પાવરધો થતો ગયો. આમ નિત્શે, બર્નાર્ડ શૉનાં નાટકોના ઉપોદ્‌ઘાતો, લોઝ ડિકિન્સનનાં છેલ્લામાં છેલ્લા પુસ્તક વગેરેની ચર્ચા ચાલે.

સ્ત્રીપુરુષ-સંબંધ અને નીતિ વિષે પણ અમે મદોન્મત્ત થઇને વાતો કરતા અને એ વિષે લખનારા લેખકો—બ્લૉક, હેવલૉક એલિસ, એબિન અને વાઇનિંગરની ચર્ચા કરતા. પણ આ બડાશભરી વાતો છતાં અમારામાંના ઘણાખરા જ્યારે સ્ત્રીપુરુષ-સંબંધની વાતો આવતી ત્યારે કૈંક ભીરુતા દાખવતા.

એ વેળા એક પ્રકારના રસિક જીવન તરફ મારું વલણ કહી શકાય. આનું કારણ કાંઈક તો યુવાવસ્થા, અને કાંઈક અંશે ઑસ્કાર વાઇલ્ડ તથા વૉલ્ટર પૅટરની અસર. અને છતાં વિલાસી જીવન ભોગવવાનો મને ખાસ શૉખ હતો એમ ન કહેવાય. જીવનની સૌંદર્યમય બાજુનું મને આકર્ષણ રહેતું. આબરૂભરીરીતે રહેવું, ન શોભે એવી રીતે કદી ન વર્તવું, છતાં જીવનમાંથી જેટલો રસ ચુસાય તેટલો ચૂસવો, અને સંપૂર્ણ તથા અનેકરંગી જીવન ગાળવું મને ગમતું. જીવનની મજા માણતાં મને કદી એમ નથી થયું કે એમાં કશું પાપ છે.

બીજી તરફથી, જોખમો ખેડવાનો અને સાહસો ઉઠાવવાનો મને મોહ હતો. હમેશાં મારા પિતાની જેમ હું કાંઈક જુગારી તો રહ્યો જ. એક વાર ધનથી બાજી ખેલી, અને પાછળથી જીવનના મહા આદર્શોને માટે તન, મન અને ધન ત્રણેથી બાજી ખેલી. હિંદનાં રાજકાજમાં ૧૯૦૭-૮માં ભારે ઊથલપાથલ હતી, ને મારે તો તેમાં શૂરાની જેમ ઝૂઝવું હતું, એટલે એશઆરામની આશા રાખવી વ્યર્થ હતી. આમ આ બધી મિશ્ર ને પરસ્પર વિરોધી ઇચ્છાઓએ મારા મનને ચકડોળે ચડાવી મૂક્યું.

રોજ દૃષ્ટિની મર્યાદા વિશાળ અને વિશાળ થયે જતી હતી. ઘણું યે કરવાનું હતું, ઘણું યે જોવાનું હતું, અને અનેક અણખેડાએલા પ્રદેશો ખેડવાના હતા. આ બધા વિષયોની નિરાંતે ચર્ચા કરતાંકરતાં શિયાળાની અમારી લાંબી રાતો ઘણીખરી સગડી આગળ વીતી જતી, ને આખરે કોલસા ઠરવા આવે એટલે ધ્રૂજતાથથરતા અમે પથારીમાં ઘૂસી જતા.

કેમ્બ્રિજમાં હિંદી વિદ્યાર્થીઓનું 'મજલિસ' નામે એક મંડળ હતું. ત્યાં અમે ઘણી વાર રાજકીય પ્રશ્નો ચર્ચતા. હું એમાં ઘણી વાર જતો, પણ ત્રણ વર્ષમાં ભાગ્યે જ હું ત્યાં કદી બોલ્યો હોઈશ. મારી ભીરુતા અને આત્મવિશ્વાસના અભાવને હું જીતી નહોતો શક્તો. કૉલેજના 'મૅગપાઈ ઍન્ડ સ્ટમ્પ' નામના ચર્ચામંડળમાં પણ મને એ જ મુશ્કેલી નડતી. ત્યાં તો આખા સત્રમાં કદી ન બોલનાર સભ્યનો અમુક દંડ થાય એવો નિયમ હતો. ઘણી વાર મારે આ દંડ આપવો પડેલો.

વિજ્ઞાનના જે ત્રણ વિષયો મેં પસંદ કરેલા તેમાં સેકંડ ક્લાસ ઑનર્સ મેળવ્યા. ૧૯૧૦માં ડિગ્રી લઇને મેં કેમ્બ્રિજ છોડ્યું. ભવિષ્યમાં શી પ્રવૃત્તિ સ્વીકારવી એ પ્રશ્ન




કેમ્બ્રિજમાં ઈ. ૧૯૦૯માં
(મૂછોવાળો એકમાત્ર ફોટોગ્રાફ)

ઊભો થયો. ઇન્ડિયન સિવિલ સર્વિસ (આઇ. સી. એસ.)નો વિચાર થએલો ખરો, પણ એ વિષે ઉત્સાહ નહોતો. મારી ઉમર પણ એ પરીક્ષાને માટે હજી ઓછી હતી, વળી હું એમાં દાખલ થાઉં તો ઘરથી દૂરદૂરની જગ્યાએ મને મૂકવામાં આવે, અને એ વાત માતાપિતા સાંખી શકે એમ નહોતું; એટલે હું બૅરિસ્ટર થવા ઈનર ટૅમ્પલમાં દાખલ થયો.

પછીનાં બે વર્ષ હું લંડનની આસપાસ ભટક્યો. કાયદાના અભ્યાસમાં બહુ વખત ન

કેમ્બ્રિજ : ૧૯૧૦





પિતા-પુત્ર: અમીરી-ફકીરી

ઈ. ૧૯૨૦ પછી અમારી રહેણીકરણીમાં ફેરફાર થઈ ગયો...નોકરો બહુ ઓછા કરી નાખ્યા...ચાલુ ખર્ચ માટે પૈસા મેળવવા માટે પુષ્કળ વસ્તુઓ વેચી નાખી...મારા પિતાએ જંબુસરમાં ગાંધીજી સાથે મસલત કરીને અલ્લાહાબાદનું અમારું ઘર 'આનંદભવન' દેશને અર્પણ કરવાનો નિર્ણય કર્યો.



ઈ. ૧૯૨૯માં
લાહોર કૉંગ્રેસના પ્રમુખ થયા
અને સંપૂર્ણ સ્વાતંત્ર્યનો
ઠરાવ કરાવ્યો ત્યારે

ના શાંતિનિકેતન ગયાં. મેં પહેલાં શાંતિનિકેતન બે વાર જોયું હતું, કમલાની આ પહેલી જ મુલાકાત હતી; અને અમારી દીકરીને ત્યાં મૂકવાનું અમે વિચારતાં હતાં તેથી તે એ સ્થળ જોવા ખાસ આવી હતી. થોડા દિવસમાં ઇંદિરા મૅટ્રિકની પરીક્ષામાં બેસવાની હતી અને એના ભાવિ શિક્ષણનો પ્રશ્ન અમને મૂંઝવી રહ્યો હતો.

૧૯૨૭ના ડિસેમ્બરમાં મદ્રાસમાં મહાસભાની કાર્યવાહક સમિતિ સમક્ષ 'પૂર્ણ સ્વતંત્રતા', 'ભાવિ યુદ્ધનો ભય', 'સામ્રાજ્યવાદ વિરોધી સંઘ સાથેનો સંબંધ' વગેરે વિષે અનેક ઠરાવો મેં રજૂ કર્યા ને તે સર્વ એકમતે સ્વીકારાયા. વળી પાછો હું મંત્રી ચૂંટાયો.

લખનૌમાં મહાસભા સમિતિની બેઠક થઇ અને તેમાં છેક છેલ્લી ઘડી સુધી અમે બધા ધારતા હતા કે ગાંધીજી પોતાના નામની પસંદગીમાં સંમત થશે. પરંતુ છેક છેવટની ક્ષણે તેમણે મારું નામ આગળ કર્યું. આખરે સમિતિએ પ્રમુખ તરીકે મારી ચૂંટણી કરી.

ત્યારે મારી ઉંમર ચાળીસ વર્ષની હતી. ત્યારસુધીમાં હું કદાચ નાનામાં નાનો પ્રમુખ હતો. લાહોર મહાસભા મારી સ્મૃતિમાં તાજી જ રહી છે. પૂર્ણ સ્વરાજ તેમજ મુક્તિની લડત આગળ ધપાવવાને લેવાના ઉપાયો વગેરેનો ઠરાવ લગભગ એકમતે મંજૂર થયો.

ઈ. ૧૯૧૯માં, ૬ઠ્ઠી એપ્રિલ (સત્યાગ્રહ દિન)થી જલિયાંવાલા બાગની કતલના



જમણી બાજુ
ઈ. ૧૯૩૧માં
કુમાર કાર્યાલયમાં આવ્યા
ત્યારે પાડેલો ફોટોગ્રાફ

ડાબી બાજુ એ જ વખતે
કુમાર કાર્યાલયમાં શ્રી રવિશંકર
રાવળે કરેલો સ્કેચ, જેના ઉપર
એમણે સહી કરી આપી છે.





જતો અને બૅરિસ્ટર થવાની એક પછી એક પરીક્ષા હું ભારે કીર્તિ મેળવ્યા વિના પસાર કર્યે જતો હતો...રજાઓ દરમ્યાન હું યુરોપના પ્રવાસે નીકળતો. બાકી તો મારો વખત સામાન્ય વાચનમાં જતો. ફૅબિયન તેમજ સોશ્યલિસ્ટ વિચારો તરફ સહેજસાજ આકર્ષાયો હતો. એ કાળની રાજકીય હિલચાલોમાં રસ લેતો. આયર્લૅન્ડના અને સ્ત્રીઓના મતાધિકારના પ્રશ્નોમાં મને રસ પડતો.

૧૯૧૨ના ઉનાળામાં હું બૅરિસ્ટર થયો અને પછી શિયાળો આવતાં વિલાયતમાં સાત વર્ષ પૂરાં કરીને હિંદુસ્તાન આવ્યો. મારામાં કશી છત ન હતી, છતાં બહુ છતવાળો હોઉં એવો કૈંક ફાંકો લઇને હું મુંબાઈ ઊતર્યો.

મેં વકાલત કરવા માંડી, હાઇકોર્ટમાં જવા લાગ્યો. પણ આરંભનાં એ વર્ષોમાં હું મારી આસપાસના જીવનથી કંટાળ્યો. મારા હૈયાના બધા કોડ મારા ધંધા વડે પૂરી શકાય એમ ન હતું. હું મહાસભામાં જોડાયો. એની બેઠકોમાં વખતોવખત ભાગ લેવા લાગ્યો. કોઈ ખાસ પ્રસંગ ઊભો થતો ત્યારે એમાં હું પૂર જોશથી ઝંપલાવતો. પણ આવાં કામ કંઇ પૂરો સમય રોકી શકતાં નહિ.

ગાંધીજીને હું પ્રથમ મળ્યો ૧૯૧૫ની નાતાલમાં, લખનૌની મહાસભા વખતે. દક્ષિણ આફ્રિકામાં વીરતાથી ચલાવેલી એમની લડતને લીધે અમને સૌને એમને માટે માન હતું, પણ અમારામાંના ઘણા યુવકોને તેઓ બહુ દૂરવર્તી, અમારાથી ભિન્ન અને રાજપ્રકરણ-વિમુખ લાગતા. તે વેળા તેઓ મહાસભામાં કે રાજકારણમાં ભાગ ન લેતાં કેવળ દ૦ આફ્રિકાના હિંદીઓના પ્રશ્ન ઉપર જ ધ્યાન આપતા હતા. પણ આ પછી ચંપારણમાં ત્યાંના નીલવરોના કિસાનોના તરફથી એમણે લડત ઉઠાવી અને વિજય મેળવ્યો તેથી અમારી સૌની છાતી ફુલાઈ ગઈ. અમે જોઈ શક્યા કે પોતાનાં શસ્ત્રોનો પ્રયોગ હિંદુસ્તાનમાં કરવાની પણ એમની તૈયારીઓ છે અને એ પ્રયોગ સફળ થવાની વકી છે.

દિલ્હી શહેરમાં ૧૯૧૬માં વસંતપંચમીને દિવસે મારું લગ્ન (કમલા કૌલ સાથે) થયું.


પરણ્યાં ત્યારે મારી ઉંમર ૨૩ વર્ષની અને તેની સત્તર વર્ષની હતી. તે સાવ સૂકલી બાળા જેવી અને 'દુનિયાદારી'થી અનભિજ્ઞ હતી. અમારા માનસમાં મોટો ભેદ હતો. છતાં હું બહુ છોકરવાદ હતો, ને એ કોમળ લાગણીવશ બાળા. નજીવી બાબતમાં અમે લડી પડતાં ને થોડી જ વારમાં પાછાં મનાઈ જતાં. બંને ગરમ મિજાજનાં, લાગણીપ્રધાન અને સ્વાભિમાનનો છોકરવાદી ખયાલ રાખનારાં હતાં. છતાં અમારી વચ્ચેનો પ્રેમ વધતો ગયો. અમારાં લગ્ન પછી એકવીસ મહિને ઇંદિરા–અમારું એકનું એક બાળક જન્મી.

કુટુંબ સાથેની મારી ગાંઠ મજબૂત હતી છતાં હું કુટુંબ, પત્ની, પુત્રીને ભૂલ્યો હતો. બહુ લાંબે વખતે મને ખબર પડી કે મારી પત્નીએ મારા તરફ કેવી આશ્ચર્યકારક સહિષ્ણુતા દાખવી હતી. મારો બધો સમય ઑફિસો, કમિટીની બેઠકો અને ટોળાંઓમાં જતો.

૧૯૨૦ પછી મારી પત્ની જે અનુપમ ઉદારતાથી વર્તી તેથી મેં કેટલું મેળવ્યું છે એનો વિચાર કરું છું ત્યારે મને મારી પોતાની અયોગ્યતા વિષે શરમ છૂટે છે. તે માની હતી અને આળી ચામડીની હતી; તોપણ મારા બધા ઢોંગ સહન કરતી. હું થાકતો, કંટાળતો, ત્યારે મને તે રીઝવતી અને સાંત્વન આપતી.

૧૯૨૦ પછી અમારી રહેણીકરણીમાં ફેર થયો. એમાં વધારે સાદાઈ આવી. નોકરો બહુ ઓછા કરવામાં આવ્યા. ન જોઈતી ચીજો કાઢી નાખવા તેમજ અમારા ચાલુ ખર્ચ માટે પૈસા મેળવવા અમે પુષ્કળ વસ્તુઓ (ગાડી-ઘોડા વગેરે અમારા નવા જીવન સાથે ન ભળે એવી અનેક) વેચી નાખી. ફર્નિચર કેટલુંક પોલીસે જપ્ત કરી વેચી નાખ્યું. એ વિના ને માળીઓ વિના અમારું ઘર અગાઉના જેવું ઠાવકું ન રહ્યું. વાડી વેરાન થઇ ગઈ. ત્રણ વર્ષ થયાં ઘર કે વાડીને કશું ધ્યાન અપાયું ન હતું.

રાજાના પાટવી કુંવર હિંદુસ્તાન આવનાર હતા. મહાસભાએ તેની મુલાકાતના સંબંધમાં ગોઠવાએલાં સભા-સમારંભોનો બહિષ્કાર પોકાર્યો. એક દિવસ અલ્લાહાબાદની મહાસભાની કચેરીમાં મોડે સુધી બેસી ચડેલા કામનો હું નિકાલ કરતો હતો ત્યાં હાંફળાફાંફળા દોડતા આવી એક કારકુને ખબર આપી કે પોલીસ જડતીનો હુકમ લઇ આવી પહોંચી છે. ઘડીકમાં તો તાજા જ પકડાએલા એક મિત્ર ઑફિસ બહાર એક પોલીસની સાથે આવી મારી વિદાય માગવા ઊભા હતા. જાણે કશું બન્યું જ ન હોય તેમ મેં કહ્યુ: 'આટલો કાગળ લખું છું તે પૂરો કરું ત્યાં સુધી થોભો.' એટલામાં તો શહેરમાં બીજા પકડાવાની ખબર આવી. ઘેર જઇને જોયું તો ત્યાં યે સર્વવ્યાપી પોલીસનાં દર્શન થયાં. તેઓ મારા મોટા ઘરના કેટલાક ભાગની ઝડતી લેતા



ઉપર: ઇ. ૧૯૧૦માં
કેમ્બ્રિજમાંથી
સેકન્ડક્લાસ ઑનર્સ સાથે
'નૅચરલ સાયન્સિઝનો
ટ્રાઇપૉસ'
મેળવ્યો ત્યારે

ડાબી બાજુ:
લંડનના ઈનર ટૅમ્પલમાંથી
બૅરિસ્ટર-ઍટ-લૉ
થયા ત્યારે



કમલા કૌલ સાથે લગ્ન: ઈ. ૧૯૧૬



પત્ની તથા પુત્રી ઇંદિરા સાથે: ૧૯૧૮

હતા, અને મને ખબર પડી કે તેઓ પિતાજીને અને મને પકડવાને આવ્યા છે.

ડિસેમ્બર ૧૯૨૧ અને જાન્યુ૦ ૧૯૨૨ના બે મહિનામાં સવિનય ભંગની આ લડતમાં લગભગ ૩૦ હજાર કેદીઓ જેલમાં હશે એવી ગણતરી છે. મારા પિતા અને હું બન્ને જુદીજુદી કોર્ટ મારફતે જુદાજુદા ગુનાઓ માટે છ છ મહિનાની સજા ભોગવતા હતા. ત્રણ મહિના પછી સજાઓ ફરી તપાસનાર કોઈક અમલદારે ઠરાવ્યું કે મને અયોગ્ય સજા થઈ હતી એટલે મને છોડી મૂકવામાં આવ્યો. છ અઠવાડિયાં પછી, પરદેશી કાપડના પિકેટિંગનો રાહ અપનાવવા જતાં વેપારીઓને ધમકી આપવાના વગેરે આક્ષેપો મૂકી ફરી મારી ધરપકડ કરવામાં આવી અને જુદીજુદી મળી કુલ ૨૧ મહિનાની જેલ મને મળી...૧૯૨૩ના જાન્યુઆરી માસને છેલ્લે દિવસે લખનૌ જેલના બધા રાજદ્વારી કેદીઓને છોડી મૂકવામાં આવ્યા.

આ જ વખતે (૧૯૨૩) મારું મહાસભાનું કામ વધતું જતું હતું. પ્રાંતિક સમિતિના મંત્રીપદ ઉપરાંત અખિલ ભારત મહાસમિતિનું મંત્રીપદ મને આપવામાં આવ્યું. આવાં અનેક કામને અંગે મારે રોજ પંદરપંદર કલાક કામ કરવું પડતું.

૧૯૨૫ના શિયાળામાં મારી પત્ની સખત બીમાર પડી. ઘણા મહિના સુધી તેને લખનૌની એક ઇસ્પિતાલમાં રહેવું પડયું. વધુ ઉપચાર માટે એને સ્વિટ્ઝર્લૅન્ડ લઈ જવાની ભલામણ થઈ. હિંદુસ્તાન બહાર જવાનું મને પણ કોઈક બહાનું જોઈતું હતું.

૧૯૨૬ના માર્ચમાં મારી પત્ની અને હું મુંબાઈથી વેનીસ જવા નીકળ્યાં. અમારી સાથે એ જ સ્ટીમર ઉપર મારી બહેન (વિજયાલક્ષ્મી) અને બનેવી રણજીત પંડિત પણ હતાં.

૧૯૨૬માં બર્લિન જવાનું થયું. ત્યાં પીડિત પ્રજાઓની પરિષદ વિષે મને જાણ થઈ. એમાં ભાગ લેવા હિંદી મહાસભાના પ્રતિનિધિ તરીકે મારી નિમણૂક થઇ.

૧૯૨૭માં પિતા યુરોપ આવ્યા, તેમને હું વેનીસમાં મળ્યો. નવેમ્બરમાં સોવિયેત સરકારના દસમા જયન્તી-ઉત્સવને પ્રસંગે અમે બધાં—હું, પિતાશ્રી, મારી પત્ની ને મારી નાની બહેન મૉસ્કોની ટૂંકી મુલાકાત લઇ આવ્યાં.

૧૯૨૭માં યુરોપથી પાછા ફર્યા બાદનો સમય કામમાંથી નિવૃત્તિનો મારો પહેલો જ પ્રસંગ હતો. મારી પત્ની તથા પુત્રીની સાથે રહીને શાંતિથી કોઈ નિવૃત્તિનો સમય ગાળ્યો હોય તો તે આ જ. ત્યાર પછી એવા જ અનુભવનો બીજો પ્રસંગ મળ્યો નથી.

કલકત્તાથી અમે રવીન્દ્રનાથ ટાગોરને મળ-



બનેવી રણજિત પંડિત સાથે અલ્લાહાબાદ જેલમાં



પુત્રી ઈંદિરા સાથે ઇંગ્લંડમાં (જમણી બાજુ કૃષ્ણ મેનન)

દિવસ સુધીના એક અઠવાડિયામાં બની ગએલા બનાવોની સ્મૃતિ માટે,દર સાલ ઊજવવામાં આવતા રાષ્ટ્રીય સપ્તાહનો ૬ ઠ્ઠી એપ્રિલ એ પ્રથમ દિવસ છે. ૧૯૩૦માં તે દિવસે દાંડીને સમુદ્રકિનારે ગાંધીજીએ મીઠાના કાયદાના ભંગની શરૂઆત કરી ને તે પછી ત્રણ કે ચાર દિવસ રહીને એ જ રીતે પોતપોતાના વિભાગોમાં સવિનય ભંગ કરવાની બધાં મહાસભા મંડળોને પરવાનગી આપી.

કોઈ દાબી રાખેલી કમાન એકાએક છટકે તેવો સૌને અનુભવ થયો. દેશભરમાં જ્યાં ને ત્યાં મીઠું કેમ બનાવવું એ જ એકમાત્ર વાતનો વિષય બની ગયો. ઉત્સાહની પ્રચંડ ભરતી, તેમજ સૂકા ઘાસના બીડમાં દવ ફેલાઇ જાય તેમ મીઠું બનાવવાનો પ્રચાર ફેલાતો જોઇને, ગાંધીજીએ કાનૂનભંગને માટે એ ઉપાયની પ્રથમ સૂચના કરેલી ત્યારે તેની કાર્યસાધકતા વિષે અમે જે શંકા-કુશંકા કરી હતી તે બદલ હવે અમને શરમ ઊપજી. જનસમૂહ પર અસર પાડવાની તેમજ તેને વ્યવસ્થિત કાર્યમાં પ્રેરવાની એ પુરુષની અદ્‌ભુત કળા જોઇને અમે આશ્ચર્યચકિત થઈ ગયા.

મારા પિતાએ જંબુસરમાં ગાંધીજી સાથે મસલત કરીને અલ્લાહાબાદમાંનું અમારું ઘર (આનંદભવન) રાષ્ટ્રને અર્પણ કરવાનો ને તેનું નામ સ્વરાજભવન રાખવાનો નિર્ણય કરેલો. અલ્લાહાબાદ આવીને તેમણે એ વાત પ્રગટ કરી અને મહાસભાના અધિકારીઓને તેનો કબજો સોંપી દીધો. એ મોટા ઘરના એક વિભાગમાં ઇસ્પિતાલ ગોઠવવામાં આવી.

લગભગ સાત વર્ષના ગાળા પછી હું પાછો જેલ ગયો. નૈની સેન્ટ્રલ જેલમાં ૨૨૦૦ થી ૨૩૦૦ કેદીઓની વસ્તી માટેના મોટા વાડાથી મારે રહેવાનો વાડો અલગ હતો. જેલમાં એ 'કુત્તાઘર'ને નામે ઓળખાતો. જૂન મહિનાના છેલ્લે દિવસે પરોઢિયે હજી તો મારા પિતા સૂતા હતા ત્યાં એમને પકડીને નૈની જેલમાં લઈ આવ્યા. ઑગસ્ટમાં અમને યરવડા લઈ જવામાં આવ્યા. ત્યાં પિતાજીની તબિયત બહુ બગડી. ૮મી સપ્ટેમ્બરે એમને એ કારણે છોડી દેવામાં આવ્યા. અમે હવે પાછા નૈનીની જેલમાં આવી ગયા હતા. થોડા દિવસ પછી મારા બનેવી રણજિત પંડિત પણ અમારી બૅરેકમાં આવ્યા.

૧૧મી ઑક્ટોબરે મારી સજા પૂરી થઈ. કમલા ત્યારે અલ્લાહાબાદમાં મહાસભાના કાર્યમાં હતી. પિતાશ્રી મસૂરીમાં ઔષધોપચાર કરાવતા હતા. અલ્લાહાબાદમાં પ્રાન્તિક સમિતિમાં નાકરની લડત ચાલુ કરવાનો ઠરાવ કર્યો. ૧૩મી ઑક્ટોબરે હું અને કમલા મસૂરી ગયાં. ત્રણેક દિવસ પછી પાછાં ફર્યાં. માર્ગમાં જ ૧૪૪મી કલમ પ્રમાણેના હુકમ મારા પર બજવા માંડયા. એમાંથી છટકતાં અમે ૧૮મીએ અલ્લાહાબાદ પહોંચી ગયાં. કિસાન પરિષદમાં મેં ભાગ લીધો ને નાકરની લડતનો પ્રારંભ કરવાનો ઠરાવ કર્યો. ત્યાંથી ઘેર પિતાજી (જે ત્યાં પાછા આવી ગયા હતા)ને મળવા ઊપડયાં. તેઓ મને મળવા ઘણા આતુર હતા. પરંતુ લગભગ ઘરમાંથી જોઈ શકાય એટલે અંતરે અમે પહોંચ્યાં ને અમને રોકવામાં આવ્યાં. મારી ધરપકડ કરી ને ત્યાંથી જ બારોબાર, આઠ જ દિવસમાં પાછો હું મારા નૈનીના જેલવાસમાં પહોંચી ગયો! આ મારી પાંચમી વખતની જેલ હતી.

પિતાજીને આથી ઘણો આઘાત લાગ્યો ને એમણે નાકરની લડતનો બોજ પોતાને શિરે ઉપાડી લીધો. આથી એમની પ્રકૃતિ વળી વધુ બગડી. મેં એમને રંગૂન-સિંગાપુર સફર કરી આવવા વિનતિ કરી. તેઓ ઊપડયા, પણ માર્ગમાં કલકત્તામાં જ રોકાઈ જવું પડયું. ૧૯૩૧ના જાન્યુઆરીની પહેલી તારીખે કમલા પકડાઈ ગઈ. એના અંતરની એ ઊંડી ઇચ્છા તૃપ્ત થઈ. પણ એની નાજુક તબિયત પર જેલમાં ઘણાં કષ્ટ પડશે એના ખયાલથી મને કંઇક ભય પણ લાગ્યો.

કલકત્તામાં પિતાજીને આ વાતની ખબર પડતાં જ તેઓએ સફર રદ કરી. ૧૨મી જાન્યુઆરીએ મને જેલમાં મળવા આવ્યા ત્યારે એમને જોઇ મને ચિંતા થવા લાગી. ૨૬મીએ એમની સ્થિતિ ગંભીર થઈ જતાં મને છોડી મૂકવામાં આવ્યો. ફેબ્રુઆરીની ૬ઠ્ઠીએ એકાએક મેં જોયું કે તેમનો ચહેરો શાંત થઈ ગયો છે, ને તે ઉપરનો મંથનનો ભાવ અદૃશ્ય થઈ ગયો છે. તેઓ ઊંઘમાં પડયા છે એમ સમજી હું રાજી થયો. પણ મારી માતાની આંખ વધારે દેખતી હતી. એણે એક ચીસ પાડી! એ તો પિતાજીની છેવટની શાશ્વત નિદ્રા હતી!



ગાંધીજી તથા સરદાર સાથે મંત્રણામાં · ડાબી બાજુ છેડે પ્યારેલાલ નય્યર વાંચતા બેઠા છે.

દાક્તરોએ મને આરામ લેવા તથા હવા-ફેર કરવા આગ્રહ કર્યો. એટલે પાસેમાં પાસેના એવા લંકા જવાનું નક્કી કર્યું, અને હું કમલા તથા ઇન્દિરા ત્યાં ગયાં. ત્યાં અનુરાધાપુરની પ્રાચીન બુદ્ધમૂર્તિ મને ખૂબ ગમી. બુદ્ધ માટે મને હમેશાં ભારે આકર્ષણ રહ્યું છે. સાતેક અઠવાડિયે પાછા ફરી તરત જ મેં મહાસભાના રાજકારણમાં ફરી ઝંપલાવ્યું.

ડિસેમ્બર મહિનો હતો. મહાસભાના સ્વયંસેવકવિભાગ 'સેવાદળ'ને લગતા સમારંભો માટે હું કર્ણાટકમાં ગયો. કમલા ફરી માંદી પડી હતી તેની સારવાર માટે મુંબાઇમાં વ્યવસ્થા કરી. ગાંધીજી ગોળમેજીમાંથી આવી રહ્યા હતા, એમને મળવા અને ઈટાવાની પ્રાન્તિક પરિષદમાં ભાગ લેવા માટે કમલાને મુંબાઈમાં પથારીવશ છોડી અલ્લાહાબાદ ગયો. અમારી ગાડી ઈરાદતગંજ થોભી ત્યાં પોલીસ અમલદારો આવ્યા ને રેલવે લાઇનની બાજુમાં જ તૈયાર રાખેલી મોટરમાં અમને ઉપાડ્યા. ચાલ્યા પાછા જેલમાં!

૪ થી જાન્યુઆરીએ મને બે વરસની કેદ ને ૫૦૦ રૂપિયા દંડ અથવા વધુ છ માસની જેલની સજા થઈ. ૧૯૩૩ના જાન્યુઆરીમાં મારા લગભગ બધા સાથીઓ છૂટી ગયા. ત્યાર પછી ઑગસ્ટની આખરે હું છૂટ્યો ત્યાં સુધી દેહરાદૂનની જેલમાં મેં એકાંતવાસ ગાળ્યો.

મને બહુ સૂનકાર લાગતું. હું દરરોજ થોડું કાંતતો, પણ મારો મુખ્ય વ્યવસાય વાંચવા-લખવાનો જ હતો. મારી દીકરીને મેં ઇતિહાસ ઉપર જે પત્રો ('જગતના ઇતિહાસનું રેખાદર્શન') લખ્યા છે તેમાં મારી બે વરસની સજાનો ઘણો ભાગ ગયો. મારું માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખવામાં એની મદદ મને ઘણી થઈ. ૨૩ મી ઑગસ્ટે દેહરાદૂન જેલમાંથી મને ખસેડવામાં આવ્યો. દોઢેક વર્ષે હું નૈની જેલમાં પાછો આવ્યો. એટલામાં મારાં માતુશ્રીની એકાએક માંદગીના અને એમને ઇસ્પિતાલમાં ખસેડ્યાના સમાચાર આવ્યા. એમની સ્થિતિ ગંભીર હતી એટલે બાકીના તેર દિવસની માફી આપી મને છોડી મૂક્યો.


પાંચ માસ અને તેર દિવસ પછી ફરી મારી ધરપકડ થઈ. મને કલકત્તા લઈ ગયા. ૧૬મી ફેબ્રુઆરી ૧૯૩૪માં મને ફરી બે વર્ષની સજા થઈ. આ મારી સાતમી જેલયાત્રા હતી. અલીપુર સેંટ્રલ જેલમાં ૧૦×૯ ફૂટની એક ઓરડીમાં મને રાખવામાં આવ્યો. અહીં મેં અનેક પ્રકારનાં મનોમંથનો અનુભવ્યાં. તબિયત સારી રહેતી નહોતી. ૭મી મેએ દેહરાદૂન જેલમાં બદલી કરવાનો હુકમ આવ્યો.

જુલાઈના અંતમાં કમલાની તબિયત ઝપાટાબંધ બગડવા લાગી. થોડા દિવસમાં એની સ્થિતિ ગંભીર થઈ ગઈ. ૧૧મી ઑગસ્ટે મને ઓચિંતો દેહરાદૂન જેલમાંથી અલ્લાહાબાદ લઈ ગયા. જિલ્લા મૅજિસ્ટ્રેટે મને જણાવ્યું કે પત્નીને મળવા સારુ મને થોડા દિવસ માટે છોડવામાં આવ્યો છે. દાક્તરો, નર્સો ને સગાંઓથી ભરેલા ઘરમાં હું પહોંચ્યો. એ સાવ હાડપિંજર થએલી, અત્યંત નબળી અને પોતાની છાયામાત્ર હોય એમ પડેલી હતી અને કદાચ મને છોડી જશે એ વિચાર મને કલેશ કરાવતો હતો. અઢાર વરસનું વિવાહિત જીવન! પણ એમાંનાં કેટલાં યે લાંબાં વરસો મેં જેલમાં અને એણે ઇસ્પિતાલો ને આરોગ્યભવનમાં ગાળ્યાં છે! છતાં અઢાર વર્ષ પછી પણ એનો મુગ્ધ કુમારિકાનો દેખાવ કાયમ હતો. મારામાં ઘણો ફેર પડી ગયો હતો. ઉમરના પ્રમાણમાં તાજો, ચપળ ને સ્ફૂર્તિવાળો હતો ને મારો છોકરવાદ હજી ગયો નહોતો, છતાં હવે મારી ઉંમર જણાઇ આવતી હતી. માથામાં થોડી ટાલ પણ પડી ગઈ હતી. વાળ પણ ધોળા થવા આવ્યા હતા.

દિવસ જવા લાગ્યા ને અગિયારમે દિવસે ફરી મને જેલમાં લઈ જવા મોટર આવી. મારી બીમાર મા ત્યારે બે હાથ પહોળા કરી મારી પાસે દોડી આવી. ત્યારનો એનો ચહેરો ઘણો વખત મારી નજર સામે તરતો રહ્યો.

ચોથી સપ્ટેમ્બરે મને અલ્મોડા જેલમાંથી એકાએક છોડી મૂકવામાં આવ્યો. મારી પત્નીની સ્થિતિ ગંભીર હતી અને તે જર્મનીમાં ઉપચાર કરાવતી હતી. લડતના સાડા પાંચ મહિના હું વહેલો છૂટ્યો હતો. ત્વરાથી યુરોપ પહોંચવા હું વિમાનમાં ઊડ્યો.

આ પછીનું જવાહરલાલનું જીવન તો ખુલ્લી કિતાબ જેવું હોઈ એમાંના મુખ્ય માર્ગસ્તંભ રૂપ ચિત્રોને જ એ કથા કહેવા દીધી છે.



હિંદના ભાગલાની શરતે મળવાના સ્વાતંત્ર્યની મંત્રણા વખતે: ડાબી બાજુથી—સરદાર બલદેવસિંહ, આચાર્ય કૃપાલાની, સરદાર વલ્લભભાઈ, જવાહરલાલ, લૉર્ડ માઉન્ટબૅટન, મહમદઅલી ઝીણા, લિયાકતઅલી ખાં





ઉપર: ૧૫મી ઑગસ્ટ ઈ. ૧૯૪૭ની મધરાતે હિંદ સ્વતંત્ર થયા બાદ ગવર્નર જનરલ લૉર્ડ માઉન્ટબૅટન સમક્ષ શપથ લીધા ત્યારે.
ડાબી બાજુ: ભારતના બંધારણના સરકારી દસ્તાવેજી ગ્રંથમાં વડા પ્રધાન તરીકે પહેલી (રાજેન્દ્રબાબુની સહી નીચે) સહી કરી ત્યારે.
નીચે: એમના (તથા રાજેન્દ્રબાબુના) એ હસ્તાક્ષર.





કૉમનવેલ્થ દેશોના વડાપ્રધાનોની લંડનમાં મળતી પરિષદોમાં નેહરુ સદા આદરપાત્ર રહેતા. ઈ. ૧૯૬૦ની પરિષદ વખતે કૉમનવેલ્થનાં સરનશીન રાણી ઇલિઝાબેથે વિન્ડસર કૅશલના મહેલમાં પ્રધાનોને ખાણું આપ્યું તે વખતે.







ઉપર ડાબી બાજુ: ઇંગ્લંડના વડાપ્રધાનના જગવિખ્યાત નિવાસસ્થાન 'નં. ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ'નાં પગથિયાં ઉપર. ઉપર જમણી બાજુ: રાણી ઇલિઝાબેથ ઈ. ૧૯૬૧માં હિંદ આવ્યાં ત્યારે ગણરાજ્ય દિનની પરેડ વખતે તેમની સાથે વાતમાં. ડાબી બાજુ: ભારતના પ્રમુખ સ્વ. ડૉ. રાજેન્દ્રપ્રસાદે તેમને 'ભારતરત્ન'ના સર્વોચ્ચ માનથી નવાજ્યા ત્યારે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૩/અ)

સંક્ષેપકાર
ડૉ. મધુસૂદન પારેખ

મહાકવિ શેક્સ્પીઅરનાં
નાટકોની વાર્તાંતર-માળા • ૬

૪૦૦મી જયંતી-
ના ઉપલક્ષ્યમાં

હૅમ્લેટ

'જિંદગી એટલે શું? લીલીછમ વાડી? ના, ના. નહિ જ. ગુલ અને ગુલમહોર દીઠાં ક્યાંય? માત્ર થોરિયાંની લંગાર એટલે આ જિંદગી! ધિક્ છે એવા જીવતરને અને જગતને! સૃષ્ટિ બેસ્વાદ હે, સડેલી છે. આત્મહત્યા કરું? ખુદાતાલાનો શાપ લાગે! પણ જીવવું શાને કાજે? જીવન બંધન છે; મોત મુક્તિ!'

રાજકુમાર હૅમ્લેટ વિચારમંથનમાં ડૂબ્યો હતો. એનું જીવતર ખારું ઊસ થઈ ગયું હતું. બે માસ પૂર્વે એના પિતા અચાનક સર્પદંશથી મૃત્યુ પામ્યા. એને જબ્બર આઘાત લાગ્યો. એ ઘા હજી તાજો હતો ત્યાં એની માતાએ એના કાકા સાથે લગ્ન કરી લીધાં. હૅમ્લેટની જીવનશ્રદ્ધા હચમચી ઊઠી. જગત પર એને ધિક્કાર છૂટ્યો. એના ચિત્તમાં અનેક આશંકાઓ જાગી. પિતાના અકસ્માત મૃત્યુની વાત કેમે કરી એના અંતઃકરણમાં જચતી ન હતી.

જીવન અને મૃત્યુના વિચારમાં એ લીન હતો ત્યાં એની માતા ગર્ટ્રુડે એને જોયો. એની પાછળ એનો પતિ ક્લૉડિયસ (હૅમ્લેટનો કાકો) હતો. હૅમ્લેટના વિચિત્ર વર્તનથી અને એની ઊંડી ગમગીનીથી રાજારાણી બંને ચિંતાતુર હતાં. રાણીએ રાજાને હૅમ્લેટની સ્થિતિનો અણસારો કર્યો. ક્લૉડિયસે સહાનુભૂતિપૂર્વક એને બોલાવ્યો: 'હૅમ્લેટ....હૅમ્લેટ!' વિચારતંદ્રામાંથી હૅમ્લેટ ચમકીને જાગ્યો.

'હૅમ્લેટ, થવાકાળ થઈ ગયું. તું સમજુ થઇને એનો શોક કાં કરે? તું હવે મારો ભત્રીજો નથી રહ્યો, મારો પુત્ર જ છે!'

'લોહીની સગાઇ કે પ્રેમસગાઈ?' હૅમ્લેટના ચિત્તમાં તરંગ ઊઠ્યો. એને હજુ વિચારમાં જોઈ રાજાએ એને સમજાવ્યો: 'આમ વિષાદનાં વાદળોમાં હજુ ક્યાં સુધી અટવાઈશ?'

'નહિ મહારાજ, હવે તો "રવિ–રાય" પીડે છે.'

હૅમ્લેટની માતાએ તેને લાગણીપૂર્વક વીનવ્યો: 'નીચી નજર ઢાળીને તારા પિતાને ક્યાં સુધી શોધ્યા કરીશ? આ બધા સૃષ્ટિના ખેલ છે; ઘડીકની માયા...હળવાનું મળવાનું અને અંતે અનંતમાં ભળવાનું.'

રાજાએ પણ દિલાસો દેતાં કહ્યું: 'પિતા પ્રત્યે લાગણી તો સૌ-કોઇને હોય; સદ્ગુણી પુત્રને વિશેષ હોય. પરંતુ તું વિચાર કર. આ જગતમાં કોઇ અમરપટો લખાવીને આવ્યું છે? તેં તારા પિતા ખોયા. એમણે પણ એમના પિતા ગુમાવ્યા હશે. એ પિતાએ વળી એના પિતાનું મૃત્યુ જોયું હશે. આમ જીવન અને મૃત્યુનું ચક્ર નિરંતર ચાલ્યા જ કરે છે. એનો શોક શો? એ તો પ્રભુનો અપરાધ ગણાય. તું બુદ્ધિશાળી છે. અમારી પાછળ હવે તારા સિવાય બીજું કોણ છે? ડેન્માર્કની રાજગાદીનો તું જ વારસ છે. માટે હવે સંતાપ મૂકી દે. અમારી ચિંતાનો ખયાલ કર.'


હૅમ્લેટને સમજાવી આશ્વાસન આપીને બંને વિદાય થયાં. એમને જતાં એ જોઇ રહ્યો: 'કેવી છે કાયાની માયા! પિતાનું મૃત્યુ, છતાં એ ફાટી પડતી નથી! ધિક્કાર છે આ જિંદગાનીને! મારા પિતાનો શોક મૂકી દઉં? મારી માતા ઊઠીને એવો આદેશ આપે છે? ઓહ! જગતની કુટિલતા! દેવ જેવા મારા પિતા. મારી માતાનું કેવું લાલન-પાલન કરતા! મા પણ એમને જોઈ કેવી હરખઘેલી બની જતી? એ બધો માત્ર સ્નેહ-પ્રપંચ હશે? દેવ જેવા પતિ મર્યા કે તરત આ રાક્ષસનો એણે હાથ ઝાલ્યો! હજુ તો પતિની મૃત્યુયાત્રામાં પહેરેલી પગરખી પણ જૂની થઇ નથી, ત્યાં નવો પતિ? પ્રેમ આટલો ચંચલ? સ્ત્રી એટલે જ ચંચળતા? લગ્ન માટે કેવી અધીરાઈ! કેટલી ત્વરા! ફટ છે આ જીવતરને! જિંદગી એટલે અશ્રેયની જ કથા!'

હૅમ્લેટના મસ્તકમાં પીડા થવા લાગી. બે હાથે માથું પકડીને એ બેઠો હતો ત્યાં ચોકીદારોના અમલદાર, એના મિત્ર હૉરેશિયોએ હાંફળાફાંફળા આવીને એક ચમત્કારિક ઘટના તેને નિવેદિત કરી: છેલ્લી ત્રણેક રાત્રિથી ચોકીના સ્થળે ભૂત દેખાતું હતું! 'મહારાજ,' હૉરેશિયોએ થડકતે અવાજે વિગત કહેવા માંડી: 'એ ભૂતની સિકલ જોતાં જ અમે ચમકી ગયા! આબેહૂબ...આપના...આપના પિતા જ!'

'હેં?!' હૅમ્લેટનો સાદ ફાટી ગયો.

'હા મહારાજ; એ જ ચહેરોમોરો! નખશિખ શસ્ત્રસજ્જ... મેં એને રોકવાનો પ્રયાસ કર્યો, પણ અલોપ!' હૅમ્લેટ શ્વાસ રૂંધીને સાંભળી રહ્યો. 'એ પ્રેત ગઈ રાતે આવ્યો ત્યારે એના હોઠ હાલ્યા. કંઈક કહેવા માગતું હતું. પણ પ્રભાતનો ઉજાસ દીઠો એટલે ગાયબ થઈ ગયું.'

હૅમ્લેટ આશ્ચર્યમૂઢ બની ગયો. અંતરમાં એક આછી ધ્રુજારી આવી



ભૂત દિશા બદલીને ઊભું. એની આંગળીઓ હવામાં હાલી રહી હતી, — જાણે કશીક ઇશારત કરતું હતું: હૅમ્લેટને બોલાવી રહ્યું હતું. (ચિત્રકાર: ગૉર્ડન બ્રાઉન)

ગઇ. પિતાનું ભૂત – અને વળી શસ્ત્રસજ્જ! શી વાસના રહી ગઇ હશે? એના મનમાં આશંકાના તરંગો ઊછળવા લાગ્યા. અંતે એ રાત્રે એણે પોતે જ ચોકી પર જવાનું નક્કી કર્યું, અને આ વાત ગુપ્ત રાખવાની હૉરેશિયોને તાકીદ કરી.

મધરાતના બાર ડંકા પડયા. હૅમ્લેટ હૉરેશિયો ને એક વિશ્વાસપાત્ર અમલદાર માર્સેલસ આતુર આંખે ભૂતની વાટ જોઇ રહ્યા હતા. ઠંડી હિમભરી રાત હતી. હવાની એક તીણી લહર વાતાવરણમાં પ્રસરી... અને હૉરેશિયો આંગળી ચીંધીને બોલી ઊઠયો: 'આ રહ્યું ભૂત!'

દૂર દૂર મશાલના આછા પ્રકાશમાં એક ઓળો ચાલી રહ્યો હતો. હૅમ્લેટ ઘડીભર સ્તબ્ધ થઇ ગયો. ઓળો એમની તરફ જ આવી રહ્યો હતો. હૅમ્લેટે ભૂતને થોભી જવાનો પડકાર કર્યો. ભૂત દિશા બદલીને ઊભું. એની આંગળીઓ હવામાં હાલી રહી હતી—જાણે કશીક ઇશારત કરતું હતું—હૅમ્લેટને બોલાવી રહ્યું હતું. હૉરેશિયો અને માર્સેલસ ભયથી ફફડી ઊઠયા. એમણે હૅમ્લેટને ભૂતની પાછળ ન જવા ખૂબ આજીજી કરી; એનો હાથ પકડી રાખ્યો. પણ એમને તરછોડી હૅમ્લેટે ભૂતની દિશા પકડી. ગાઢા અંધકારમાં બંને દૂર નીકળી ગયા. હૅમ્લેટ એક સ્થળે થોભી ગયો. ભૂત પણ થંભી ગયું.

'તું કોણ છે?' હૅમ્લેટે ધડકતે હૈયે પ્રશ્ન કર્યો.

'સાંભળ મારી વાત...વીતી રહી છે રાત...ઓ આવે પ્રભાત.' જાણે દૂરથી પડઘા પડતા હોય તેવો અમાનુષી એ અવાજ હૅમ્લેટના હૃદય સોંસરો ઊતરી ગયો. એ ધ્યાનથી ભૂતને જોઇ રહ્યો.

'સાંભળ, હું ભૂત તારા પિતાનું; દિન ઊગે દુ:ખ – ગંધક ચિતાનું.'

'હેં?' હૅમ્લેટ ચોંકી ઊઠયો.

'મારાં પાપોનું પ્રાયશ્ચિત્ત પૂરું ન થાય ત્યાં સુધી દિન ઊગે ગંધકની ઝાળમાં; હું મર્યો છું અકાળમાં.'

'એટલે? આપ તો સર્પદંશથી બગીચામાં મૃત્યુ પામ્યા, અને...'

'એ સર્પ કોણ? તારો કાકો પોતે. મને માર્યો કમોતે. હું સૂતો એક પ્રભાતે બાગમાં; આવ્યો એના લાગમાં. તકનો લાભ એણે લીધો. ઝેરી રસ મારા કાનમાં રેડી દીધો...'

'અરે—અરે!' હૅમ્લેટ કંપી ઊઠયો.

'રોમે રોમે ઊઠી લ્હાય; કોણ કરે સ્હાય? તત્કાળ ગયા પ્રાણ... વેર લેજે: તારા પિતાની આણ...!' ભૂતનો કોપ ભભૂકી ઊઠયો.

'વેર?! વેર?! પિતાનું ખૂન! હત્યારો!' હૅમ્લેટ વ્યાકુળ થઈ ઊઠયો.

'હા પિતાનું વેર! એ વખતે હતી યુવાની લહેર. ઘણાં પાપ કર્યાં એનાં પ્રાયશ્ચિત્ત અધૂરાં રહ્યાં. એથી પ્રેતનો અવતાર... ઓ! આવી રહ્યું સવાર!' પ્રભાતનો ઝાંખો પ્રકાશ ભાળી પ્રેત ચમકી ઊઠયું: 'પૂરી થઈ લેણદેણ...અને હવે છેલ્લાં વેણ: તારી માતાએ તત્કાળ કીધાં લગન, એની ભારે મને અગન. કેવી દુર્મતિ! અધોગતિ! પણ તારી માતાને ન કંઈ કહેજે – ન એના પર વેર લેજે. એ અંતરમાં પોશેપોશે રોશે...એને ખુદાતાલા જોશે. જો હોય પિતાનું હેત, ઉદ્ધારજે આ પ્રેત! ઓહ, લાગી...લાગી મને પરોઢની લહેર... ભૂલતો ના, વેર! વેર! વેર!' અને ભૂત હવામાં ભળી ગયું.

હૅમ્લેટનાં દિલ અને દિમાગમાં કડી ચોટ લાગી ગઈ. એક તો એનું આળું હૈયું, અને ચિંતનશીલ સ્વભાવ. એટલે વિચારોનો ચગડોળ ચાલ્યો એના ચિત્તમાં. એનું મગજ અંકુશમાં ન રહ્યું. એ દોડયો ઑફેલિયા પાસે.

ઑફેલિયા એમના મહેલ-અધિકારી પોલોનિયસની દીકરી હતી. ભોળી અને સ્નેહાળ. અપ્રતિમ સૌંદર્યવતી. હૅમ્લેટ એના પર મુગ્ધ થયો હતો. ઑફેલિયાને એક ભાઈ પણ હતો: લેર્ટિઝ. એણે ઑફેલિયાની હળવી મધુર ટકોર કરતાં કહી દીધું: 'જોજે ઑફેલિયા, જાળવજે. એ રાજકુમાર છે; વળી પરવશ છે. એનાં પ્રેમગીતોને તું શાશ્વત કોલ માનીશ નહિ. યુવાની છે એટલે સૃષ્ટિ રંગીન લાગે એ સ્વાભાવિક છે. પણ જુવાનીનો પ્રેમ ચંચળ છે. એ મોહ છે — ક્ષણિક. થોડાક મીઠા શબ્દો, થોડી મઝા, વિશેષ કશું નહિ. હૅમ્લેટનાં પ્રેમવચનો પર મુગ્ધ બની તારું શિયળ એને સોંપીશ નહિ. પ્રેમબાણ આકરાં છે, ચેતજે. હજુ જીવનપ્રભાતે કળી ખીલતી છે, ખીલ્યા પહેલાં એને સળો ન લાગે—સાવધ રહેજે.'

પોલોનિયસે પણ દીકરીને બરાબર શિખામણ દીધી હતી; હૅમ્લેટની પ્રેમજાળમાં ન ફસાવાની ચેતવણી આપી હતી. હવે પછી હૅમ્લેટના પત્ર-સંકેત-સંપર્કે સૌથી દૂર રહેવાની આજ્ઞા કરી હતી. ભોળી બિચારી ઑફેલિયા હતાશ થઈ ગઈ હતી. એ જાણતી હતી કે એનો હૅમ્લેટ બેવફા નહોતો. હૅમ્લેટને એ બરાબર ઓળખતી હતી. પિતા અને ભાઇ એમના આ પ્રેમની (રં)ગત શું સમજે? પરંતુ તે આજ્ઞાંકિત હતી. વડીલની આજ્ઞાને વશ થઇને તેણે હૅમ્લેટની મુલાકાતો ટાળી હતી.

પણ હૅમ્લેટને મન તો ઑફેલિયા વિસામો હતી. દુનિયાદાઝયા હૅમ્લેટને એક એના પ્રેમમાં જ કંઇક તૃપ્તિ મળતી. એ વિસામો આમ ખોરવાઇ જતાં હૅમ્લેટની શી સ્થિતિ હશે એનો વિચાર કરતી ઑફેલિયા સીવણકામ લઇને બેઠી હતી, ત્યાં એકાએક હૅમ્લેટ આવ્યો. એના બેલાઘેલા દેદાર હતા. પગ લથડતા હતા. નર્કાગારમાંથી માંડ છુટકારો મેળવીને આવ્યો હોય એવો દયામણો એ દેખાતો હતો. આવીને એકદમ ઑફેલિયાનું કાંડું સજ્જડ પકડી લીધું. ઑફેલિયા ભયથી છળી ઊઠી. હૅમ્લેટે ઑફેલિયાનું મુખ ઊંચું કર્યું. ધારીધારીને એના ચહેરા સામે એ ટીકી રહ્યો. પછી એણે નિશ્વાસ નાખ્યો. ઑફેલિયાને મુક્ત કરી. ગભરાએલી કબૂતરીની જેમ ઑફેલિયા ત્યાંથી ઊ(પ)ડી ગઈ. હૅમ્લેટ એને નાસતી ત્રાસતી જોઈ રહ્યો. નિરાશાથી માથું ધુણાવ્યું અને લથડતે પગે ને ભાંગેલે હૈયે તે પાછો ફર્યો.

ઑફેલિયાએ હૅમ્લેટના આ પાગલપણાની વાત પિતાને જઇને કહી. એને ખૂબ અફસોસ થયો. હૅમ્લેટ સાચો પ્રેમી હતો, ઑફેલિયાના વિરહમાં ઝૂરીને ઝનૂની બન્યો હતો તેની એને હવે પ્રતીતિ થઈ. પોતે માત્ર શંકાથી પ્રેરાઇને બે જુવાન હૈયાં જુદાં કર્યાં, જખમી કર્યાં. આ વાત તત્કાળ રાજાને કરવી જ જોઈએ, જરૂર કંઈક સમાધાન મળશે, એમ વિચારતો પોલોનિયસ રાજમહેલમાં પહોંચ્યો.

રાજા અને રાણી બંને હૅમ્લેટ વિષે ચિંતામાં હતાં. પિતાના મૃત્યુ અને માતાના તત્કાળ લગ્નની ચોટ કુમારને લાગી હશે એવી બંનેની ધારણા હતી. એટલે તાજેતરમાં જ પરદેશથી આવેલા હૅમ્લેટના બે મિત્રો–રોઝેનક્રાન્ટસ તથા ગિલ્ડનસ્ટર્ન–ને તેમણે હૅમ્લેટના વિચિત્ર વર્તનનું કારણ સમજવા મોકલ્યા: કદાચ હૅમ્લેટ એ મિત્રો સમક્ષ હૃદય ખોલે તો કંઇક ઉપાય થાય એવી ગણતરીથી.

રાજા-રાણી બંને આમ મનમાં મૂંઝાતાં બેઠાં હતાં, ત્યાં પોલોનિયસ આવી પહોંચ્યો. એણે હૅમ્લેટના ચિત્તભ્રમનું નક્કર કારણ રજૂ કર્યું. પુરાવા લેખે એણે ઑફેલિયાનો પ્રસંગ વર્ણવ્યો, હૅમ્લેટના પ્રેમપત્રો રજૂ કર્યા. રાજા-રાણી વિચારમાં પડયાં. ઑફેલિયાનો પ્રેમ એ જ કુમારના ચિત્તભ્રમનું કારણ હશે? ત્યારે તો ઈલાજ સહેલો હતો. પોલોનિયસે એનો એક રસ્તો સુઝાડયો. ઑફેલિયા અને હૅમ્લેટની અણધારી મુલાકાત કરી આપવી. હૅમ્લેટના મનનો કોયડો તરત ઊકલી જશે. બંનેએ સંમતિ આપી.

રોઝેનક્રાંટ્સ અને ગિલ્ડનસ્ટર્ન હૅમ્લેટને મળ્યા. એના હૈયાને ઉકેલવા બંને જણાએ ઘણી માથાફોડ કરી, પરંતુ હૅમ્લેટના વિચિત્ર છતાં ચિંત્ય ઉદ્‌ગારોથી એ બંને પણ મૂંઝાયા. એમને કશો તોડ મળ્યો નહિ.

હૅમ્લેટના ચિત્તને બીજે માર્ગે વાળવા તેમણે એક નાટકમંડળીના આગમનની વાત કરી. હૅમ્લેટે રસપૂર્વક એ વાત સાંભળી. અભિનેતાઓને એણે પોતાની પાસે તેડાવી મંગાવ્યા. તેમની નાટ્યવાણી સાંભળીને હૅમ્લેટ પ્રસન્ન થઈ ગયો. હૅમ્લેટના બંને મિત્રો કંઈક આશાભેર વિદાય થયા. પછી મુખ્ય અભિનેતા સાથે હૅમ્લેટે ખૂબ ગોષ્ઠિ કરી. રાજદરબારમાં કેવું નાટક ભજવવું તેની સૂચના કરી. નાટકની સામગ્રી પણ પોતે શોધી આપી.

રોઝેનક્રાંટ્સ અને ગિલ્ડનસ્ટર્ન રાજા પાસે પાછા આવ્યા અને પોતે હૅમ્લેટને કેવી રીતે રીઝવ્યો તેનું બયાન કર્યું. સાથોસાથ હૅમ્લેટે તેમને બંનેને નાટક જોવા આવવાની આગ્રહભરી વિનંતી કરી હતી તે પણ કહી સંભળાવી. ક્લૉડિયસ અને ગર્ટ્રુડ બંનેના ઉમંગનો પાર ન રહ્યો. નાટક જોવાનું તેમણે સહર્ષ સ્વીકાર્યું. હૅમ્લેટનું ચિત્ત ઠેકાણે આવે તેનાથી રૂડું બીજું શું?

એમ છતાં હૅમ્લેટનું ઑફેલિયા પ્રત્યેનું વલણ જાણવું જરૂરી હતું.

હૅમ્લેટનું ચિત્ત વળી પાછું ચકરાવે ચડ્યું. એના હૃદયમાં એક જ મહાપ્રશ્ન ઉછાળા મારી રહ્યો: 'જિંદગી યા મોત?' જિંદગીમાં એને સદા દુર્ભાગ્ય જ ભેટ્યું હતું. સત્તાધીશો સિતમખોર હતા. પ્રેમમાં બેવફાઈ હતી. જગતઆખું પ્રપંચી દ્રોહી અને મતલબી હતું. એમાં જીવવાની લિજ્જત શી! ઈજ્જત શી? જિંદગી ઝેર હતી, છતાં જિજીવિષા ખેંચી રાખતી હતી. મરણ પછીની ગતિ કોણે દીઠી? કદાચ દુર્ગતિ હોય તો?

આવા વિચારોમાં અટવાએલો હૅમ્લેટ આમતેમ આંટા મારતો ફરતો હતો ત્યાં જ પોલોનિયસની યોજના મુજબ ઑફેલિયા જઇ પહોંચી. રાજા અને પોલોનિયસ બંને એમની વાતચીત સાંભળી રહ્યા.

ઑફેલિયાએ હૅમ્લેટની પ્રેમભેટો પરત કરવા માંડી. એની નિર્દયતા. પર ટકોર કરી. વાતવાતમાં હૅમ્લેટ છંછેડાયો: 'તને મેં ચાહી? કદી નહિ.'

'મહારાજ, છેતરાઇ હું?' ઑફેલિયાનો અવાજ રૂંધાઈ ગયો.

'લગ્નની લાલસા છે તને? શા માટે? અરે, થઈ જા સાધુડી! પાપી પ્રજાને જન્મ આપીને જગતને ભારે મારીશ તું? અમે પુરુષો બદમાશ બધા! એમનો વિશ્વાસ કરીશ તો જિંદગીભર રોયા કરીશ. સફેદ અંચળો ઓઢીને થઈ જા સાધ્વી. આ દુનિયામાં જીવવા જેવું નથી.'

ઑફેલિયા ભયથી ફફડતી હૅમ્લેટના શબ્દો સાંભળી રહી. એક વારનો પ્રેમી હૅમ્લેટ તે આ?! કેવા મધમીઠા એના પ્રેમોદ્‌ગારો હતા ત્યારે? ઓ પ્રભુ, હૅમ્લેટની આ હાલત?'

હૅમ્લેટ ફરી ગર્જ્યો: 'તારે લગ્ન કરવાં છે, એમ? પસ્તાઇશ, પાર વિનાની પસ્તાઇશ. ટીકાનાં તીર તારા કલેજામાં ભોંકાશે. અને પરણે તો કોઇ મૂરખને પરણજે. સમજુ માણસો તમારાં નખરાંમાં ફસાશે નહિ. લોકોને ઉલ્લુ બનાવનારી અધમ સ્ત્રીજાત! મને તેં પાગલ કીધો? લગ્ન કરવાં છે, કેમ? જા સાધુડી થઇ જા. આ સંસારમાં સુખ નથી.'

ઑફેલિયા કપાળ કૂટતી પોતાના હતભાગ્યને રડી રહી. હૅમ્લેટ એને તુચ્છકારીને ચાલ્યો ગયો હતો.

હૅમ્લેટનો ઑફેલિયા સાથેનો વર્તાવ ને વાર્તાલાપ સાંભળ્યા પછી રાજા ગૂંચવાઈ ગયો. માત્ર ઑફેલિયા જ એના ચસકેલપણાનું કારણ નહોતી. એનાં મૂળ ઊંડાં હોવાની તેની શંકા દૃઢ બની. હૅમ્લેટની શાંતિને મિષે તેને ઇંગ્લન્ડ ધકેલી દેવાનો તેણે વિચાર કર્યો. હૅમ્લેટનો એને ખૂબ ડર લાગ્યા કરતો હતો. એ ઇંગ્લન્ડ જાય તો ટાઢા પાણીએ ખસ જાય.



ઑફેલિયાએ હૅમ્લેટની પ્રેમભેટો પરત કરવા માંડી.
રાજા અને પોલોનિયસ એમની વાતચીત સાંભળી રહ્યા.
(ચિત્રકાર: ગૉર્ડન બ્રાઉન)

રાત્રે નાટ્યશાળામાં રાજા-રાણી, હૅમ્લેટ, ઑફેલિયા, પોલોનિયસ બધાં જ નાટક જોવા આવ્યાં હતાં. નાટક શરૂ થયું. થોડુંક ભજવાયું ત્યાં તો ક્લૉડિયસ ચમકીને ઊભો થઈ ગયો. બગીચામાં એક રાજા ઊંઘતો હતો. તેના કાનમાં એનો ભત્રીજો ઝેરી રસ રેડતો હતો! આ દૃશ્ય જોતાં જ ક્લૉડિયસ ફિક્કો પડી ગયો. બાકીનું દૃશ્ય જોવાની તેનામાં હામ રહી નહિ. એ નાટકમાં એનાં પોતાનાં જ પાપકર્મો રજૂ થયાં હતાં. ક્લૉડિયસ અધવચ ઊઠીને ચાલતો થઈ ગયો.

હૅમ્લેટને હવે ક્લૉડિયસ ખૂની હતો તેની પૂરી ખાતરી થઇ ગઈ. મહેલમાં આવ્યા પછી રાજા ખૂબ અસ્વસ્થ બની ગયો. પોતાનું પાપ હવે પ્રગટ થતું હતું? હૅમ્લેટને એની જાણ થઇ ગઈ હતી? આ નાટક તેની સામે હેમ્લેટે રચેલો પ્રપંચ હતો કે શું? તો તો એનું હવે કાસળ કાઢ્યે જ છૂટકો. હૅમ્લેટે એની ઊંઘ હરામ કરી દીધી હતી.

રાણીના સંતાપનો પણ પાર ન હતો. હૅમ્લેટ પર એ ખૂબ ખીજવાઈ હતી. એણે હૅમ્લેટને પોતાની પાસે બોલાવી મંગાવ્યો. રાજાની સંમતિથી પોલોનિયસ એમનો વાર્તાલાપ સાંભળવા પડદા પાછળ સંતાઇ રહ્યો. રાજાને એનું પાપ કોરી ખાતું હતું. એને જંપ નહોતો, ચેન નહોતું. સગા ભાઇના ખૂનનો ભયંકર અપરાધ તેણે કર્યો હતો. પાપનો બોજ હળવો કરવા એ ઈશ્વર-પ્રાર્થના કરવા ઘૂંટણિયે પડયો.

એ જ વખતે માતાને મળવા જતા હૅમ્લેટની નજર તેના પર પડી. હૅમ્લેટ ખંચકાઇને ઊભો રહ્યો: 'પિતાનો ખૂની પ્રાર્થનામાં?! ઝીંકું મારી તલવાર એની ગરદન પર? કરી નાખું એની જિંદગીનો ખાત્મો? હૅમ્લેટનો હાથ તલવાર પર ગયો. એક ડગલું એ આગળ વધ્યો. પિતાના ખૂનનું વેર લેવા એના હાથ તલસી રહ્યા. અને તલવાર તો લોહીતરસી હતી જ. એનો હાથ તલતારની મૂઠ પર હતો, પણ હૈયું પાછું પડતું હતું. હાથ ને હૈયા વચ્ચે ઘડીભર સંગ્રામ ચાલ્યો. આખરે હાથ પાછો હઠયો.

આ પાપી – ખૂની પ્રાર્થનામાં મોત પામે તો એને મોક્ષ મળી જાય! એને તો દોજખ મળવું ઘટે છે. વેરની વસૂલાત હમણાં નહિ; હવે પછી ક્યારેક'. આવા નિરધાર સાથે હૅમ્લેટ એની માતા પાસે ગયો.

મા સાથે એને ખૂબ જીભાજોડી થઈ. પતિનો શોક મૂકીને એમના ભાઇને પરણનાર માતાનો એણે તિરસ્કાર કર્યો. રાણીના રોષનો પાર ન રહ્યો. હૅમ્લેટને અંકુશમાં લાવવાનો નિશ્ચય કરીને તે ઊઠી. પણ હૅમ્લેટ ઝનૂને ભરાયો હતો. એણે ત્રાડ પાડી માતાને બેસાડી દીધી. રાણીએ ગભરાઇને ચીસાચીસ કરી મૂકી. આથી પડદા પાછળ સંતાએલા પોલોનિસને પણ ફિકર પેઠી. એના સંચારથી પડદો સળવળી ઊઠ્યો.

હૅમ્લેટ વીફર્યો: 'અરે ઊંદર! ઊંદર! પડદા પાછળ ઊંદરડો! એમ કહેતાંક ને એણે જોરથી પડદા સોંસરી તલવાર ઘોંચી દીધી. પોલોનિયસનો ખેલ ખતમ થઈ ગયો!

હૅમ્લેટનો જુસ્સો હવે બેફામ બની ગયો હતો. માતાને એણે તાતાં શબ્દબાણથી વીંધી નાખી. પતિના ખૂનીને પરણનાર માતાને તેણે ખૂબ ફિટકાર દીધો. રાણીના મોં પરથી લોહી ઊડી ગયું. તે ફિક્કી પડી ગઈ. ખૂનની વાત હૅમ્લેટે જાણી ક્યાંથી? હૅમ્લેટની આંખમાં ખુન્નસ હતું. તેની વાણીમાં અંગારા હતા. રાણીના હૈયામાં એ ચમચમતા હતા. એક એક શબ્દે રાણીનું કાળજું વીંધાતું હતું.

હૅમ્લેટ માઝા મૂકતો હતો. ત્યાં જ પિતાનું પ્રેત તેને દેખાયું. હૅમ્લેટને એણે શાંત રહેવાની આજ્ઞા કરી. માતાની માઝા ન મૂકવાનો આદેશ આપ્યો. હૅમ્લેટે પિતાની ક્ષમા માગી. રાણી દિગ્મૂઢ થઇ ગઈ. હૅમ્લેટ હવામાં કોની સાથે વાર્તાલાપ કરતો હતો? નક્કી એ ગાંડો જ થઇ ગયો! પુત્રની આ સ્થિતિ જોઈ તે ગળગળી થઇ ગઈ. તેને માટે મમતા ઊભરાઈ.

રાજાએ પોલોનિયસના ખૂનની વાત સાંભળી એટલે એના કાળજે ફફડાટ પેઠો. પોતે જ પડદા પાછળ સંતાઇને ઊભો હોત તો? એ વિચારમાત્રથી તે કંપી ઊઠ્યો. એટલે હૅમ્લેટને એણે ઇંગ્લન્ડની જાત્રા માટે વહેલી તકે વહાણ પર ચડાવી દીધો. એને આંગ્લદેશમાં 'ઠેકાણે પાડવા' રોઝનક્રૅટ્સ અને ગિલ્ડનસ્ટર્ન રાજાની સેવામાં હાજર હતા.

પોલોનિયસના મૃત્યુની ચોટ ઑફેલિયાના ચિત્ત પર ભારે લાગી. હૅમ્લેટે એને તરછોડી તેની વ્યથા હજી તાજી હતી; તેમાં આ કારમો ઘા લાગ્યો. ઑફેલિયાનું ચિત્ત ભ્રમિત થઈ ગયું. એ પાગલ બની ગઈ. પ્રેમનાં ગીતો ગાતી તે ઠેરઠેર ભટકવા લાગી. પરદેશથી પાછા ફરેલા એના ભાઈ લેર્ટિઝે પિતાના મૃત્યુના અને પગલી બહેનના સમાચાર સાંભળ્યા ત્યારે એ અત્યંત વ્યાકુળ બની ગયો અને પિતાના મોતનો જવાબ લેવા એ ક્લૉડિયસની પાસે ધસી ગયો. ક્લૉડિયસે મહામુશીબતે તેને ખૂબ આશ્વાસન આપી ટાઢો પાડ્યો અને તેના પિતા પોલોનિયસનું ખૂન હૅમ્લેટે કેવી રીતે કર્યું તેની વાત વિગતે વર્ણવી.

ઑફેલિયાની સ્થિતિ જોઈ લેર્ટિઝ દુઃખીદુઃખી થઈ ગયો. પ્રેમાળ પિતા ખોયા, વહાલસોઈ બહેન ખોઈ. જીવનમાં હવે એનું સ્વજન કોણ? આ દુઃખમાંથી ક્રોધ જાગ્યો. એના હૃદયમાં પ્રશ્ન ઊઠ્યો: 'આ બધાં માટે, જવાબદાર કોણ?' અને ક્લૉડિયસના શબ્દો એના કાનમાં ગુંજી રહ્યા: 'હૅમ્લેટ, હૅમ્લેટ!'

હૅમ્લેટ આંગ્લદેશ સુધી પહોંચ્યો નહિ. રસ્તામાં એના વહાણ પર ચાંચિયાઓનો હુમલો થયો અને હૅમ્લેટ તેમનો કેદી બન્યો. એમની પાસેથી છૂટીને એ પાછો રાજધાનીમાં આવ્યાના સમાચર જાણી રાજાનાં દુઃખ અને ભયનો પાર ન રહ્યો. એણે હવે લેર્ટિઝને વિશ્વાસમાં લઇ હૅમ્લેટની હત્યા કરાવવા માટેની યોજના ઘડી: 'તારા પિતાનો ખૂની, તારી બહેનનો દ્રોહી! વેર લે એનું! એ વિના તારા પિતાને શાંતિ નહિ મળે. પિતાનું વેર વાળે એ જ ખરો સપૂત!'

એવામાં ઑફેલિયાના મૃત્યુના સમાચાર આવ્યા. પાગલપણામાં વિરહનું ગીત ગાતી એ એક વહેતા ઝરણામાં પડી અને જલધારા ઓઢીને પોઢી ગઇ. લેર્ટિઝનો ક્રોધ ઊછળી આવ્યો. એના રોમેરોમ વૈરાગ્નિ પ્રજ્જવળી ઊઠ્યો. રાજાનો ઉમંગ વધી ગયો.

ઑફેલિયાના મૃત દેહને કબ્રસ્તાનમાં આણવામાં આવ્યો. લેર્ટિઝની આંખ છલકાઇ ઊઠી: 'કેવી ભોળી, સ્નેહાળ બહેન! એનો આવો કરુણ અંજામ?' એના હૃદયમાં બહેનનાં પ્રેમસ્મરણો હેલે ચડ્યાં અને

સાંકેતિક લિપિઓ-૨૩] . . . . નેત્રપલ્લવી . . . . [સુશીલા આર. પટેલ

નેત્રપલ્લવી એ આંખના ઇશારાની ભાષા છે. એના બે પ્રકાર છે: પહેલો, દિશાઓ સાથે સંબંધવાળો છે. માર્ચ(૪૩૮મા) અંકમાં દિશાઓ સાથે અક્ષરોના વર્ગના જોડાણના નિયમમાં આંગળીથી દિશાઓ બતાવવાનું કહ્યું છે. અહીં આંખના ઇશારાથી દિશા બતાવવાની છે. એમાં વર્ગ તો દિશાથી નક્કી જ છે; માત્ર કયા વર્ગનો કેટલામો અક્ષર છે તે આંખ નક્કી કરી આપે છે. આંખના ડોળાને પાંચ રીતે ફેરવીને કેટલામો અક્ષર છે તે જણાવી શકાય છે. કાન તરફના ખૂણા ઉપર ૧, નાક તરફની બાજુએ ૨, ઉપલી પાંપણ તરફ ૩, નીચલી પાંપણ તરફ ૪ અને વચ્ચેની કુદરતી સ્થિતિમાં ૫ મો અક્ષર બતાવી શકાય છે. ગુરુ સ્વર બતાવવા માટે આંખ મીચવાની છે.

આ રીત મુજબ 'કુમાર' શબ્દનું સૂચન કરવું હોય તો અગ્નિ ખૂણામાં જોવું. પછી આંખના ડોળાને કાન તરફના ખૂણા તરફ ફેરવવો, અને તે પછી પૂર્વ તરફ જોઇને ઉપલી પાંપણ તરફ ડોળાને લઈ જવો, જેથી 'કુ' અક્ષર દર્શાવી શકાયો. આ રીતે 'મા' બતાવવા માટે વાયવ્ય ખૂણા તરફ જોઇને આંખના ડોળાને મધ્યમાં સ્થિર રાખવો, ને પછી પૂર્વ તરફ જોઇને કાન તરફના ખૂણા ઉપર ડોળાને લઈ જવો તથા આંખ મીચી દેવી. 'ર' બતાવવા માટે ઉત્તર દિશા તરફ જોઇને આંખના ડોળાને નાક તરફના ખૂણા ઉપર લઈ જવો અને પછી પૂર્વ તરફ જોઇને આંખના ડોળાને કાન તરફના ખૂણામાં વાળવો.

આ રીતે નેત્રપલ્લવીથી 'કુમાર' શબ્દ બતાવી શકાશે.

બીજો પ્રકાર આંખની આઠ દૃષ્ટિઓ સાથે સંબંધ ધરાવે છે. દૃષ્ટિ આઠ પ્રકારની છે: 'ઉતક્ષિપ્તા' (ઊંચે જોવું) જે 'અ' વર્ગ સૂચવે છે. 'કટાક્ષ' 'ક' વર્ગ સૂચવે છે. 'ચતુરા' (આંખ પહોળી કરવી) 'ચ' વર્ગ સૂચવે છે. 'ટુરક' (આંખ પટપટાવવી) અથવા ઝીણી આંખથી જોવું તે 'ટ' વર્ગ સૂચવે છે. તરલ (ચંચળ દૃષ્ટિ) અથવા 'તીક્ષ્ણ' ક્રોધ પૂર્વકની દૃષ્ટિ, તે 'ત' વર્ગ સૂચવે છે. 'પતિતા' (નીચે જોવું) 'પ' વર્ગ, 'યોગદૃષ્ટિ' (ધ્યાનસ્થ) 'ય' વર્ગ, અને 'સહજા' (સામાન્ય રીતે જોવું) 'શ' વર્ગ સૂચવે છે. આમાં સારો મહાવરો જોઇએ.

ઑફેલિયાની ઘોરમાં એને ઉરસરસી ચાંપવા એ આવેશથી કૂદી પડ્યો.

એ જ વખતે નગરબહાર આવી પહોંચેલો હૅમ્લેટ ઑફેલિયાનું અંતિમ દર્શન થતાં જ ભાન ખોઇ બેઠો: 'ઓ મધુર ઑફેલિયા! અંતિમ મિલન તે આ! તારો પ્રેમી, હૅમ્લેટ તને પોકારે છે...ઓ ઑફેલિયા...હું તારો—તારો હૅમ્લેટ...' અને એ બોલ સાથે એ પણ ઑફેલિયાની ઘોરમાં કૂદી પડ્યો.

લૅર્ટિઝની આંખ ખૂનથી રાતી થઈ: 'હત્યારા! ખૂની!' કહેતોક-ને એ હૅમ્લેટને ઝનૂનથી વળગ્યો. બંને સ્થળકાળને ભૂલીને એકબીજા પર તૂટી પડ્યા. એમને અધિકારીઓ અને અનુચરોએ માંડ છૂટા પાડ્યા.

બીજે દિવસે રાજદરબાર હતો. હૅમ્લેટ અને લૅર્ટિઝ બંને તેમાં હાજર હતા. રાજાની પૂર્વયોજના મુજબ એક દરબારીએ પટાબાજીની વાત કાઢી, અને લૅર્ટિઝની પટાબાજીની ખૂબ પ્રશંસા કરવા માંડી. રાજાએ એકદમ હાથ ઊંચો કરી દરબારીને રોક્યો: 'ખામોશ, રાજ-કુમાર હૅમ્લેટની પટાબાજી તમે શું જાણો? એની બરાબરી કરી શકે એવો વીર જગતમાં પાક્યો નથી.'

હૅમ્લેટની શક્તિનો પરચો દેખાડવાને બહાને રાજાએ બંનેનો મુકાબલો ગોઠવ્યો. લૅર્ટિઝ અને હૅમ્લેટ મેદાનમાં આવી ઊભા. રાજાએ બંનેના હાથ મેળવ્યા. હૅમ્લેટે તલવારના દ્વંદ્વયુદ્ધના આરંભ પહેલાં પોતાના ઉદ્ધત વર્તાવ માટે અને એના પિતાના ખૂન માટે લૅર્ટિઝની ક્ષમા માગી. પાગલપણામાં પોતે એ હત્યા કરી બેઠો તેનો વસવસો કર્યો.

લૅર્ટિઝ હૅમ્લેટની આ નિખાલસતાથી પ્રસન્ન થયો. એનું હૃદય હવે ચણચણાટ અનુભવવા માંડ્યું. એના ઘા પાછા પડવા માંડ્યા. હૅમ્લેટ પર ઘા કરતાં તેનો જીવ હવે ચાલ્યો નહિ, કારણકે એ જાણતો હતો કે પોતાની તલવારની ધાર ઝેર પાએલી હતી. પરંતુ હૅમ્લેટના ઉપરાછાપરી ફટકાથી એ ઉશ્કેરાયો.

હૅમ્લેટની સલામતી ઈચ્છવા માટે રાજાએ શરાબની પ્યાલીઓ ગોઠવી હતી. રાણીએ હૅમ્લેટની સલામતી ઈચ્છીને એક પ્યાલીમાંથી શરાબ પીવા માંડ્યો. એ જોઇ રાજા ચમકીને પોકારી ઊઠ્યો: અરે! ગર્ટ્રુડ, ગર્ટ્રુડ! ના પીશ...એ પ્યાલીમાં તો ઝેર છે!'

હૅમ્લેટ કદાચ વિજેતા બનીને આવે તો રાજાએ તેનું કાસળ બીજી રીતે કાઢવા માટે શરાબમાં કાતિલ ઝેર ભેળવ્યું હતું. એ ઝેર રાણી પી ગઈ! એકદમ એનાથી ચીસ નીકળી ગઈ: 'ઓહ! ઓ! હૅમ્લેટ... ઝેર! મને ઝેર દીધું...'હૅમ્લેટ એ સાંભળીને ચમક્યો.

બરાબર એ તક સાધીને લાર્ટિસે હૅમ્લેટને ઘા કર્યો. હૅમ્લેટના શરીરમાં ઝેર પ્રસરી ગયું. હૅમ્લેટે એને સામો જોરથી ઘા કર્યો અને એકદમ તે માતાની તરફ દોડ્યો.

લૅર્ટિઝનો આત્મા ખૂબ દુ:ખી થયો. મરતાંમરતાં હૅમ્લેટની એણે ક્ષમા માગી: 'હૅમ્લેટ, હું મરું છું કેમકે તારો ઘા મારા કાળજામાં ઊંડો પેસી ગયો છે. પણ—પણ હૅમ્લેટ! મારી તલવાર ઝેર પાએલી હતી... મેં વિશ્વાસઘાત કર્યો છે...' અને એટલું કહી એણે રાજા સામે આં-ગળી ચીંધી: 'આ...આ રાજાએ મને ભરમાવ્યો...તારી માતાને...પણ એણે જ ઝેર દીધું...અફસોસ, હૅમ્લેટ અલવિદા!' અને એ ઢળી પડ્યો.

ઝનૂનથી હૅમ્લેટ દોડ્યો અને રાજા પર જોરથી તલવાર ઝીંકી દીધી: 'ખૂની! ચાંડાળ! હત્યારા!' બોલતાંબોલતાંમાં તો હૅમ્લેટ હાંફી ગયો. એની રગેરગમાં ઝેર પ્રસરી ગયું હતું: 'હે પિતા! વેર...વેર પૂરું...'

અને એ ચક્કર ખાઈને પડ્યો.

રાજદરબારમાં એકસાથે ચાર લાશ ઢળેલી હતી. ❂



ઝનૂનથી હૅમ્લેટ દોડ્યો અને રાજાને ભોંક્યો: 'ખૂની! ચાંડાળ! હત્યારા!' તેની તલવાર રાજાના દેહની આરપાર નીકળી ગઈ. (ચિત્રકાર: ગૉર્ડન બ્રાઉન)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક
રવિશંકર
રાવળ

૧૩૪ લગ્નપ્રથાની અશુદ્ધિઓ

એ વર્ષના લગ્નગાળામાં મારા જાણીતા કેટલા યે યુવાનોનાં લગ્ન થઈ ગયાં. જ્ઞાતિઓના રિવાજો અને વ્યવહાર-બંધનોનાં જાળાંમાં પેઢીઓની પેઢીઓથી કન્યાની લેવડદેવડની કંઈક અટપટી રીતો કામ કરતી હતી. ચડતાં-ઊતરતાં ઘરો, પરંપરા પ્રમાણે, કન્યા જે સમૂહમાંથી મેળવે ત્યાં કન્યા ન આપે. તેમની કન્યા તેમનાથી ઊંચા કે ઉપર ગણાતાં કુટુંબોમાં જ અપાય, એટલે તેમને કન્યા આપનાર તેમને પૂજ્ય ગણે. આવી રીતે કન્યાની અપેક્ષા રાખ્યા વિના કન્યા આપનાર 'ખરા બ્રાહ્મણ' ગણાતા. વળના સમૂહોમાં કન્યાની સામસામી આપ-લે કરે તે 'લેવડ-દેવડિયા' કહેવાતા. શુદ્ધ કન્યાદાન કરનારને ગોહેલવાડી બ્રાહ્મણો 'ધરમઘોળિયા' કહેતા. જ્યાં કન્યા સામી આપવાની ન હોય ત્યાં પૈસા આપવાના હોય; અને એમ પૈસા લેનારાં ઘરો 'વિક્રય કરનારાં' કહેવાતાં. ન્યાતમાં તેમનું સ્થાન હલકું લેખાતું, પણ એમને યે કન્યા લઇ જનારા સામી કન્યા આપે નહિ એટલે ગામડાંમાંથી કે ભાણે ખપતી જ્ઞાતિમાંથી કન્યાઓ લાવવી પડતી. એમ કેટલીક જ્ઞાતિઓ કન્યાનો વેપાર કરનારી જ બની ગઈ. તેનું જાહેરમાં કશું માન નહોતું, અને ઠેઠ ઉપરનાં ખાનદાનો તો તેમનાં ઘરનું પાણી પણ ન પીએ તો પંક્તિમાં સાથે જમે તો શાના જ? આવા કુલાભિમાનીઓ બીજાઓનો તિરસ્કાર કરતા અને સારા માણસોને પણ ઉતારી પાડતા. પરિણામે જ્ઞાતિઓમાં કદી એકતા આવી નહિ અને



બાપુની ચલમના
ટુકડા થઈ ગયા

પડતી થવા લાગી. ખાનદાનના બેટાઓ ઘોડિયામાંથી વરી જતા, તેમનાં લગ્નો વહેલાં થતાં, ને તેઓ ભણી શકતા નહિ. વળી તેમને પરણવામાં પૈસો પડતો નહિ અને કેટલાંકને તો સામી પૈઠણ મળતી, એટલે પરણેલી સ્ત્રી હોય છતાં પૈસા મેળવવા તેનો ત્યાગ કરી પિયર કાઢી મૂકીને નવી પણ પરણતા! ખાનદાનમાં કન્યા આપવાના લોભવાળાઓએ તેમને પૈસા આપવાના ભાવ પણ વધારી મૂકેલા. સિદ્ધપુર, અમદાવાદ અને ઊંઝામાં તો ઘણા ઘરો ઉપર ભાવ મુકાતા. એક હજાર બે હજાર કે ત્રણ હજાર મળે તો જ ત્યાં સંબંધ થાય. એવા દાખલા પણ જાણ્યા કે પરણેલી વહુ જરા ઊંચે સાદે નવરા ધણીને કંઈ કહે તો ધણી રીસ કરીને બહાર જાય-અને સવારે તો નવી પરણી લાવીને જૂનીને વિદાય આપી દે! આથી લગ્નસંબંધની શુદ્ધિ જાળવવા



કજોડાંનાં લગ્ન

ઉ. માનવજીવનનો વિસ્તાર અને વિકાસ સાધનાર લગ્નપ્રથાનાં વિકૃત રૂપને શાસ્ત્ર અને ધર્મની પ્રતિષ્ઠા તથા છાપ આપનાર પુરોહિત વર્ગે દેશની ખરાબીમાં જે ભાગ ભજવ્યો છે તેનાં પરિણામો પેઢીઓની પેઢીઓમાં વર્તેલાં દુઃખ, વિયોગ, ત્રાસ, તિરસ્કાર અને સમાજનિંદા વગેરેમાં પ્રકટ થયાં છે. કજોડાંનાં લગ્ન કરાવનાર, સ્વાર્થસાધુ દલાલો જેવા આ પુરોહિતોને સમાજે 'વર મરો કે કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો' એ સ્વરૂપે પ્રમાણપત્ર આપ્યું છે. કેટલાયે જુવાનો અને કન્યાઓનાં જીવન હતાશ, દુઃખમય, પ્રકાશહીન અને પુરુષાર્થહીન કરી દેશની શક્તિ અને વિકાસના પંથ રૂંધનાર આ કજોડાં-લગ્નની પ્રથાએ ધર્મ અને સત્યને દૂર રાખી પાખંડ, સ્વાર્થ, ક્લેશપૂર્ણ દાંપત્ય અને દુઃખમય સંસાર જ સર્જ્યો છે.



વર-બજાર

ઉ. માત્ર કુળની ખાનદાની કે પરંપરાગત સંબંધો જાળવવા ખાતર કેક માબાપોએ પોતાની સુશીલ, નમણી, રાંક કન્યાઓને કોઈ પશુ કે ગાયની સોંપણ કરે એમ કામાંધ, નિષ્ઠુર અને કૃતાંત જ્ઞાતિજનોના પનારે બાંધીને તેમના જીવનભરના નિશ્વાસો અને શાપો સંઘર્યા છે. ત્રાસ પામેલી એવી કેટલી યે કન્યાઓએ કોઈ જ અવાજ વગર કૂવા-હવાડા અને અગ્નિસ્નાન કર્યાં છે. આજે પણ કન્યાના પિતાને બને તેટલો નિચોવી ખાનદાનીનો લાભ લેવા ઇચ્છતા યુવાનો અને વડીલો મળી આવે છે. બ્રાહ્મણ, જૈન, પાટીદાર આદિ જ્ઞાતિઓમાં ખાનદાનીના પાખંડમાં મોહિત બનેલી આ વડીલશાહી દેશનું મહાન કલંક છે. એને અધીન થનારા યુવકો ભલે કેળવાએલા હોય તો પણ તેઓ ચૂસણનીતિ અને નારીદ્રોહ નિભાવનાર પાતકીઓ છે.

૨૭૩ ('કુમાર' અંક ૪૮૬)



કંકોતરી વધાવી લીધી

કેટલાં યે નાનાં જૂથો બંધાઈ ગયાં હતાં અને આવા ન્યાત-વ્યવહાર તેમજ કન્યા-વ્યવહારના પરિણામે એક મોટી સાગર જેવડી ઔદીચ્ય ન્યાત નાનાં નાનાં ખાબોચિયાંમાં વહેંચાઇ ગઈ હતી. એ ખાબોચિયાંમાં જ માણસ જન્મતો, તેમાં જ પરણતો અને તેમાં જ મરતો. આથી કન્યા કે વરનાં ગુણ, અભ્યાસ, જ્ઞાન કે ચાતુરીની જોડી ભાગ્યે જ જોવા મળતી. માત્ર થોડા કરતાકારવતા પટેલિયાઓ ઓળખાણવાળાઓમાં કન્યા કે વર હોય તેની ભાળ મેળવી તેમને જોડી દેતા. વય કે ગુણ કોઈ જોતું નહિ. કેટલાકને તો આવી બાબતમાં પટેલોને સંતોષવા પણ પડતા. આમ જુવાનો બાપદાદાની પેઢીના વારસદારો થઇ શકતા.

૧૩૫ લગનગાળો આવ્યો

મને આર્યસમાજના બ્રહ્મચર્યના વિચારોએ પ્રભાવિત કર્યો હતો. સ્વામી વિવેકાનંદનું ચરિત્ર વાંચવાથી શક્તિની છાપ પડી હતી. એટલે હું ઘરમાં કહ્યા કરતો કે 'આપણે તો પૂર્ણ બ્રહ્મચર્ય સાધી અભ્યાસ અને કળાની સિદ્ધિ મેળવ્યા પછી જ લગ્ન કરવું છે. કોઇ ઉતાવળ કરાવશો તો ઘરમાંથી ભાગી જઈશ.' ઘરમાં બધાં હસતાં કે એવું તે કોઇ કરતું હશે? વેવિશાળ થયું છે તેને ના કહેવાશે? એ તો કન્યાનો બાપ તૈયાર થાય ત્યારે જાન લઈને પરણવા જવું જ પડે.' હું કડક જવાબો આપું એટલે મારાં બા ગભરાય કે આ છોકરો એવું કંઈ કરશે તો? વળી સમજાવે, 'અરે એવું કંઈ રખે કરતો. મને તો મરવા જેવું થાય અને તારા બાપની આબરૂ જાય.'

'અરે, પણ મને કહો તો ખરાં કે તમે કોની સાથે મને પરણાવશો? કંઈ ભણતર-જ્ઞાન લઇને આવશે કે નહિ?' જવાબ મળતો, 'જો ભાઇ, આપણી જ્ઞાતિમાં કોઈ કન્યાને ભણાવતું નથી. નોકરી કરવાની હોય તે ભણે, અને ઘરનાં કામો તો સૌ પિયરમાં અને સાસરે શીખી લે છે. વળી અમે એક વાર તારે સાસરે કહેવડાવેલું કે 'બે અક્ષર ભણાવજો' ત્યારે કહે કે 'અમારા ગામમાં કન્યાશાળા જ નથી; તમારે ત્યાં આવે ત્યારે ભણાવજો.' આમ મારી જીવન-કુંડલી ઘડાઈ ગઈ હતી.

એવામાં એ લગ્નગાળામાં જેમનાં વેવિશાળ પણ થયાં નહોતાં એવા કેટલાક મિત્રોનાં લગ્નો ગોઠવાયાં અને તેમના વરઘોડામાં પણ હું મહાલી આવ્યો. અમારા સમયમાં લગ્નટાણે મિત્રોને આવા વ્યવહારો વખતે બહુ માન, સ્થાન કે ખાનપાનમાં ભાગ મળતો નહિ. પણ પરણનારો મિત્ર નવાં કપડાં-ઘરેણાં પહેરી માથે સાફો બાંધી ઘોડા પર બેસીને બજાર વચ્ચે નીકળે ત્યારે તેની સામે હસી લેવાની ગમ્મત પડતી. બેચાર દિવસ પછી તો તેની પાસેનું લગ્નનું કોઈ રહસ્ય અમારી વચ્ચે પરદો કરી નાખતું. કવિતાની ભાષામાં કંઈક કંઈક બોલાઈ જતું, પણ તેના મનના વાસ્તવિક પ્રતિભાવો તો અમને અગોચર રહેતા. વર્ષોથી રાતદિવસ ઘુસપુસ કરતા મિત્રો કરતાં યે વધુ એકાંત અને ગોપનીય અધિકારો પામેલું પાત્ર અમે દૂરથી જ જોઇ રહેતા. નવવધૂઓ મિત્રો આગળ આવવાની હિંમત કરી શકતી નહિ અને કરે એવી હોય તેને પણ વડીલોની ધાક અને મર્યાદા પાછી જ ફટકો. મસ્તરામ પરણ્યા, બળવંતરાય પંડ્યા પરણ્યા, મહાસુખરાય પરણ્યા. એ બધાને તથા મિત્રોને એક અલગ ચા-નાસ્તાની પાર્ટી મળી.

૧૩૬ ...અને હું ઝડપાયો

એવામાં એક દિવસે મારા સસરાના કુટુંબી ખરા બપોરે સ્ટેશનેથી ઊતરી હાંફળા ફાંફળા આવી પૂછવા લાગ્યા: 'માણેકબા, વાત શું છે? કંકોતરી મોકલાવ્યાને વખત થયો અને જવાબ કેમ નથી?' મારાં બા પણ સડક થઇ ગયાં: 'કંકોતરી કોના સરનામે મોકલી છે?'

'કેમ તે વળી રાવળજીના નામથી જ છે.' મારા પિતા ડિસ્ટ્રિક્ટમાં હતા એટલે એમના નામની ટપાલ એકઠી કરીને એક ખાનામાં મુકાતી. તે મંગાવી ફંફોળી તો લાલ અક્ષરનું સાદી પોસ્ટનું કવર મળ્યું, અને ખોલ્યું તો મારા જ લગ્નની કંકોતરી હતી! બાએ મહેમાનને ખુલાસો કર્યો: 'ભાઈ, એમના નામનું કવર હોય તે એ જ ફોડે. એટલે અમે શું જાણીએ કે કંકોતરી છે? પણ હવે વધાવી લઇએ છીએ.'

મહેમાન કહે: 'પણ અમારો તો જીવ ઊડી ગયો હતો. અમે તો સાંભળ્યું હતું કે છોકરો હમણાં પરણવાની ના કહે છે. અમારે કન્યાને તેરમું વર્ષ જાય છે. વળી સાથેસાથે નાનીને ય પરણાવી દેવી છે. માટે હવે વેળાસર જાન લઈ આવી પહોંચો.'

અમારા સમુદાયમાં લગ્નપ્રસંગે વરપક્ષને બહુ ચિંતા હોતી નથી. કન્યાપક્ષ ટેક રાખે છે કે વરપક્ષ કન્યા માટે જે કૈં વસ્ત્રાલંકાર લઈ આવે તે વધાવી લેવાં. પિતાશ્રીએ ડિસ્ટ્રિક્ટમાંથી આવી જાનમાં કુટુંબનાં અને સંબંધીનાં મળી પંદર માણસોથી વધુ ન લઈ જવાં એમ જાહેર કર્યું. આપણે ગમે તેવી સારી સ્થિતિમાં હોઈએ, પણ વેવાઈ પર અણઘટતો ભાર થવો ન જોઈએ એવો તેમનો સિદ્ધાંત હતો. ઘણા પોતાની મોટાઈ બતાવવા મોટી જાનો વેવાઈને પાદર લઈ જતા અને કન્યાપક્ષને ઉતારા-ભોજનની મૂંઝવણ કરાવતા. એટલે હું મારા કોઈ મિત્રને સાથે લેવાની વાત મૂકી શક્યો નહિ.

જાનને રસ્તામાં એક ટંક ભાતું ખવડાવવાનું હતું, એટલે કંદોઇને બોલાવી સુખડી કરાવી અને ખાસ નવાઈ કરવા કેળના પાણીમાં ગાંઠિયા કરાવ્યા. એ સમયમાં જેમાં પાણી વપરાય તેવી મીઠાઈ કે વસ્તુ બ્રાહ્મણો ભાતામાં કે ઘરમાં ન વાપરતા. આથી બ્રાહ્મણો સેવગાંઠિયા, બુંદી કે પૂરીની દુકાનો ન કરી શકતા. કેળના પાણીની ચીજો ચાલુ થયા પછી શહેરને ખૂણે એકાદ બ્રાહ્મણે સેવ-ગાંઠિયા-પેંડાની દુકાન કરેલી. ત્યાં પાટિયું રહેતું કે 'કેળના પાણીમાં બનાવેલા સેવગાંઠિયા મળશે.'

જાન નીકળવાને દિવસે જાનમાં જનારાની પેટીઓની રેંકડીમાં ભાતાના મોટા દાબડા વિદાય થયા. કાકા રેલવેની નોકરીમાં હતા, એટલે એક ડબો સુવાંગ ખાલી રાખવા ડબાના બારણે રેલવેનો નોકર ઊભો રાખ્યો હતો. મેં વરરાજાનો ઠાઠ સજ્યો હતો. ખબર મળતાં સ્ટેશન-બંગલામાંથી મસ્તરામ વગેરે મિત્રો વિદાય આપવા આવી પહોંચ્યા. મિત્રોના મનમાં પણ અજાણી મંડળીની જાનમાં જવાની કોઈ ઉત્સુકતા નહોતી. તેઓ તો મિત્રના નવા જીવનની મશ્કરીઓ ઉડાવી મજા લેતા હતા.

ડબામાં ખાલી જગ્યા જોઈને ગામડાના એક બાપુ હોકો લઈ અંદર બેસવા આવ્યા કે કાકાએ આગળ જવા કહ્યું. બાપુ જરા મિજાજ કરી દાખલ થવા આગળ વધ્યા, એટલે કાકાએ પણ મિજાજ ગુમાવી ધક્કો માર્યો. પાઘડી પડતી અટકાવવા બાપુએ એક હાથે તે પકડી રાખી પણ ચલમ હેઠે પડી ગઈ અને તેના ટુકડા થઈ ગયા. કાકા પોતાના પડમાં હતા, એટલે કકળતા બાપુ બીજે બેસવા ગયા. આ પ્રસંગે મોટાભાઈના મિત્રો પણ બાપુને હસ્યા. મને તો તે બિચારાની દયા આવી કે ચલમ વગર તેનું શું થશે?

જાન લાઠી સ્ટેશને ઊતરી ગઇ. ત્યાંની પોસ્ટ ઑફિસમાં બપોર ગુજારીને સાંજ પડતાં થોડા ગાઉ ઉપર આવેલા વેવાઇના ગામને પાદર સંધ્યાકાળે ગોધૂલિ સમયે પહોંચવાનું હતું. સાથે આણેલું ભાતું સૌએ ખાધું. પછી જૂની રીતે વેવાઈ તરફથી કણબી ખેડૂતો ગાડાં લઈ આવ્યા હતા તેમાં જાન ઊપડી. રામ-લક્ષ્મણ નામના બે રજપૂત ભાઇ-ઓ પોસ્ટમેન હતા તેમણે પોતાની બંદૂકો ભરી ભડાકા કર્યા અને ગોરજ સમયે આંસોદર ગામે જાનનું સામૈયું થયું. બીજાં સગાંઓને ત્યાં પણ તે જ મુહૂર્તે લગ્નો હતાં, તે જાનો પણ આવી હતી. એ બધું સરઘસ ગામડાની બજારમાં થઈ પોતપોતાને ઉતારે વહેંચાઈ ગયું. અમારો ઉતારો કે જાનવાસો (જાનીવાસો) એક મોટા ચોગાનવાળા ડેલીબંધ વંડામાં ઊંચી ઓસરીવાળા મકાનમાં હતો.

૨૩૭ હસ્તમેળાપ

લગ્ન-મુહૂર્તે સમયે વેવાઈપક્ષે ફૂલેકા માટે ઘોડું મોકલ્યું. તે પર વરરાજા બેઠા એટલે પાછળ કુટુંબનાં બૈરાં ગીત ગાતાં ચાલ્યાં. પુરુષો મોખરે રહ્યા. ઢોલ-શરણાઈવાળા તેમનાથી યે આગળ હતા. ભાભી, કાકી વરને જોઈ મલકાતાં હતાં. ગીતોમાં કુટુંબીઓનાં નામો જોડાતાં હતાં. એમ પહોંચ્યા સાસરને ઘેર, માંડવે. ઘોડા પરથી ઊતરી વર ખડકી આગળ ઊભો રહ્યો, એટલે સાસુએ પોંખી લીધો. ઘણા ય મને ચેતવણી આપી ગએલા કે સાસુ આ વખતે જમાઈનું નાક તાણે છે, અને ચતુર જુવાનો તે પ્રસંગ ચુકાવે છે; એટલે મારા પ્રસંગે હું સાવચેત હતો, પણ એવું કશું બન્યું નહિ. કદાચ મારા વિષે છાપ હતી કે જમાઈ બહુ રિસાળ છે એટલે તેને ચીડવવા નહિ.

હજારો વર્ષની પરિપાટી પ્રમાણે શાસ્ત્રે નક્કી કરેલા વિધિથી બ્રાહ્મણોનાં લગ્નો હજુ ચાલુ છે. મધુપર્ક અથવા માહ્યરાના પ્રથમ વિધિમાં કન્યાના પિતા જમાઈનું પૂજન કરી કન્યાદાનનો સંકલ્પ કરે છે અને અંતરપટ (આડું વસ્ત્ર) ધરી વરની સામેના બાજોઠ પર કન્યાને પધરાવે છે. વેદમંત્રો અને સ્તુતિઓ બોલતા પુરોહિત અને સાથીઓ હસ્તમેળાપના શુભ મુહૂર્તની રાહ જુએ છે, અને ઘાણું-ઘડિયાળમાં ઠરાવેલો સમય જોઈ 'હસ્તમેળાપનો સમય થયો : સાવધાન' બોલી અંતરપટ દૂર કરી વરકન્યાની જમણી હથેલીઓ મેળવી સંપુટ કરી બાંધી લે છે.

આ સમયનો રોમાંચ હું જીવનમાં કદી વીસરી શક્યો નથી. જીવનભરનું સહજીવન અર્પતી એક અનભિજ્ઞ કુમારિકા, જેનું મેં મોં સરખું કદી જોયું નહોતું, તેનો થથરતો હાથ સૌ વડીલોના દેખતાં મારા હાથમાં બાંધી દેનારા બ્રાહ્મણોની ધીટતા ને વિશ્વની ઘટનાનું પાલન કરવાનો આગ્રહ મારા મનના અનેક તરંગો ઉછાળી રહ્યો હતો. અરધાપોણા કલાકનો આ વિધિ મારા સમગ્ર જીવનનો આકાર છાપી ગયો.

જાનને ત્રણ ટંક રોકવાનો રિવાજ હતો. એ દરમ્યાન જાનીવાસામાં થતા જાનૈયાઓનાં ટીખળ, કોઈ ઢીલા-પોચાની મશ્કરીઓ, અને ખાસ તો વરરાજાની આસપાસ લગ્નજીવનની ખાનગી રીતભાતો રસથી વર્ણવતા અણવરો ને પીઢજનો, એમાંનું કંઈ મારી આસપાસ નહોતું. વરને તો માંડવે જ સૂવાનું હતું. ત્યારે પણ હું સાંજ-સવાર સંધ્યા કરતો. મારા કાકા મારી સાથે જ રહેલા. કોઈ કુતૂહલ-પ્રસંગ કે સખીઓની મશ્કરીઓનો અભાવ હતો. મારા સસરાએ આ પ્રસંગે બે કન્યાઓ એકીસાથે પરણાવી હતી. બીજા જમાઈ ગામડામાંથી આવ્યા હતા. અમારું ઓળખાણ પહેલું જ હતું. બૈરાંઓએ શિવ-પાર્વતીનાં અને રામસીતાનાં લગ્નનાં વર્ણનોવાળાં સુંદર ગીતો સંભળાવ્યાં. તેમાંનાં 'કન્યા ચડી રે કમાડ, સુંદર વર નીરખવા' જેવાં કલ્પના-ચિત્રોની કદર કરવાની બૂજ મારામાં નહોતી.



જાનીવાસો

જાન ઘેર આવી. વણિકોમાં તો ગમે તે વયનાં જોડાં પરણે તો પણ ઘેર આવતાં જ પહેલી રાતથી તેમને એકાંત ઓરડો મળે. પણ અમારે ત્યાં કન્યા પહેલું આણું લઈને આવે ત્યારે જ એ રિવાજનું પાલન થતું. આઠ કે દસ દિવસ નવાં વરઘોડિયાંને કોઈ ને કોઈ ઘેર જમવાનું આવતું. એ વખતે બેન કે નાનો ભાઈ અથવા સમોવડિયા પિતરાઇઓ સાથે હોય, એટલે નવવધૂનું ઘૂમટા-સ્વરૂપ માત્ર જોવા મળે. દસ-પંદર દિવસે તો કાકાજી તેને લેવાને આવ્યા અને અમારી મિલનેચ્છા ને મધુર વાર્તાલાપ કલ્પનામાં જ રહ્યાં; અને જાણે પરણ્યા જ નથી એ રીતે રહેવાનું વર્ષ મળી ગયું. (ચાલુ)



હસ્તમેળાપ

સુધીર દલાલ

પારકા ભાણાના લાડવાની વાર્તા અપેક્ષા

તમે ક્યારેક તો પંદર-સોળ વર્ષના હતાને ? તો તમે જાણતા હશો કે શશાંકને ત્યારે શું થયું હશે.

એકાએક જ ભણવામાંથી એનું મન ઊઠી ગયું. પહેલા વરસાદ પછી ઘાસ ફૂટી નીકળે, કે ગરમ મૂકેલું પાણી ઊકળતાં, શરૂઆતમાં છૂટાછૂટા અને પછી આખી ય સપાટી ભરી દેતા ઝીણા પરપોટા બંધાય અને ફૂટે, એમ શશાંકના ગાલ પર ખીલ નીકળી આવ્યા—પહેલાં છૂટાછવાયા અને પછી તો આખું કપાળ અને બંને ગાલ ભરી દેતા, લાલ લાલ ચણોઠીઓ જેવા. ચાર-છ માસ પહેલાંનો ઠીક ઠીક ચહેરો હવે કદરૂપો લાગવા માંડ્યો. એક દિવસ એણે અરીસામાં ધારીધારીને પોતાની સામે જોયું. આમ ફરીને જોયું, તેમ ફરીને જોયું. ચહેરાની તસુએ તસુ જગ્યા એની આંખોએ ફોલી ખાધી. થોડા ખીલ ફોડ્યા, પણ ત્યાં તો પછી વધારે લાલ ચાઠાં પડ્યાં. એને એની જાત પર ચીડ ચડી. આ કદરૂપો ખીલવાળો ચહેરો કોઈને ય ગમે ? કોઈને ય ? !

હાફપૅન્ટમાંથી નીકળતા લાંબા કાળા વાળવાળા પાતળા પગ જોઈ એને શરમ આવી. માએ ગળે બાંધેલું માદળિયું તોડી નાખ્યું. હવે કૉલેજમાં એવું સારું ન લાગે. વાળ પણ સાવ જૂનવાણી ઢબે કાપેલા હતા. એણે નિશ્ચય કરી લીધો કે ભલે મોઢે ખીલ હોય, પણ બીજી રીતે તો પોતે એવી ટાપટીપ કરશે કે કોઇને ય એ ગમી જાય, કોઈને ય !

બીજે જ દિવસે એ કાપડ ખરીદી લાવ્યો. ચાર નવી જ ફૅશનનાં આઈવી પૅન્ટ સીવડાવ્યાં. ચકરડાં-ભમરડાંવાળાં ચાર ભભકરંગી બુશશર્ટ લઈ આવ્યો. રૂપિયો આપી આગળ ગુચ્છો રહે એવા વાળ કપાવી આવ્યો. છાપામાં જાહેરખબર વાંચી ખીલનો મલમ લઈ આવ્યો. અને પછી નવું પૅન્ટ ને નવું બુશશર્ટ પહેરી, સૂકા વાળમાં આછું આછું તેલ લગાવી ઝુલ્ફાં ગોઠવી, ફરી અરીસા સામે ઊભો રહ્યો. હવે એ કોઈને ગમશે. કોઇને ય ! માત્ર ખીલ સિવાય હવે કોઈ ક્યાશ નહોતી. એ પણ મલમના પ્રતાપે પંદરેક દિવસમાં તો સાફ થઈ જશે, અને ફરી પોતે રૂપાળો લાગશે. પોતે રૂપાળો હતો જ વળી !

કૉલેજથી આવી મોટા ભાગે એ ફરવા ચાલ્યો જતો. રસ્તા પર કેક ફૂલફટાક યુવાન-યુવતીઓ દેખાતાં. ઘણાખરાની સાથે એકાદ તો યુવતી હોય જ. પછી તે બહેન હોય, કાકા-મામાની દીકરી હોય, અને કેટલાકને તો પ્રિયતમા પણ. માત્ર એ જ એકલો ફરતો. સાથે ક્યારેક એનો દોસ્ત હોય. પણ ક્યારે ય છોકરી તો નહિ જ ને ?

રાત્રે વાળુ કરી એ ખાટલો ઢાળી એના ઉપર આડો પડતો. ખાટલા પર ઊંધા પડચાપડચા ધડ નીચું નમાવી તણખલાથી લાદી પર અદૃશ્ય રેખાઓ ચીતરતો. ક્યારેક છૂપુંછૂપું નામ પણ : સુરેખા, કાલિંદી, રેખા, અનુપમા. અને પછી આજુબાજુ એકદમ નજર ફેરવી પોતાની અદૃશ્ય રેખાઓ કોઇ જોઈ ગયું તો નથી ને, એ ચોક્કસ કરી લઇ જાણે હાથથી ભૂંસી નાખતો. એ બધી એના વર્ગની છોકરીઓ હતી. બધી જ રૂપાળી હતી—દેખાવડી. એનો ભાઈબંધ નીતિન એ બધાં સાથે વાતો કરતો ત્યારે પોતે જો એની જોડે હોય તો ખસી જઈ દૂર ઊભો રહેતો. એની સાથે કોઈ વાત નહોતું કરતું. બધાં ય નીતિન સાથે વાત કરતાં. શું પોતે કોઇને ય નહિ ગમતો હોય ? કોઇને ય નહિ ?

હવે એના વિચારોના ઘોડા છૂટા થઈ જતા. કૉલેજથી છૂટતાં પોતાની બાજુ જ રહેતી રેખા ચાલતી જતી હશે અને પાસેથી પોતે પસાર થતો હશે ત્યારે એકાએક જ રેખા પોતાને બૂમ મારશે : 'શશાંકભાઈ, કેમ આટલા ઉતાવળા ઉતાવળા ? મારે ય ઘેર જ જવાનું છે, હોં !' પહેલી જ વાર વાત કરે છે, છતાં ય કેટલી નિખાલસતાથી ! જાણે વર્ષોની ઓળખાણ ના હોય !

હવે, એને 'તમે' કહેવું કે 'તું' ? 'તું' જ કહેવા દે. એકવાર 'તમે' શરૂ થઈ જાય એટલે પછી 'તું' કહેવાતું જ નથી. 'અરે ! તને તો મેં જોઈ જ નહિ !' કહી રસ્તાની પેલી કોરથી આ કોર આવી રેખાની સાથેસાથે જ પોતે ઘેર આવશે. સાવ ઘર સુધી નહિ. મા જોઈ જાય. જરાક છેટેથી બંને જુદાં ચાલવા માંડશે. એનાં આ દિવાસ્વપ્નો એટલાં તો તાદૃશ હતાં કે એને આખા શરીરે પરસેવો વળી જતો. અને માને જોઇને તો છોભીલો પડી જતો. કદાચ એ જાણી ગઈ હશે ?

મા ન જાણી જાય એટલે તો એ માંડમાંડ જમતો. બાકી ખરી રીતે તો એને હવે ખાસ ભૂખ જ લાગતી નહોતી. ભાવતું પણ નહિ. મા જોડે વાત કરવાનું પણ ગમતું નહોતું. એની જોડે શી વાત કરે ? કૉલેજની ? પ્રોફેસરોની ? ભણવાની ? એને જે વાતો કરવી હતી તે તો કરાય એમ નહોતી. કાલિંદીની માને એની મા ઓળખતી હતી એટલે કાલિંદીની માની વાત એ રસ દઇને સાંભળતો. કાલિંદીની માએ એક વાર કહેલું કે 'તમારો શશાંક તો હોશિયાર છે; એને વાંચવાની શી જરૂર છે ?' અને જ્યારે એની માએ એને એ વાત કરી ત્યારે એ કાલિંદી પર ખુશ થઇ ગયો. કેટલી દેખાવડી હતી એ !

પણ રસ્તામાં જ્યારે રેખાને એ ખરેખર કૉલેજથી ઘેર જતી જોતો ત્યારે એની હિંમત ભાંગી પડતી ! કાં તો ઝડપથી ચાલી આગળ થઈ જતો, કે કાં તો ધીમે ચાલી પાછળ રહી જતો. અને ત્યારે પણ એના શરીર પર પરસેવો ફરી વળતો. રેખા એની સાથે ક્યારે ય બોલતી નહિ. અરે, ઊંચું જોઈ એની તરફ નજર સરખી પણ કરતી નહિ. રેખાને મન તો એની પાસેથી ગધેડો પસાર થઈ ગયો હોય તો ય સરખું હતું.

રેખા પણ ગજબની છોકરી હતી ! આટલી સુંદર, પણ બેહદ નફિકરી. એક વાર એણે બધી હિંમત એકઠી કરી અને કૉલેજ છૂટતાં ઝાંપે ઊભો રહ્યો : વારેઘડીએ ઘડિયાળ જોતો, જાણે કોઈની મુલાકાત હોય એમ. રેખા ત્યાંથી નીકળે તો આજે તો એની સાથે જ પોતે ઘેર જવાનો હતો. 'છેવટે એ ડુક્કર આવ્યો નહિ; ચાલ હવે વાટ જોવી નકામી છે' એમ કહી પોતે એની સાથે ચાલી નીકળશે. રેખા માટે જ ઊભો છે એમ રેખાને શક પણ ન જાય, મવાલી પણ ન ઠરે, અને વળી રોમાન્સ પણ થાય !

રેખા નીકળી. પાસે થઈ પસાર થઈ ગઈ—એના તરફ જોયા વગર. અને એ ઘડિયાળ જોતો રહ્યો ! પછી દસેક મિનિટે ઘેર જવા નીકળ્યો. ત્યારે તો રેખા ઘેર પહોંચવા ય આવી હશે. 'રેખાને હું સખત ધિક્કારું છું. બહુ જ અભિમાની છોકરી લાગે છે. બળ્યું તો કંઈ નથી, અને છતાં મચકો તો જુઓ !' મનમાં ને મનમાં એ સમસમી રહ્યો.

એની આગળની બૅન્ચ પર બેઠેલી છોકરીની મુલાયમ મખમલી હથેળી એ જોઈ રહેતો. એક જ વાર, ફક્ત એક જ વાર પોતે એ હથેળી પોતાના હાથમાં લઈ શકે તો ? એક જ વાર પેલી લાંબી આંગળીઓમાં આંગળીઓ પરોવી લીસા નખ પર પોતાની આંગળીઓનું ટેરવું ફેરવી શકે તો ? એક જ વાર પેલી પાતળી ડોક પરથી વાળ ખસેડી લઈ શકે તો ? એક જ વાર, માત્ર એક જ વાર એ એની પાસે બેસી શકે તો ? એના સ્કર્ટની સાથે એકાદ વાર ભૂલથી પણ ઘસાઇને ચાલી શકે તો ?

એની મહેકથી પોતાનું મન, મગજ, નાસિકાઓ તરબોળ કરી શકે તો ?!

એને બીજું કંઈ જ જોઇતું નહોતું. માત્ર સિનેમામાં સાથે કોઈક, એને મનપસંદ બેઠેલું જોઇતું હતું. એને એનાં માબાપ સાથે પિકનિક પર નહોતું જવું, છોકરા-છોકરીઓના મિશ્ર ટોળામાં જવું હતું; જેવી રીતે એના બધા જ મિત્રો જતા હતા તેમ: ભાઇઓ, બહેનો, ભાઈઓના ભાઈબંધો, બહેનોની બહેનપણીઓ.

પણ એક દિવસ એનું નસીબ ઊઘડી ગયું. દિલ્હીથી આજે દસેક વર્ષે એનાં માશી આવવાનાં હતાં અને સાથે એમની દીકરી અપેક્ષા. અપેક્ષા એના જેવડી જ હતી. કેવી હશે એ તો એને ખબર નહોતી. જોયે દસ વર્ષ થઈ ગયાં હતાં. અપેક્ષા સાથે પોતે ફરવા જશે, તેની સાથે સિનેમા જોવા જશે, એને પોતાની કૉલેજ બતાવશે, ચાલુ કૉલેજે કૉલેજના મકાનમાં ફેરવશે. બધા એને જોઇને વાતો કરશે: 'અરે! શશાંક આ કોને લઈ આવ્યો છે? બિલકુલ કટ છે!' અને પછી જ્યારે બધા એને પાછળથી પૂછશે કે 'અલ્યા શશાંક, આ કઈ પૂતળી હતી?' ત્યારે પોતે કહી દેશે કે 'ડફોળ; મોઢું સંભાળીને બોલ; એ તો મારી માશીની છોકરી છે, અપેક્ષા.' જોકે એ કહેવામાં ય વિજયનો રણકો ઓછો નહિ હોય. આવો બેટમજી, અમે પણ કંઇ કમ નથી. અમે પણ એકલાએકલા પિક્ચર જોવાં જતા નથી; કે કોઇ દોસ્ત જોડે. અમારી સાથે તો અપેક્ષા હોય છે.'

અપેક્ષા તરફ પોતાનો વિકાર થવાની કોઈ શક્યતા નહોતી તે એણે મનોમન નક્કી કરી લીધું. એ તો પોતાનાં માશીની છોકરી હતી, બહેન હતી. એ તો માત્ર બધાને બતાવી ચાટ પાડી દેવાનું સાધન જ હતી, જેથી કરી પોતે બધાથી જુદો ન પડી જાય. પોતે પણ ક્યારેક વાતવાતમાં કહી શકે: 'અરે, ગઈ કાલે તો મેં અને અપેક્ષાએ કંઈ આઈસક્રીમ ખાધો છે, કંઈ આઈસક્રીમ ખાધો છે!' અને બધા સમજે કે ભાર 'અપેક્ષા' ઉપર છે, 'આઈસક્રીમ' પર નહિ.

અપેક્ષા આવી. ઓગણીસ વર્ષની, ગોરી, નાજુક, પાતળી, ગજબની ફૅશનેબલ, ચાલાક, ચબરાક, નખરાળી, કમીઝ-દુપટ્ટામાં શોભી ઊઠતી, પોચી મખમલિયા હથેળીવાળી, લાલ રંગેલા તીણા નખવાળી, ઝીણા સ્વરે બોલતી. અત્યંત દેખાવડી નહોતી, ભલભલાને પાડી દે એવી નહોતી, પણ ખરાબે ય નહોતી. મનમાં બે ઘડી સંવેદનો જગાડી જાય એવી તો હતી જ. પાસે બેઠી હોય તો બે ઘડી વાત કરવાનું મન થાય એવી તો હતી જ. અને ખરું તો એની સાથે વાત કરવામાં હિંમત એકઠી કરવી પડે એમ ન હતું. એ તો પોતાનાં માશીની જ છોકરી હતી, અપેક્ષા!

અને પછી તો એ ખૂબ ફર્યો. અપેક્ષાને સિનેમા બતાવ્યો, શહેર બતાવ્યું, કૉલેજ બતાવી, કાંકરિયું તળાવ બતાવ્યું; બગીચામાં ફેરવી, આઈસક્રીમ ખાધો, દોડયાં, શરતો મારી, હસ્યાં-રમ્યાં, 'ચાંપલી' કહ્યું, 'ચાંપલો' સાંભળ્યું, 'મીઠડી છે' એમ મનમાં થયું, આવી જ મારી કોઈક, ક્યારેક હશે એવો મનોમન નિશ્ચય કર્યો, આશા સેવી, સ્વપ્નો બાંધ્યાં. અપેક્ષા એના જિગરમાં સમાઈ ગઈ. નવા રૂપે, નવા લેબાસે, નવી પિછાણે, નવી મૂર્તિ રૂપે.

અપેક્ષા આવી, અને પાછી દિલ્હી ચાલી યે ગઈ. પણ એના સારુ તો હમેશને માટે એક સ્વરૂપ મૂકતી ગઈ, એક આદર્શ મૂકતી ગઈ, એક સ્વપ્ન રચતી ગઈ, ભાવી પત્નીને માપવાનો એક માપદંડ મૂકતી ગઈ.

પણ પંદરથી અઢાર-વીસ વર્ષની ઉમર બધાની ય આવે છે ને જાય છે. શશાંક ભણી રહ્યો. કૉલેજ છોડી. વિવાહ થયા. લગ્ન થયું ને ઘેર પત્ની આવી. અપેક્ષામાં અને એનામાં ઘણો ફેર હતો. અપેક્ષા પાતળી હતી, એની પત્ની સહેજ 'સરખી' કહેવાય એવી હતી. અપેક્ષાનું મોં લાંબું હતું, એની પત્નીનું ગોળ. અપેક્ષા ઝીણા સ્વરે બોલતી, ચાંપલાશથી પોતાને 'ચાંપલો' કહી ખીજવતી, એની પત્ની ઘેરા મીઠા અવાજે બોલતી અને આવું કંઈ જ આડુંઅવળું વરણાગિયું બોલતી નહિ. એની પત્ની દેખાવે ગમી જાય એવી હતી એની ના નહિ, પણ અપેક્ષા જેવી તો નહિ જ. અપેક્ષા એ અપેક્ષા હતી. ક્યાં એ મસ્તી, એ જુવાળ!

પણ એની પત્ની સુનીતાએ એના ઘરનો ભાર ઉપાડી લીધો હતો. એને એ ખૂબ ચાહતી હતી. એ લડતો તો એ રડી પડતી, માફી માગી લેતી. સાથે ફરવા આવતી, વાતો કરતી—સાંભળવી પણ ગમે એવી. અને છતાં ય ઊંડેઊંડે, ઊંડેઊંડે પેલી અપેક્ષાની મૂર્તિ સતાવતી. અપેક્ષા જેવી સુનીતા કેમ નહિ હોય? શું ખૂટતું હતું? ખૂબ વિચાર કરતાં ય એને એ જડતું નહિ. સુનીતા દરેક રીતે આદર્શ હતી એટલું સમજવા જેટલો તો એ પ્રામાણિક હતો જ. પણ પેલી છાળો ઊડતી નહોતી, હૃદયના ઊંડાણમાં પેલી સરવાણીઓ ફૂટતી નહોતી. ડોક પરના વાળ ખસેડી ડોક પર ચૂમી ભરી લેવાની ઈચ્છા થતી નહોતી. આંગળીઓમાં આંગળીઓ પરોવતાં કંઈક સંકોચ રહી જતો, પ્રયત્ન કરવો પડતો,—લાડ કરવાનો, પ્યાર કરવાનો, સ્નેહની હૂંફ શોધવાનો.

અને છતાં કુદરત તો વહેતી જ રહે છે ને? ને કાળ પણ! એક, બે, ચાર, પાંચ, સાત, દસ...દસદસ વર્ષના થર બાઝી ગયા છે. અપેક્ષા ઢંકાઈ ગઈ છે, પેલી ઉત્કટ ઇચ્છાઓ અને સ્વપ્નો ઢંકાઈ ગયાં છે. પરંતુ જે જોઈતું હતું એ મળ્યું નહિ એ ભાવના ઊંડેઊંડે પણ ક્યારેક સળવળે છે. સુનીતા સારી છે, પોતાને સુખી કરે છે, બાળકોને સુશીલ બનાવે છે, બધું જ છે; પણ એટલું જ છે કે એ અપેક્ષા નથી. અપેક્ષાનું સ્વરૂપ નથી. ઘણી વાર તો એને પણ થાય છે કે મારે એવું તે શું જોઇએ છે જે સુનીતામાં નથી? કંઈ જ નહિ. બધું જ એનામાં છે. તો પછી? પેલી સરવાણીઓ ક્યારે ય નહિ ફૂટે? ઊંચે ઊડેલા ગબ્બારા ક્યારે ય અનેક ઝળહળિત તારલાઓના હાસ્યમાં એકરસ નહિ થઈ જાય?

એવામાં એક દિવસ, હવે બ્રહ્મદેશમાં એના વર જોડે રહેતી અપેક્ષાનો કાગળ આવ્યો. એ દેશમાં આવી હતી અને કાલે ત્યાં આવશે. આટલા વર્ષે અપેક્ષા! એકદમ એના હૃદયમાં વસંત પાંગરી. આનંદની છોળો ઊડી. ફરી એનું સ્વપ્ન સાકાર પ્રકટ થશે એનો એને આનંદ માતો નહોતો. એવી જ એની સુનીતા હોત તો કેટલો રૂઆબભેર અપેક્ષા સાથે ઓળખાણ કરાવી શકત!—'અપેક્ષા, આ સુનીતા'. અને પછી પોતે ગર્વથી ફુલાઈ રહેત: જોયું ને? કેવી પત્ની લઈ આવ્યો છું! અને અપેક્ષા પણ મોંમાં આંગળાં નાખી જાત!

અપેક્ષા આવી—દસ વર્ષ પછી. સાથે એનાં ચાર ટાબરિયાં હતાં: તોફાની બારકસો. રીતભાતનું નામનિશાન નહિ. મોટર જોઈ ના હોય એમ ચડી બેઠાં અને સ્ટીઅરિંગ મરડી નાખ્યું. અને અપેક્ષા! ખૂબ જાડી થઈ ગઇ હતી. ભપલા જેવા ગાલે આંખોને દાટી દીધી હતી, પુરાણી અપેક્ષાની તેજસ્વી ચમકતી આંખો સાવ ફિક્કી થઇ ગઈ હતી સાવ જ ચેતનહીન. અને મિજાજ? બાપરે! શશાંકનાં ય હાંજાં ગગડી જાય એવો! ઘેર પહોંચતાં સુધીમાં તો દરેક છોકરું ઢિબાઇ ગયું!

મોટર ઘેર આવતાં જ અપેક્ષાએ કહ્યું: 'શશાંક, સુનીતા તો બહુ રૂપાળી છે એમ બા લખતી હતી. અહીં જ છે કે પિયર?'

અને સુનીતા બહાર આવી ત્યારે અપેક્ષાનો પેલો જૂનો સ્વભાવ થોડીક વાર માટે ઝબકી ગયો. શશાંકને ધબ્બો મારતાં બોલી: 'અરે વાહ! ભાભી તો કંઇ છે ને શશાંક! વખાણતાં શરમાતો હતો?'

શશાંક અપેક્ષા અને સુનીતાને સરખાવી રહ્યો. આ જ એના સ્વપ્નની અપેક્ષા? આવી જ પત્ની એ માગી રહ્યો હતો? જાડી, મિજાજી, ચાર વાંદરાંઓની મા?!

એ રાતે શશાંકે મન મૂકી સુનીતાને વહાલ કર્યું.

પારી(સ)ને, ફ્રાન્સને, ત્યાંની રંગીલી રંગભૂમિને 'આદ્યૂ' (અલ્-વિદા) કહેતાં પહેલાં જોઈ લઈએ

નવા ચીલાનાં નાટકો

રંગગઠરિયાં-૪૬

ચન્દ્રવદન મહેતા

અને આપણે હવે ફ્રાન્સને 'આદ્યૂ' (અલવિદા) કરવાનો દિવસ ઢૂકડો આવી પહોંચ્યો છે. કોને સલામ કરીશું? કોઈ એકાદ-બેની સંખ્યા હોય તો જાણે સમજ્યા. પણ નટ, નટી, નાટકકાર, રજૂઆત કરનાર અને મિત્રમંડળ, કોને 'આવજો' કહીશું?

જવાના દિવસ ઢૂકડા આવતાં, જોવાય એટલાં નાટકો જોઈ લેવાનું નક્કી કર્યું. હેલસિન્કીમાં મળેલા આઇનેસ્કોનું 'ધ ચેર' તથા 'ધ લેસન' તો જોયાં હતાં, અહીં 'ર્હાઈનોસિરસ' પણ જોયું. ગામમાં આજે ર્હાઈનોસિરસ આવનાર છે એથી લોકોના મનમાં જે વિવિધ પ્રત્યાઘાતો થાય છે, એની એમાં સારવણી છે. ર્હાઈનોસિરસ તો આવતું જ નથી, પણ એના જેવો જ એક માણસ આવે છે: વૃત્તિમાં પણ એવો જ. એમાંથી માનસિક ડખો ઊભા થતાં આંતરસંઘર્ષ રચાય છે અને એમાં રજૂ થતો ચિતાર આપણા ચિત્તને પણ ચકરાવે ચડાવી દે છે.

આઈનેસ્કો સાર્ત્રથી પણ આગળ વધેલો નાટકકાર છે. આપણે એને હેલસિન્કીમાં મળ્યા જ હતા, ભૂલી ગયા? ત્યાં એણે 'આવાં ગાર્દ' ઉપર મનનીય ભાષણ આપ્યું હતું. એને નિકટ રહી ઓળખવાના મારા લહાવા માટે મારે ખરેખર ઈશ્વરનો વારંવાર ઉપકાર માનવો રહ્યો. બહુ લખાયું છે—એને વિષે, એની કૃતિઓ ઉપર; એટલે લંબાણ નહિ કરીએ. એની સાથે ચર્ચા કરો તો જાણવા મળે કે આ જગત સત્ય છે અને મિથ્યા પણ, એવું જે આપણા મનને વારંવાર લાગ્યા કરે છે, એ મનનાં પડખાં પ્રત્યક્ષ કરી બતાવવાનો એનો પ્રયત્ન છે. જગત મિથ્યા છે એ જાણીએ, માયાના વિસ્તરણની બહાર નીકળીએ તો નિરાશા, અંધકાર, ભ્રાંતિ, ભ્રમ, એની અસરમાંથી કંઈક નવું, અવનવું, અલૌકિક જોવા—અનુભવવા મળે છે, ત્યારે નવતર ઉષાની રોશની દેખાય છે. કેટલાક એ અનુભવે છે. આઇનેસ્કો 'છે' અને 'નથી' નો એવો અનુભવ કોઈક વાર નોખો નોખો, તો કોઈ વાર મિશ્રિત સ્વરૂપમાં રંગભૂમિ ઉપર રજૂ કરવા મથે છે. આ પ્રયત્ન કે અનુભવ નવો નથી; આપણે ત્યાં તો સુજનજૂનો છે. પણ આપણા ચિંતકો તત્ત્વદર્શન તરફ વળ્યા, આઈનેસ્કોએ નાટકનું માધ્યમ સ્વીકાર્યું. કેટલે અંશે એમાં એ સફળ નીવડશે એનો નિર્ણય સારવવાને હજી વાર છે.

એનું એક બીજું નાટક લ્યો: 'જૅકસ યા વફાદારી.' સાર્ત્ર, આઈનેસ્કો, ગિરેદો આદિ નવા નાટકકારોએ કૉમેડી ટ્રૅજેડીની સરહદો તોડી કહીક ભારેનાં સંમિશ્રણ બનાવ્યાં છે. 'એ ટ્રૅજિક ફાર્સ' 'એ નૅચરલ કૉમેડી' એમ પોતાનાં નાટકનાં મથાળાં બાંધતાં એ લોકો અચકાતા નથી. આ નાટકમાં પણ લગ્નની વાત. માબાપની મરજી, પણ જૅકસ જે કન્યાને જુએ છે, અને કન્યા એની સામે જે પોતાનાં મનનાં પડખાં રજૂ કરતી રહે છે, એ જોઈને આપણે એક વખત તો વિચારોના ચગડોળે એવા તો ચડી જઈએ કે આખરે આપણે ક્યાં ઊતરીએ એની ખબર પણ ન પડે, અને 'આ શું?' એમ બોલી નાખીએ. પણ આ નાટકકારનો હેતુ જ એ કે તમારા મનની એવી જ દશા કરી નાખવી. અને એમાં એની કલાની સફળતા.

એક ઠેકાણે રૉબર્ટા કહે છે: 'હું તો ખૂની છું, વિચિત્ર છું, દુઃખમાં આનંદ લેનારી છું.' પછી કેટલુંક એવું લવારે છે કે એનો અર્થ બેસાડવો પણ અઘરો પડે. ઘોડામાંથી કૂતરાના બચ્ચાની વાત નીકળે, અને નહાવાના ટબમાં બે ડાઘાવાળું તરતું કૅન્સર જોયાનું સૂચન કરે! ભ્રમ અને ભ્રાંતિ, મનના મણકા ખેરવાય અને ગોઠવાય, તરંગનાં ચિત્રવિચિત્ર બુદ્બુદો ઉદ્ભવે અને નાબૂદ થાય, અને છતાં એમાં ક્યાંક એકધારો અર્થનો તાંતણો વણાએલો હોય. એકની એક રૉબર્ટા બે ત્રણ વેશે આવે, મોઢે મુખવટો—મુખબુરખો—પહેરીને આવે: વાત કંઈ નવી તો નથી જ. વહુ—જેનાં જતે કાળે બે મોઢાં થવાનાં છે, ત્રણ પણ થાય, ચાર આંખો પણ થાય, વધારે નાક પણ થાય; 'મગમાંથી પગ આવે' એમ આપણે નથી કહેતા? એ વહુ—જોડે ગાંડીઘેલી વાત કર્યા પછી, જૅકસને લગ્ન માટે એ કબજે તો લે જ છે. એક વાર એ એનો હાથ બતાવે છે, તો આંગળી નવ! અને ઓજાજા! નવે આંગળીઓ ઉપર નંગો જડેલી વીંટીઓ! બસ, જૅકસને થયું જ કે થનાર વહુ છે તો પૈસાદાર, પરણો! અને પરણ્યા. ઘણી વહુઓ એમ પોતાના વરોને તાબે નથી લેતી?

નાટકોની વાતે ચડ્યા છીએ ત્યારે છેલ્લે દિવસે જોએલું એક ગ્યાં જિને (ટ)નું નાટક પણ જોઈ લઈએ. આ પણ એક નવો ચીલો પાડનારો નાટકલેખક. 'બાલ્કની', 'બ્લૅકસ' એવાં એનાં નાટકો પંકાયાં છે. જોએલું નાટક તે 'વાન્હે.' અંગ્રેજીમાં 'ધ સ્ક્રીન્સ.' ગુજરાતી કરીએ તો 'અંતરપટ' કે એવું કંઈક થાય. લગભગ ત્રણ કલાકનું એ નાટક, ટૂંકું નહિ. અને બે સૃષ્ટિઓને સાંકળનારી કૃતિ: આ દુનિયા અને પેલી દુનિયા. અંગ્રેજીમાં એ કૃતિને 'ફૅન્ટૅસ્ટિક' કહે છે, આપણે ગુજરાતીમાં 'ખ્વાબી' 'તરંગી' 'બુટ્ટાદાર', 'કલ્પના ઘુમાવનારું' એવું કંઈક કહેવું પડે. તો પણ એમાં આજની દુનિયાને લાગેવળગે એવું યથાર્થવાદવાળું યે ખરું. આરબ પ્રજાનો ગરીબ કિશોર સૈયદ. દેશની કદરૂપીમાં કદરૂપી કન્યાને પૈસા ખાતર પરણે છે. પછી એ મિત્રોનો દ્રોહ કરી બળવાખોર બને છે, બીજાને બળવો કરવા ઉશ્કેરે છે, ગોરા સામે જેહાદ પોકારે છે. ગોરી પ્રજા તુંડમિજાજી, જડભરત સ્વભાવની, ઉદ્ધત, મદાંધ સત્તાલોભી છે; આરબ પ્રજા ઝનૂની, મેલી અને લુચ્ચી છે. એ બે વચ્ચે અહીં ઘર્ષણ, એ આ દુનિયાનો ખેલ; બધાંની ખુનરેજી બાદ, એ બધા રાગદ્વેષ વિના, ક્રોધસંમોહ વિના હળેમળે છે, એ પેલી દુનિયાનો ખેલ. એમાં નૃત્ય આવે, કાવ્ય આવે, રહસ્યમય સંવાદ આવે, પેલી ન જોએલી અને ન જાણેલી દુનિયાની વાતો આવે, અને છતાં વસ્તુ આજની. ઉપરાંત આઈનેસ્કોની માફક આપણી પુરાણપ્રસિદ્ધ ફિલસૂફીને સાર્થક કરતી રહે. રજૂઆત સાદી. ચિત્રવિચિત્ર ઢંગના સેટિંગ્સ, કહીક જીવ અકળાવી દે, કદીક ગભરામણમાં પણ મૂકી દે એવાં દૃશ્યો. ટૂંકમાં મનને ભલભલું મનાવડાવી દે. જ્યાં બેઠા છો એ સ્થાન ભુલાવી દે, જે દુનિયામાં છો એ દુનિયાનું જ વિસ્મરણ કરાવી, નવી દુનિયામાં લઈ જાય; અને આખરે સૌને, ભજવનારાઓને તેમજ જોનારાઓને આ જીવનમાંના ટંટાફિસાદ, ઝગડાવગડા, વેરઝેર તદ્દન અર્થ વગરના છે એનું ભાન કરાવે. આમ જુઓ તો એમાં ભારતીય સંસ્કૃતિના જ સંદેશા નીકળશે. આવા છે ત્યાંના નવા નાટકકારો. રંગભૂમિ ઉપર ઈહલોક-પરલોક, બ્રહ્માંડભરની વસ્તુને રજૂ કરવા મથે છે, એટલું જ નહિ પણ માનવહૃદયમાં, અને એના મગજમાં પેદા થતાં મીઠાં તેમજ ભયંકર મનોમન્થનને તાદૃશ કરવા તલસે છે. પ્રેક્ષક-

ગણુ પણ એવી ચિત્રવિચિત્ર રંગીલી કૃતિઓને હોંસહોંસે જુએ છે, વિચારવિમર્શન કરતો જાગ્રત પણ થતો રહે છે.

આ નવી કૃતિઓમાં ચોકઠાં, સુરેખ ઘટના, કોયડો તથા એનો ઉકેલ, ઘાટ અને ઘટના, રીતસરની શરૂઆત અને છેડો, એવું કૈં જોવા-જાણવા ન મળે. લેખકની ધૂન, એના મનમાં ઉત્પન્ન થએલો એક તરંગ, એની રસસમાધિમાં એને લાધેલું એકાદું સ્વપ્નું, એના અંતરમાં ઊતરી ખોજ કરતાં હાથ આવેલું કોઈ સમજાય–ન સમજાય એવું રહસ્ય, કેવળ એક સંવેદન, એ સૌને શબ્દો દ્વારા રંગભૂમિ ઉપર ઉતારવા એ મથે છે. અંતરમાં રહેલી સૃષ્ટિ વિશાળ છે. એ કદાચ તર્કશાસ્ત્રથી અળગી પણ હોય, તર્કની બહાર પણ હોય તો હોય. હોને દો, ઈસમે કયા? હમ તો લિખેંગે. એવો અત્યારનો એમનો માનસિક પ્રવાહ યા મનના સર્જનની ભૂમિકા છે. આ લખું છું, એ છપાશે ત્યારે આ સઘળું જૂનું થઈ ગયું હશે, અને કોઈ નવા યા અવનવા ઝોક તરફ એ લોકો વળ્યા હશે. પણ એ સતતની જાગ્રતિ, નિત્યનવીન ચેતના, એ જ જીવન નથી?

આવી સંવેદનશીલ છે એ પ્રજા, અને એનો દેશ ફ્રાન્સ, અને એનું રાજનગર. સંગીત, નૃત્ય, ચિત્ર, ખાણીપીણી, મોજશોખ, રંગીલી જિંદગી અને લલના પાછળ એ પ્રજા ઘેલી. પ્રેમ એ ગ્રહમંડળમાં સર્વશક્તિમાન સૂરજ. એની પાછળ રસ, સાહિત્ય, ફૅશન, અને રાજકારણ પણ ફર્યા કરે. સૈકાઓથી (શિયાળા સિવાય) પ્રણયમસ્તી માણવાની મદીલી ખુશનુમા હવા: ન બહુ તડકો, ન બહુ ઠાર. લીલી હરિયાળી ધરતી ઉપર હાથમાં હાથ પરોવી પડ્યા રહો; બગલમાં કરવલ્લી વીંટાળી ઝાડ નીચે બેઠા રહો; વાત કરો ન કરો, મૂંગામૂંગા કલાકોના કલાકો એ હૃદયના તાંતણા ઝણઝણાવ્યા કરો; ન કોઈ તમને પૂછગાછે. એમાં ચાંદની રાત!—એ જ ચાંદો, અહીં આપણે જોઈએ છે તે. પણ ફ્રાન્સની ભૂમિ ઉપર અજવાળિયું ઊગતાં અને ચાંદલો દેખાતાં ધરતીના થર ઉપર જ રૂંવાટી ખડી થઈ જાય છે! ઊગેલાં ફૂલ લચીમચી પડે છે ત્યાં માનવીનો શો હિસાબ? પત્ની અને પતિ, લગ્ન અને સંસાર, એ બધું ગોણ. પ્રધાનપદે બિરાજમાન તે તો પ્રેમ. પછી એ કલ્પનાના પ્રદેશમાં વિહરતો પ્રેમ હોય, હવાઇ કિલ્લા ચણનારો પ્રેમ હોય, કેવળ રોમાંચક પ્રેમ હોય, સાહસિક, ચેષ્ટાળુ, નાસભાગિયો, તરકટી, નિરાશામાં થીજી રહેલો પ્રેમ હોય. પણ બાળક કિશોર થયો, કન્યા કિશોરી થઈ કે તરત જ એને પ્રેમની પાંખ ફૂટવાની.

ગણતરીબાજોએ આ પાંખ ફૂટવાનાં અનેક કારણો ટપકાવ્યાં છે, છેલ્લાં હજાર વર્ષના ફ્રાન્સના સંસારના ચોપડા ઊથલાવ્યા છે, કદાચ કોઇ દેશમાં નહિ લખાયા હોય એટલા પ્રેમના પત્રો અહીં લખાયા હશે, એ બધાની તારવણી કાઢી છે, અને એમાં એક સૌન્દર્ય, બીજું ચારિત્ર્યનાં ઉમદા લક્ષણો, ને ત્રીજું પાણીપાણી કરી પીગળાવી દે એવી મીઠી મુલાયમ વાણી, એવાં ત્રણ કારણોને મહત્ત્વનાં ઠેરવ્યાં છે.

ફ્રાન્સના સુન્દર બગીચાઓમાં પ્રેમ મહેક્યો એ હકીકતે ખરું, પરંતુ પ્રેમ બહેક્યો તે રાજાઓના રાજમહાલયોમાં અને દરબારમાં. એમાં ચૌદમા લૂઈના રાજ્યમાં તો ફ્રાન્સની રમણીઓને રાજાની પ્રીતિ સંપાદન કરવાની તાલાવેલી લાગેલી અને એને અંગે પ્રેમના નશામાં જે તરકટો, કપટદાવ, માંહોમાંહેની ઈર્ષા-ચિનગારીઓના જે આટાપાટા ખેલાતા, એ ઉપર જ થોકડાબંધ સાહિત્ય લખાયું છે. ખૂન સંખ્યાબંધ થતાં, રમણે ચડેલા ઇશ્કના બંદાઓ આપઘાતનો આશરો પણ લેતા! અને રાજા પ્રેમમાં પડેલી રમણીઓની હારમાળા રચે, તો રાણી એની પાછળ ઘેલા થનારાઓની લંગાર શા માટે ન ચલાવે? જલસા થયા, બળવા થયા, દરબારો ભરાયા, અમીર ઉમરાવો ફાંસીને લાકડે વધેરાયા! અરે વિપ્લવના ઇતિહાસનાં પ્રકરણોમાં, બાસ્તિલમાં ખડકાયલા સંખ્યાબંધ કેદીજનોના, કેદમાં પડ્યાપડ્યા પણ, ત્યાં, ને ત્યાંથી વધસ્થંભ ઉપર જવાની ઘડી સુધી પ્રેમમાં પડ્યાના, અને છાનાછપના પ્રેમ માણ્યાના અનેક દાખલાઓ પણ નોંધાયા છે; અને એમાં વિવેચકોએ તારવણી કાઢી છે કે પુરુષ કરતાં સ્ત્રીની વફાદારી વધારે નક્કર પુરવાર થઇ છે! રુસ્સો, મોપાસાં, ઝોલા, દ્યુમા, આંતોલ, ઝીદ, મોન્તેસ્ક્યુ, કામુ, વોલ્તેર, ભલાભલાઓએ રસીક્સીને પ્રેમ વર્ણવ્યો છે; રંગભૂમિ ઉપર નાટકકારોએ એની રંગીલી જમાત ઊભી કરી આપી છે, ભજવનારાઓએ ભારે અદાથી તે ભજવી બતાવી છે.

અને છતાં પારી(સ) સૌન્દર્યના સિદ્ધાંત તારવવામાં, કલાનાં તત્ત્વો પરખી આપવામાં, વિવેકવર્તનના માપદંડો નક્કી કરવામાં મોખરે રહ્યું છે. ભલભલા સિદ્ધાંતો તે સરજે છે, અને તોડે પણ છે; ફરી વાર નવેસરથી અવનવું બતાવે પણ છે. ફૅશનની બાબતમાં આંખનાં ભવાંથી માંડી હોઠના રંગ સુધી, બાલની કારીગરીથી માંડી નખની નકશીરોનક સુધી, બ્લાઉઝના કટ, સ્કર્ટના ઘાટ, લટનાં ગૂંચળાં, એવીએવી ઝીણી ઝીણી બાબતોમાં એને શાસ્ત્ર રચતાં આવડ્યાં છે. એમાં નઝાકતનો પાયો જ સદ્ધર અને સંગીન રાખ્યો છે. અને છતાં ધારે છે ત્યારે અંતરના ઊંડાણમાં જઈ ભીતરને ખંખોળી શકે છે, સજાગ રહી શકે છે, સનાતન સૂત્રો તારવી–આચરી શકે છે, પારકું સારું હોય તેને પોતાનું કરી શકે છે. અને આવા પારી(સ)થી વિદાય લેવાની? કેમ બને?

બન્યું, જાણો છો શું થયું તે? પારી(સ) છોડવાને આગલે દિ' સાંજે અમે શાંસાલીના એક રેસ્ટોરાંમાં બેઠાં હતાં. લગભગ બધાં જ હતાં: માર્શિયો, એસ્ટેલા...આઈમી...મોરિસ. અને હમેશની માફક મોરિસને કોઈ ભટકાયું, એટલે એ ઊઠી બીજા ટેબલ પર જઈ થોડી વારમાં પાછા આવી બોલ્યા: 'ધિસ ઈઝ ધ લેતેસ્ત. ધૅત ગાઈ ઇઝ તાતી. જૅક્સ તાતી જરા એને બરાબર જોઈ લ્યો. મશહૂર ઍક્ટર છે. અને એને તમારે પરદા ઉપર જોવો પડશે. એ લોકો ત્યાં બેઠા ચોકઠાં ગોઠવે છે. ચોકઠાં એટલે કોકસ, એટલે પ્લાન, એટલે ગોઠવણ, એટલે...' મોરિસની હમેશની ઢબે એણે ચલાવ્યું. 'હવે એમાં ભાગ લેવાને મને કહે છે. પણ ન શોભું ડૉન તરીકે, કે ન શોભું સાંકો તરીકે.' 'આ લોકો ડૉન કિહોટેની ફિલ્મ ઉતારવા માંગે છે. એની એક તો ઊતરી ગઇ.'

'સી. સી. મંસ્યુ! જરા વિચાર તો કરો વૉન્દરફુલ બૂક, વૉન્દરફુલ! પેલો ગઠિયો ડૉન થવાનો; પણ એનો ગોઠિયો સાંકો એમને મળતો નથી. ડૉન કિહોટેનો નાટક થઈ ગયો, એનો બાલે થઇ ગયો, એની ફિલ્મ ઊતરી ગઇ. ન્યૂ યૉર્ક અને મૉસ્કો બંને છેડાના કલાકારોએ એ વિષયને છણી નાખ્યો છે. પણ, પણ આટલે વર્ષે પણ સર્વાન્ટિસ અમર છે. ડૉન જીવે છે? શું ધારો છો? આ ડૉનની ફિલ્મ ઉતારવાનાં સપનાં સેવે છે! એ જીવતો ડૉન કિહોટે નહિ? હી હી હી...'

ઇંગ્લંડથી યુરોપની ભૂમિ ઉપર પગ મૂકતાં આમસ્ટર્ડામમાં દાખલ થતાં જાહેરાતમાં ડૉન અને એના શાગિર્દને જોયા હતા. મૂળ તો ડૉનને લઇને જ આપણે પ્રવાસ શરૂ કરેલો. પારી(સ)માં નાટકની રંગીલી સૃષ્ટિમાં વીંટળાઇ બેઠાં, ત્યાં તો ડૉન કિહોટે એના ભાલાની તીણી અણી છાતી સામે ધરીને ઊભા જ છે! 'નીકળો અહીંથી, અને કાલનું પ્લેન પકડો, નહિ તો ટિકિટ એળે જશે, અને રવડી જશો. તમે કોઈ દુઃખમાં પિડાએલી અબળા નથી કે હું ઢાલ-તલવાર વીંઝતો તમને બચાવવા આવું, ઊપડો!'

તાઝગીદાર મીઠી હૂંફાળી મંડળી છોડી, ઘણુંઘણું અવનવું શીખવનાર પારી(સ)ને છોડી હું સ્પેઇન જવા ઊપડ્યો. ઓરલીના એરોડ્રોમ ઉપર હાથ ઊંચા કરી વિદાય દેતી મલકતી આંખો હજી સ્મરણમાંથી ખસતી નથી.

(ચાલુ)

લઘુકથા

જીવતરનો ભાર

મોહનલાલ પટેલ

પંદર વર્ષની ઉંમરના કરસનનું અવસાન થયું ત્યારે એના મોતને આશીર્વાદના પ્રસંગ તરીકે સૌએ સ્વીકારી લીધું.

ગાંડપણ, ટૂંકાતી જીભ અને પૂરી બહેરાશ આ ત્રણ વાનાં એનામાં ભેગાં થયાં હતાં. એથી જ તો સૌએ એકે અવાજે કહ્યું : 'જીવતરથી છૂટચો બિચારો; નહિતર જીવવું અકારું થઈ પડત!'

કરસન જન્મ્યો ત્યારથી તે એની આ પહેલી અને છેલ્લી માંદગી શરૂ થઈ ત્યાં સુધી એની મા લગાતાર એક જ પ્રાર્થના કરતી હતી: 'પ્રભુ, તું આ છોકરાને તારા દરબારમાં ઉપાડી લે. તું એને ઉપાડી લઈશ તો મને જરા ય દુઃખ નહિ થાય.'

ઘણી વાર તો પતિના સાંભળતાં પણ એ આવું બોલી નાખતી ત્યારે પતિ કહેતો: 'અરે ગાંડી, દીકરો ગાંડો કે ખોડખાંપણવાળો હોય તો પણ માબાપના મોંમાં આવી વાણી ન શોભે. ભગવાન ભલે એને સો વરસનો કરે!'

પણ પત્ની તો આગળ વધીને પતિને એકની એક વાત સંભળાવતી: 'તમારે વેઠવો પડતો હોય તો તમને ખબર પડે! હું તો એનાથી ધરાર કંટાળી ગઈ છું.'

વાત સાચી હતી. આ દીકરાને વેઠવો એ ઘણું અઘરું કામ હતું. કોઇ નાહીધોઇને તૈયાર થએલી સ્વચ્છ ફૂલ જેવી બાળકીના હોળેલા માથામાં ધૂળ નાખી આવતો, કે એકલા રમતા કોઈ બાળકને પીંખી નાખતો ત્યારે, અથવા કોઇના ઓટલે જઇને શૌચ કરતો ત્યારે આવતી તકરારો એને અસહ્ય થઇ પડતી. પડોશીઓનાં આકરાં વેણ એનાથી ખમાતાં નહિ. છોકરાને એ ધીબી જ નાખતી. બાપ વચ્ચે પડતો ત્યારે એનો છૂટકો થતો. આખરે મા સંભળાવતી: 'હવે તો એ મરે તો એનાથી છૂટું.'

બાપ કગરી પડતો અને કહેતો: 'મહેરબાની કરીને આવાં વેણ ન કાઢ. કો'ક વખત કાળવાણી થઈ જશે તો દીકરો ગુમાવી બેસીશું.'

આવે સમયે ફળિયાનું કોઈ માનવી સલાહ આપતું: 'ચંપાબહેન, આવું શું બોલો છો? એને પ્રેમથી ઉછેરશો તો કો'ક દિવસ એનું ગાંડપણ દૂર થઈ જશે... સૌ સારાં વાનાં થશે.'

પણ પંદર વર્ષ સુધી તો ક્યારે ય 'સારાં વાનાં' ન થયાં. હવે તો મા આ ભારમાંથી છૂટવા સતત ઝંખતી હતી.

આજ બરાબર પંદર વર્ષ પૂરાં થતાં એ ભાર ઊતરી ગયો. છોકરો વળતો થઈ ગયો.

પણ એ ભાર દૂર થતાં માને કોઇ જુદો જ અનુભવ થયો. એ હબકી જ ગઈ. છોકરાને વળગી પડી. લોકોએ ઘણુંઘણું સમજાવી પણ કોઇનું માનતી નહોતી. ઊલટું, છોકરાનો પાશ વધુ દઢ કરતી જતી હતી.

આખરે રડતાં રડતાં પણ હૈયું કઠણ કરીને પતિ એને સમજાવી રહ્યો હતો: 'ગાંડી... આમ ન કર. દીકરો સુખિયો થઈ ગયો સમજ. આજ તો એ દેવરૂપ થઇને ભગવાનના દરબારમાં જાય છે... એને હરખથી વિદાય આપ... દુઃખના ડુંગરમાંથી છૂટી ગયો એનો સંતોષ માન, લે... હવે એને છોડ, નનામીનું મોડું થાય છે...'

પણ કોઈના ય તરફ ધ્યાન આપ્યા વિના એ કહેતી હતી: 'મારાથી હવે નહિ જિવાય, દીકરા. જવું જ હોય તો તારું ગાંડપણ મને દેતો જા...!'

શરીરમાં વિટામિનોની અગત્ય

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શરીરના કોઈ ને કોઈ ભાગ સાથે દરેક વિટામિનને વિશિષ્ટ સંબંધ છે. વિ૦ 'એ'ને ઉપચર્મ (એપિથેલિયમ) તથા જ્ઞાનતંતુ સાથે; વિ૦ 'બી'ને હોજરી-આંત્રમાર્ગ, જ્ઞાનતંત્ર ને ચામડી સાથે; વિ૦ 'સી'ને શરીરના કોષોને બાંધનાર-જોડનાર 'સિમેન્ટ' સાથે; વિ૦ 'ડી'ને હાડકાં અને દાંત સાથે અને વિ૦ 'ઇ'ને પ્રજનનતંત્ર સાથે.

સમગ્રતાએ કાર્ય

પરંતુ આ સંબંધો આટલા સીમિત પણ નથી. ત્વચા, દાંત, હાડકાં, આંત્રમાર્ગ કે જ્ઞાનતંત્રનું આરોગ્ય જાળવવા વિટામિનો એકબીજાનાં સહાયક પણ છે. દરેકનું કાર્ય ખોરાકનાં આવશ્યક ઘટકો સાથે ગાઢ રીતે સંકળાએલું છે. દાખલા તરીકે દાંતના જ બંધારણ અને આરોગ્યની વાત કરીએ. દાંતના બંધારણમાં કૅલ્શ્યમ અને ફૉસ્ફરસ મુખ્ય છે. આહારમાંથી પૂરતા પ્રમાણમાં મળવા સાથે તે આંતરડાંમાંથી પણ પૂરેપૂરાં શોષાવાં જોઈએ. વળી કૅલ્શ્યમ અને ફૉસ્ફરસના યોગ્ય શોષણ અને સ્થાપનની ખાતરી માટે વિ૦ 'ડી' પણ જોઈએ જ. દાંતના કોષોના 'મેટ્રિક્સ' જાળવવા વિ૦ 'સી' પણ જોઇએ, તેમ દાંતને પકડી રાખનાર અવાળાંના આરોગ્યની જાળવણી માટે વિ. 'એ,' વિ. 'સી' અને વિ. 'બી'રની યે જરૂરત છે. આમ, દાંતની રચના અને આરોગ્ય માટે આ બધાં આવશ્યક છે. આમાંના એકની ન્યૂનતાથી દાંતનો સડો પેદા થાય છે. વધારે પડતી ખાંડ ખાધાથી જ દાંતનો સડો થાય છે એવું નથી; એમાં આહારવિષયક અનેક બીજાં કારણો છે. અપૂરતા પોષણથી થતા બીજા ક્ષીણકારી રોગો માટે પણ આ સાચું છે.

રાંધ્યા વિનાના ખોરાકનાં વિટામિન-મૂલ્યો યોગ્યતમ હોય છે, પણ રાંધવાની રીતમાં મોટા ભાગનાં વિટામિનો નિષ્ક્રિય બને છે. ડૉ. ડબ્લ્યુ. આર. ઍક્રોઈડનું કથન છે કે, 'હિંદમાં વિ૦ 'એ'ની ન્યૂનતા ઘણી સામાન્ય છે; જલદ્રાવ્ય વિ૦ 'સી' રાંધવામાં અને રાંધ્યા પછીના ગાળામાં નાશ પામે છે. થોડા દૂધ કે માંસવાળા ગરીબ લોકોના આહારમાં 'બી-ર જૂથ' વિટામિનોની મોટી ન્યૂનતા હોય છે.'

આખાં શૂક ધાન્યો, દૂધ, કઠોળ, ફળો, લીલોતરી શાક ને ભાજી માંસાહારમાં ઈંડાં તથા માંસ ને મચ્છીમાંથી વિટામિનો મળે છે. નિરામિષ આહારો ને ઇંડાં સિવાયના માંસાહારમાંથી તો ખનિજ ક્ષારો પણ મળે છે. શૂક અને શિંબી ધાન્યો સાથે દૂધ અને દૂધની નીપજો, લીલોતરી શાક ને ભાજી તથા ફળો આવશ્યક છે, કારણ કે આમાંથી આપણને વિટામિનો, ખનિજ દ્રવ્યો અને ઉચ્ચ પ્રકારનાં પ્રોટીનો મળે છે. એમની અછત કે ઊણપથી કોઇ ને કોઈ માંદગી આવી પડે. આ ખોરાકો રક્ષણદાયી ખોરાકો કહેવાય છે. શરીરની રચના અને કામગીરીમાં એ બધા જરૂરી છે. જિંદગીના આરંભના અને વૃદ્ધિના કાળમાં તો બધાં જ વિટામિનો ઇષ્ટ પ્રમાણમાં મળવાં જોઇએ. તેમાં યે વિ૦ 'એ' અને વિ૦ 'બી' વિશેષ કરીને છે, એમની ન્યૂનતાથી થતા હોજરી ને આંત્રમાર્ગના રોગોમાં તો આ વિટામિનો મોઢા વાટે નહિ પણ ઇન્જેક્શન દ્વારા આપવાથી જ આરામ થાય છે. સગર્ભાવસ્થા અને સ્તન્યપાન

વખતે પણ માતા અને બાળકને સર્વ જાતનાં વિટામિનો પુષ્કળ પ્રમાણમાં મળવાં જરૂરી છે. વળી શરીરની શ્રેષ્ઠ કાર્યક્ષમતા મોટા ભાગે વિટામિનોના અધિકતમ પ્રમાણ ઉપર આધારિત છે.

વિટામિનની તંગી ઉગ્ર કક્ષાએ પહોંચે તો જ ન્યૂનતાજનક રોગો દેખા દે છે, બાકી એમની હળવી ઊણપો તો સામાન્ય છે. 'એ', 'બી' અને 'સી' વિટામિનોની હળવી ન્યૂનતાનો લાભ લઇને ચેપના જીવાણુઓ પેધી જાય છે એટલે વિટામિનોના ન્યૂનતાજનક રોગ કરતાં કોઇ નવો જ રોગ દેખા દે છે! અપૂરતા 'એ'થી ઝેરોપ્થેલમીઆ જ થાય એવું કંઈ નથી; ચામડી આંતરડાં અને ફેફસાંના ચેપી રોગો પણ થાય વિ૦ 'બી'ની અછતથી બેરીબેરીનાં લક્ષણો કદીક ન થાય છતાં મંદભૂખ, પાચનમાં બગાડો, મનદૌર્બલ્ય, કમજોરી અને થાક એના અપૂરતા પોષણના પુરાવાઓ છે. વિ૦ 'સી'ની ઊણપથી સ્કર્વીનાં કોઈ લક્ષણો છતાં ન થાય તો યે તે સુષુપ્ત અવસ્થામાં તો હોઇ શકે છે. સર રૉબર્ટ મૅક્કૅરિસન કહે છે કે વિટામિનની અછતનાં લક્ષણો ભલે ન વરતાય, પણ તે હોય તો છે જ. માનવજાતના ઘણા રોગોના અટકાવ અને ઉપાય માટે આની જાણ હોવી આવશ્યક છે.'

આપણો ખોરાક કોઈ એક જ વિટામિન વિનાનો હોય છે એવું યે નથી, કોઈવાર એક કરતાં વધારે વિટામિનો પણ પૂરતા પ્રમાણમાં નથી હોતાં. વળી એની સાથે યોગ્ય પ્રોટીન અને ખનિજ દ્રવ્યોની પણ કમી હોય છે. હા, કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ વધારે હોય છે. આમ આપણો આહાર એક તો વિટામિનોની ન્યૂનતાવાળો હોય છે, ને બીજું તે સપ્રમાણ પણ નથી હોતો. આ સ્થિતિમાં શરીરમાં રહેલા રોગજનક જીવાણુઓ માંદગી આણવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વળી, જાતિ, વય, વ્યક્તિગત દેહ-પ્રકૃતિ, થાક, ઠંડી, વાતાવરણની ગંદકી, ગીચ વસતિ વગેરે બીજી બાબતો પણ રોગ આણવામાં ભાગ ભજવે છે.

વિટામિનોની ઊણપનાં કારણો

ખોરાકમાં વિટામિનોની ઊણપ હોવા ઉપરાંત, ખોરાકના પાચન ને શોષણના બગાડાથી પણ વિટામિનની ન્યૂનતા ઊભી થાય છે. ઋતુ અનુસાર વિટામિનના પ્રમાણમાં યે ફેરફાર રહે છે. ઉનાળામાં લીલોતરી શાકભાજીની અછત સાથે એમાં વિ૦ 'સી'નું પ્રમાણ પણ ઓછું હોય છે. શિયાળાથી સંઘરી રાખેલા બટાટામાં આવું હોય છે. આમ વિ૦ 'સી' ઓછું મળવાથી ઉનાળામાં થાકનો અનુભવ થાય છે.

ખોરાકમાં વિટામિનો હોવા છતાંય શરીરને તે મળવા માટે બે બાબતો જરૂરી છે: ૧) તેનું યોગ્ય શોષણ અને ૨) શરીરમાં વપરાશ. કદીક કોઇક સ્થિતિમાં તેની માગ વધે ય છે. શરીરનો વૃદ્ધિકાળ, સગર્ભાવસ્થા ને સ્તન્યપાન, વૃદ્ધાવસ્થા, શારીરિક શ્રમ, તાવ અને કાર્બોહાઇડ્રેટનું અધિક પ્રમાણ, આટલાં કારણોસર વિટામિનો વધારે લેવાની જરૂર પડે છે. વળી બહુમૂત્રતા, ઝાડા ને પસીનામાં વિટામિનો 'ધોવાઈ' જતાં હોવાથી પણ તેના વધારે પ્રમાણની જરૂર પડે છે.

ખાવાની ખોટી ટેવ, અજ્ઞાનતા અને ગરીબાઇના કારણે લોકો પૂરતા પ્રમાણમાં વિટામિનો લઇ શકતા નથી. ભૂખનાશ, ઊલટી અને અમુક ખોરાક ન ભાવતો હોવાના કારણે પણ યોગ્ય પ્રમાણમાં વિટામિનો ખવાતાં નથી. બગડેલા દાંત અને ચાવવાની મુશ્કેલીને કારણે ખોરાકમાં વિટામિનો હોવા છતાં યે શરીરને તેનો લાભ મળતો નથી.

વળી, અતિસાર, આંતરડાના કૃમિ, પિત્તનું ઓછું પ્રમાણ, પ્રવાહી પૅરેફિન કે બીજા જુલાબો વખતે વિટામિનોનું શોષણ પૂરું થતું નથી.

ઍન્ટીબાયોટિક અને સલ્ફા ઔષધોના લાંબા સેવનથી આંતરડાંના જીવાણુઓ નાશ પામતાં આંતરડાંમાં વિટામિનો બનતાં નથી. ઉપરાંત કલેજાનો બગાડો, ડાયાબીટિસ, થાઈરૉઇડ-વૃદ્ધિ, દારૂ અને બીજાં વ્યસનોના નશામાં વિટામિનોનો શરીરમાં ઉપયોગ થતો નથી.

વિટામિનો અને આંતરડાં

વિટામિનો અને આંતરડાંનો સંબંધ પરસ્પરાવલંબિત છે. વિટામિનોનું શોષણ થવા માટે નિરામય આંતરડાં જોઇએ, તો આંતરડાંની યોગ્ય કામગીરી માટે વિટામિનોનું ઇષ્ટ પ્રમાણ જરૂરી છે. વિ૦ 'એ'ની ઊણપથી હોજરીના હાઇડ્રોક્લોરિક ઍસિડનો સ્રાવ ઘટે છે ને ચિકાશવાળા ઝાડા થવાની શક્યતા છે. વિ૦ 'બી'માં કોઇ એકની નહિ પણ બધાં 'બી'ની ન્યૂનતા ઊભી થાય છે. આથી આંતરડાંની સુદૃઢતાના અને ગતિના બગાડા ઊભા થાય છે; ચરબી અને કાર્બોહાઇડ્રેટનું ઓછું શોષણ થાય છે. વિ૦ 'સી'ના અપૂરતા પ્રમાણથી આંતરડાના ચેપની શક્યતા વધે છે. ઉપર જણાવ્યાં તે અને બીજાં વિટામિનો નિરામયાવસ્થામાં પાચન માટે આવશ્યક છે. વિટામિનોની ન્યૂનતા હોજરી ને આંત્રમાર્ગના રોગોના કારણરૂપ છે. આંતરડાંના જીર્ણરોગોથી પણ વિટામિનની ન્યૂનતા પેદા થાય છે અને આ દુષ્ચક્રમાં વિટામિનોની અછતવાળા ખોરાકથી વધારો થાય છે.

વય અનુસારનાં વિટામિનો

જિંદગીના જુદાજુદા તબક્કાઓમાં વિટામિનોની જરૂરિયાતનો ઘણો ફેર રહે છે. જિંદગીના મધ્યાહ્ન કરતાં જુવાની અને ઘડપણમાં રોજ વિ૦ 'સી' વધારે પ્રમાણમાં જરૂરી છે. શરીરના વૃદ્ધિકાળમાં કોષોની જીવનક્રિયાને તે ઉત્તેજે છે તો વૃદ્ધાવસ્થામાં કોષોની ઘટતી શક્તિને ભરપાઈ કરે છે. ઘરડાં માણસોમાં વિ૦ 'સી' સુખાકારીની લાગણી ઉપજાવવા સાથે શક્તિની અસર ઉપજાવે છે. બધી ઉમર માટે વિ૦ 'બી કૉમ્પ્લેક્સ' અનિવાર્ય છે. 'રિબોફ્લેવિન' વિના આંખની કામગીરી અશક્ય છે. યાંત્રિક સંચાઓના ઉપયોગથી શુદ્ધ ધાન્યોનાં વિટામિન-સમૃદ્ધ ફોતરાંનો નાશ થતાં આપણા ખોરાકોમાંથી વિ૦ 'બી-૧' ઘણું ઘટ્યું છે, એટલે હરેક ઉમરે આનું યોગ્ય પ્રમાણ મળી રહે તે જાળવવાનું છે. ઘડપણમાં લોહીમાં વિ૦ 'એ'નું પ્રમાણ ઘટવાથી કાનમાં અવાજ અને બહેરાશ થવાનું કહેવાય છે, જે માટે વિ૦ 'એ' લેવાથી સાંભળવાની શક્તિ વધવા સાથે અવાજનો ત્રાસ પણ ઘટે છે.

ન્યૂનતાનાં લક્ષણો અને તે પૂરતો ખોરાક

નિરામય અવસ્થામાં ન્યૂનતાનાં લક્ષણો અટકાવવા ને શ્રેષ્ઠ પોષણ જાળવવા વિટામિનોની ન્યૂનતમ રોજિંદી જરૂરતો (ન્યૂ. રો. જ.) ને માન્ય રોજિંદી જરૂરતો (મા. રો. જ.) નીચે પ્રમાણે છે. મા. રો. જ. એ ઈચ્છનીય આદર્શ છે, જે ખોરાકની ન્યૂનતા અટકાવવા માટે આવશ્યક પ્રમાણ કરતાં વધારે છે. (ઈ. યુ.=ઇન્ટરનૅશનલ યુનિટ)

વિટામિન	ન્યૂ. રો. જ. (પુખ્ત વય પચ્ચીસ વર્ષના)	મા. રો. જ. (પુખ્ત વય પચ્ચીસ વર્ષના)	ન્યૂ. રો. જ. (૬ થી ૧૨ વર્ષની વયના)	મા. રો. જ. (૬ થી ૧૨ વર્ષની વયના)
વિ૦ 'એ'	૪૦૦૦ ઈ. યુ.	૫૦૦૦ ઈ. યુ.	૩૦૦૦ ઈ. યુ.	૩૫૦૦થીવધુ
થિયામિન	૧·૦ મિ.ગ્રા.	૧·૬ મિ.ગ્રા.	૦·૭૫ મિ.ગ્રા.	૧·૧થી૧·૩
રિબોફ્લેવિન	૧·૨ મિ.ગ્રા.	૧·૮ મિ.ગ્રા.	૦·૯ મિ.ગ્રા.	૧·૫થી૧·૮
વિ૦ 'સી'	૩૦ મિ.ગ્રા.	૭૫ મિ.ગ્રા.	૨૦ મિ.ગ્રા.	૬૦ થી ૭૫
વિ૦ 'ડી'	૪૦૦ ઈ. યુ.	—	૪૦૦ ઈ. યુ.	૪૦૦ ઈ. યુ

ભારતમાં મોટા ભાગના લોકો રક્ષણદાયી ખોરાકો પામતા નથી. ખાવાની ટેવ અને અજ્ઞાનતા પણ આમાં ભાગ ભજવે છે. વિટામિનની ઊણપની માઠી અસરોનાં ખરાં ભોગ બનનારાં તો ઊગતી વયનાં બાળકો છે. તેમનામાં વિટામિનોની ન્યૂનતાનાં લક્ષણો આ નીચેના કોઠામાં દર્શાવ્યાં છે, જે અટકાવવાનું સામાન્ય સાધન ખોરાક છે.

શરીરનાં અંગો	ચિહ્નો	ન્યૂનતા	નિવારણના ખોરાક
૧) વાળ	લુખ્ખા, બરછટ બરડ ને ફિક્કા	વિ૦ 'એ'	તાજી ભાજી, પીળા રંગનાં શાક, પપૈયાં, કેરી, શાર્ક લિવર ઑઈલ, ઇંડાં અને કલેજી
૨) આંખો	(અ) લુખ્ખી; ધોળા ડોળા ઉપર ભૂખરા રંગના ડાઘા કે ટપકાં	વિ૦ 'એ'	ઉપર મુજબ
	(બ) આંખની કીકીની આસપાસ લાલચોળ પાતળી લીટી	રિબોફ્લેવિન	ચણા ને બીજાં કઠોળ, મગફળી, કાજુ, કોથમીર, ગાજર, તાંદળજો, લીલાં મરચાં, કેળાં, પપૈયાં, દાડમ, કલેજી અને માંસ
૩) આંખની પાંપણો	ધારોનો સોજો	રિબોફ્લેવિન વિ૦ 'એ'	નંબર ૨ ના (અ) અને (બ)ની જેમ
૪) અવાળાં	સૂઝેલાં, પોચાં, કાળાં ભૂરા રંગવાળાં ને લોહી નીંગળતાં	વિ૦ 'સી' વિ૦ 'એ'	આમળાં, જામફળ, તાંદળજો, લીલાં મરચાં, લીલાધાણા, ફણગાવેલાં કઠોળ, ટમેટાં, કેળાં, મોસંબી, પપૈયાં, અનનસ
૫) જીભ	લાલચોળ રંગ અને દાહ	નીએસિન, ફૉલિક ઍસિડ, વિટામિન 'બી' કૉમ્પ્લેક્સ	દાળભાત ને રોટલીના રોજિંદા ખોરાક ઉપરાંત તાંદળજો, કાંદા, બટાટા, કૉલિફ્લાવર, વાલોળ, કાકડી, ટમેટાં, કેળાં, સફરજન, ખજૂર, માંસ ને કલેજી
૬) મોઢું	હોઠ ફાટવા અને હોઠના ખૂણાઓ ઉપર ચીરા પડવા	રિબોફ્લેવિન	નં. ૨ના (બ) પ્રમાણે
૭) ચામડી	પાણીમાં રાખેલા હાથ-પગની જેમ ચામડી પર ફુણસીઓ થવી	વિ૦ 'એ'	નં. ૧ પ્રમાણે
૮. છાતી, ઘૂંટણ તથા પગ	કબૂતરના જેવી છાતી, અથડાતા ઘૂંટણ, અંદરથી ગોળ વળતા પગ, ચપટ પગ	કૅલ્શ્યમ વિ૦ 'ડી'	સૂર્યપ્રકાશ, દૂધ, માખણ, લીલોતરી શાક ને ભાજી

પુખ્ત માણસોમાં વિટામિનોની અછતનાં લક્ષણો છે: લોહીની અછત, હોજરી, આંતરડાં, જ્ઞાનતંત્ર અને પ્રજજનના અવયવોના બગાડા, વજનનો ઘટાડો, ચેપ સામેની પ્રતિકાર શક્તિનો ઘટાડો.

અમેરિકાની 'કાઉન્સિલ ઑાવ ફૂડ ઍન્ડ ન્યૂટ્રિશને' નિર્ણય તારવ્યો છે કે રોજ પચીસ હજાર ઇ.યુ. થી વધારે વિ૦ 'એ' લેવાથી એક વર્ષની ઉંમર કરતા મોટી ઉંમરનાં બાળકોમાં ભૂખનાશ, વજનઘટાડો, ચીડિયાપણું, મિજાજીપણું, ખંજવાળ, મોઢાની ફાડના ખૂણાઓ આગળ ચીરા, હોઠમાં ચીરા પડવા અને તેમાંથી લોહી ઝમવા જેવી માઠી અસરો જોવા મળે છે. મોટી ઉંમરનાં માણસોમાં આ લક્ષણો હળવાં હોય છે. વિ૦ 'ડી'ની ઝેરી અસરોથી ભૂખનાશ, ઊબકા, માથાનો દુખાવો, બહુમૂત્રતા તથા રાતના પથારીમાં ઝાડા પેશાબ થઈ જાય છે.

ગરીબીના કારણે લોકોનો આહાર કમપોષણવાળો હોય છે. વળી ઓછા ખોરાક, ભૂખનાશ, હોજરી-આંતરડાંના રોગો ને વૃદ્ધાવસ્થાના કારણે પોષણની ખામી હોય છે. આ અવસ્થાઓમાં પુરવણી રૂપે વિટામિનો લેવાં જરૂરી છે. સગર્ભાવસ્થા અને સ્તન્યપાન વખતે પણ પૂરતો ખોરાક હોવા છતાં ય પુરવણીમાં વિટામિનો આપવાથી લાભ થાય છે. સગર્ભાવસ્થામાં અને પ્રસૂતિ બાદ વિ૦ 'એ' અનિવાર્ય છે. પણ આ સમયે બધાં વિટામિનો આપવાં યથોચિત છે. વિટામિનોની સ્પષ્ટ ન્યૂનતાથી પિડાતી માતા જોકે શિશુને વિટામિનોનો પૂરતો જથ્થો આપે તો છે, પણ તેની ઈષ્ટમાન વૃદ્ધિની દૃષ્ટિએ તેને શરૂઆતથી યોગ્યતમ પ્રમાણમાં આહારમાંથી કે ઔષધરૂપે વિટામિનો મળવાં જોઇએ, અને બાલ્યાવસ્થા પર્યંત પણ એ ચાલુ રહેવાં જોઈએ. ઓછા ખોરાકમાં શારીરિક ને માનસિક માંદગી વખતે તથા પૂરતો ખોરાક ન ખવાતો હોય ત્યારે, ઓષધ રૂપે વિટામિનો લેવાથી ફાયદો થાય છે. ક્ષયની માંદગીમાં વિટામિનો ઔષધરૂપે લેવાં યથોચિત છે. ઍન્ટીબાયોટિક અને સલ્ફા ઔષધિના સેવન વખતે વિટામિનોની ન્યૂનતા થવી સ્વભાવિક છે. એટલે તે સમયે તેમજ કોઈ પણ માંદગીમાં પોષણની દૃષ્ટિએ વિટામિનોની ઉપયોગિતા સાબિત થએલી છે.

વિટામિનો કોઈ શક્તિની દવા નથી, પણ ખરી રીતે તો તે ખોરાકનાં ઘટકો છે; શરીરની વૃદ્ધિ અને કામગીરીઓના નિયંત્રણ માટે જરૂરી રસાયણો છે. ખોરાકનાં બીજાં ઘટકો શરીરની શક્તિ જાળવે છે કે શરીર 'બાંધે' છે, તો વિટામિનો શરીરની કામગીરીઓનાં ઉત્તેજક ને નિયામક છે. વિટામિનો પોષણદાતા તો નથી, પણ તેમના વિના આપણું શ્રેષ્ઠ પોષણ ન થાય એ પણ એક હકીકત છે. વિટામિનો મેળવવાનું ખરું સાધન તો ખોરાક છે. વળી લૅબૉરેટરીમાં પણ તે બનાવાય છે, અને ગોળી, પ્રવાહી, કૅપ્સ્યૂલ કે ઈન્જેક્શનના રૂપે તે લઈ શકાય છે. જેમને વિટામિનોની ન્યૂનતાથી થએલા રોગ મટાડવા કે નિવારવા કૃત્રિમ વિટામિનો લેવાની જરૂર ઊભી થાય તેમનો ખોરાક પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, ચરબી અને ખનિજ દ્રવ્યોના ઘટકોમાં તો સુસમતોલ હોવો જ જોઇએ. એકલાં વિટામિનો ગળવાથી પણ ખાસ લાભ થતો નથી.

વિટામિનોનો વાયરો

અત્યારે તો વિટામિનોનો વાયરો ચાલ્યો છે. લોકો ખોરાક સુધારવાને બદલે ગોળીઓ અને દવારૂપે વિટામિનો લેવાનું વલણ ધરાવે છે ને ઘણી વાર આપમેળે તે ખરીદી લાવે છે. તેમને વિટામિનો બધા રોગો મટાડનાર જડીબુટ્ટી રૂપે સમજાયાં છે. પરંતુ ખરેખરી જરૂરિયાત વિના વિટામિનો લેવાથી લાભ નહિ પણ નુકસાન થાય છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

અંગ્રેજ અમલ દરમ્યાન જે થોડા ગુજરાતીઓ આઈ.સી.એસ. (ઇંડિયન સિવિલ સર્વિસ)માં નામ કાઢી ગયા તેમાં એસ.પી. શિવલાલ પાનાચંદ શાહનું નામ આગળ પડતું છે. આજથી પચ્ચીચ વર્ષ પર થએલા એમના અવસાન વખતે એમના સહપાઠી શ્રી વાલજીભાઈ ગોવિંદજી દેસાઈએ એમનો પરિચય આપેલો તે ગરવા ગુજરાતીઓની માળામાં સાચવી રાખવા જેવો છે:

"વઢવાણના વકીલ પાનાચંદ કસળચંદ નામે વીસા શ્રીમાળી વણિક ગૃહસ્થને ઘેર પાળિયાદ ગામમાં સંવત્ ૧૯૪૮ના કાર્તિક સુદિ નોમ ને મંગળવાર, તા. ૧૦મી નવેમ્બર ૧૮૯૧ની સાંજે આશરે સાડા છ વાગ્યે મણિબાઈ માતાની કૂખે એક પુત્ર અવતર્યો, અને કુંભરાશિમાં જન્મ હોવાને કારણે એનું નામ શિવલાલ પાડ્યું. શિવલાલ વઢવાણની તાલુકા (ગુજરાતી) સ્કૂલમાં અને પછી દાજીરાજ હાઇસ્કૂલમાં ભણીને ૧૯૦૮માં આખા મુંબઇ વિદ્યાપીઠમાં મૅટ્રિકમાં બીજે નંબરે આવ્યા.

તે હાઈસ્કૂલમાં ભણતા ત્યારે ગુજરાતમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિનું મંગળાચરણ થયું હતું. એ પ્રમાણે દાજીરાજ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ એક મંડળ સ્થાપ્યું હતું અને ટિળક મહારાજના 'કેસરી' ઉપરથી એનું નામ 'કેસરી-મંડળ' રાખ્યું હતું. કેસરી મંડળના સભ્યો દેશી—એટલે તે દિવસોમાં ખાદીનો ઉદય નહિ થએલો હોવાથી દેશી મિલનું—કાપડ તથા દેશી કાગળ, સીસાપેન વગેરે વાપરતા. મંડળના કામકાજમાં શિવલાલભાઈ ઠીકઠીક ભાગ લેતા, અને લોકમાન્યને સને ૧૯૦૮માં ૬ વર્ષની કેદની શિક્ષા થઈ ત્યારે હડતાળ પાડી હતી, અને નિશાળ ઉપર તેમજ શિવલાલભાઇના ધોળી પોળ વાળા ઘર ઉપર શોકસૂચક વાવટો ચડાવ્યો હતો.

૧૯૦૯માં ગુજરાત કૅાલેજમાં દાખલ થઈ પ્રીવ્યસમાં પહેલા વર્ગમાં આવ્યા અને સંસ્કૃતમાં પહેલો નંબર આવ્યો, એટલે વિનાયકરાવ જગન્નાથ શંકરશેઠ પારિતોષિક તથા દયાકુંવર શિષ્યવૃત્તિ મળ્યાં. મુંબાઇ વિદ્યાપીઠના આખા ઇતિહાસમાં આ પારિતોષિક શિવલાલ પહેલાં બે જ ગુજરાતીને મળેલું: એક નરસિંહરાવભાઇને, બીજું મહેન્દ્રશંકર જયાશંકર રાવળને ૧૯૧૦માં. શિવલાલભાઈ ઇંટરમિડિયેટની પરીક્ષામાં પહેલા વર્ગમાં અને ઇંગ્રેજીમાં પહેલે નંબરે આવ્યા.

જેતપુરની નિશાળમા બીજી ચોપડીમાં હિમ્મતલાલ રામચંદ્ર દ્વિવેદી (હવે સ્વામી આનંદ) નામે મારા એક સહાધ્યાયી મિત્ર હતા. તે પછી વઢવાણ ભણવા ગયા હતા, અને ત્યાં એમને શિવલાલભાઈની મૈત્રી થઈ હતી. સ્વામીના પૂર્વાશ્રમને નામે મારી તથા શિવલાલભાઈની વચ્ચે સોનેરી સાંકળનું કામ કર્યું. કૅાલેજમાં અમે કાઠિયાવાડી 'એ' ક્લબમાં સહભોજન કરતા, અને મિષ્ટાન્ન જમી અજવાળી રાતે એલિસબ્રિજની કમાન ઉપર સુતાસુતા ચાંદનીમાં નહાતું, આવતી જતી ઘોડાગાડીને પ્રતાપે હીંચકા ખાવા, અને

इयं हि निद्रा नयनावलम्बिनी
ललाटदेशादुपसर्पतीव माम् ॥

એ શિવલાલભાઈના પ્રિય શ્લોક(મૃચ્છકટિક)માં વર્ણવેલી દશા હોય તો કોઇ નમ્ર મિત્રની ખાંધે ચડીને અસવારી કરવી એવી અમારી એ કાળની મોજ હતી. અમારી પ્રિય રમત મુખ્યત્વે ફૂટબૅાલ જ. ત્યારના પ્રિન્સિપલ રૅાબર્ટસન અમારા ભેળા રમતા. શિવલાલભાઇના બુદ્ધિપ્રભાવ પર પલ રૅાબર્ટસન મુગ્ધ હતા. એને તે પુસ્તકો ભેટ આપતા અને 'તમે મારા શરત-ઘોડા (રેઇસ હૅાર્સ) છો, એટલે મારે તમને સ્વસ્થ (ફિટ) રાખવા જોઇએ' એમ કહી પરીક્ષા પહેલાંનો એક માસ ક્વિનીન નિયમિત ખાવા સારુ આપતા. આચાર્ય આનંદશંકરભાઇ અમને સંસ્કૃત તથા પ્રોફેસર સ્વામીનારાયણ ગણિત શીખવતા. એ ઉભયના પણ શિવલાલભાઈ ઉપર ચારે હાથ હતા.

૧૯૧૧માં શિવલાલભાઈ મુંબઈની એલ્ફિન્સ્ટન કૅાલેજમાં દાખલ થયા ને ૧૯૧૨માં સિવિલ સર્વિસની પરીક્ષા આપવા વિલાયત ગયા. ત્યાં તે કેમ્બ્રિજની જીસસ કૅાલેજમાં દાખલ થયા. કેમ્બ્રિજમાં વીસેક કૅાલેજ તથા ૫૦૦૦ વિદ્યાર્થીઓ છે. ક્રૅામ્વેલ, પિટ, બેકન, ન્યૂટન, ડાર્વિન, મિલ્ટન, વર્ડ્ઝવર્થ તથા ટેનિસન કેમ્બ્રિજમાં ભણ્યા હતા. ધર્મને કારણે એને બાળી મૂક્યો ત્યારે જીવ બચાવવા સારુ પોતે અસત્ય માનેલા લખાણ નીચે સહી કરનારા પોતાના હાથને પહેલાં બાળનારો ક્રેન્મર જીસસ કૅાલેજનો વિદ્યાર્થી હતો.

કેમ્બ્રિજમાં શિવલાલભાઈ બી.એ.એલ-એલ.બી. થયા ને ૧૯૧૫માં સિવિલ સર્વિસની પરીક્ષામાં બીજે નંબરે આવ્યા. કેમ્બ્રિજમાંથી હિંદીઓમાં સિવિલ સર્વિસમાં તે પહેલા આવવાથી એમને ભાવનગર ચન્દ્રક મળ્યો.



૧૯૧૬ના ડિસેમ્બરમાં વિલાયતથી પાછા આવીને તેમણે બનારસ, મથુરા, ઝાંસી, અલ્લાહાબાદ, લખનૌ વગેરે સ્થળે નોકરી કરી, ને જ્યાં ગયા ત્યાં આંબા જ વાવ્યા. ડૅા. જૅાન્સને ગોલ્ડસ્મિથ વિષે લખ્યું હતું તેમ એ શેનેય અડચા નહોતા, જેને એણે શોભાવ્યું ન હોય. પરાજય શું છે તે એ જાણતા નહિ.

કોઇ પણ વિષયને લગતો રિપોર્ટ ઘડવાનો હોય અથવા કોઈ પણ કમિટી સારુ મંત્રી જોઇતો હોય તો સરકારની આંખ સદા ય શિવલાલભાઈ પર ઠરતી, કેમકે શિવલાલભાઈની બુદ્ધિ સર્વગામિની હતી.

વળી, એમણે નવરાશની વેળાએ સંગીત આદિ લલિત કળાઓનો ઉત્તમ અભ્યાસ કર્યો અને લખનૌની મૅારિસ સંગીત વિદ્યાલય તથા સરકારી કળાહુન્નરશાળા (સ્કૂલ ઑાવ ’આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટસ)ને બનતી સહાયતા કરી. એ શાળાના આચાર્ય અસિતકુમાર હલદર મને કહેતા કે શિવલાલભાઈ જેવો સહૃદય તથા નિરભિમાન અમલદાર પોતે ભાગ્યે જોયો હતો.


શિવલાલભાઈનો સાચો લાભ તો આપણને તે નોકરીની જંજાળથી છૂટે તે પછી મળવાનો હતો; પણ આપણા ટૂંકા ભાગ્યમાં એ સમાણા નહિ, અને સંવત ૧૯૯૪ના આશ્વિન સુદિ ૮ ને રવિવાર તારીખ બીજી ઑક્ટોબર ૧૯૩૮ને દિવસે, જુહુમાં અવિરત નાચ કરતા સમુદ્રને કાંઠે રાતે સાડા આઠ વાગ્યે, 'જનમનગણ અધિનાયક' એ રાષ્ટ્રગીત ચિ. કુસુમસુન્દરી આગળ ગવડાવી, તે પછી અર્ધીક ઘડી સાગર સંગીત સાંભળી પોણા નવ વાગ્યાને આશરે એ ગાનપ્રિય આત્માએ લેશ માત્ર વેદના ભોગવ્યા વિના આ અસાર સંસારનો ત્યાગ કર્યો.

Death cannot long divide;
For is it not as though the vine
That climbed up my garden-wall
Had blossomed on the other side?

૨૪૩ ('કુમાર' અંક ૪૮૬)



(અનુસંધાન પૃષ્ઠ ૨૨૭/ડ થી) જ્યાં સુધી દેશની પ્રગતિ માટે સુવ્યવસ્થિત આયોજન નહિ થાય ત્યાં સુધી આર્થિક પુનરુત્થાન સાધી શકાશે નહિ એવી પ્રતીતિ ધરાવતા નેહરુએ સત્તાસ્થાને આવતાં જ આયોજનપંચની નિમણૂક કરી. તેના પહેલા અહેવાલ પર સહી કરતી વેળા: એમની જમણી બાજુએ ગુલઝારીલાલ નંદા તથા ડાબી બાજુએ ત્યારના નાણાપ્રધાન દેશમુખ અને ગગનવિહારી મહેતા.






આંતરરાષ્ટ્રીય મિત્રાચારી, સહઅસ્તિત્વ અને બિનજોડાણ, એ પોતાની વિદેશનીતિનાં સૂત્રોને દુનિયાની હાંસીની સામે પણ નેહરુએ સફળ આચરી બતાવ્યાં. ડાબી બાજુ: અમેરિકાના સ્વ. પ્રમુખ કેનેડી સાથે (વચ્ચે હાલના પ્રમુખ જૉન્સન); મથાળે સોવિયેત રશિયાના ખ્રુશ્ચોવ સાથે.




'હિંદી-ચીની ભાઈ ભાઈ' ઓચરનારા આ બળિયા પડોશીના પેટમાં કૈંક પાપ તો નહિ હોય? એવી શંકાથી ગ્રસ્ત નેહરુએ ચાઉ એન લાઈ-ની છેલ્લી મુલાકાત વેળાએ એમને સત્કારેલા... અને દુર્ભાગ્યે એ શંકા સાચી ઠરી. ૧૯૬૨ના ઑક્ટોબરમાં ચીને દગલબાજી કરી ભારત પર છાપો માર્યો ત્યારે એની વેદનાથી ભરેલા અવાજે નેહરુએ આકાશ-વાણી દ્વારા ભારતને સાબદું કર્યું. (જમણી બાજુ)






લોકશાહીના ચુસ્ત પુરસ્કર્તા નેહરુની સ્મશાનયાત્રા દુનિયાની મોટામાં મોટી લોકશાહીના સંસદગૃહ પાસેથી નીકળી ત્યારે




તા. ૨૭મી મે ૧૯૬૪ ને બુધવારના રોજ મૃત્યુની ગાઢ નિદ્રામાં પડ્યા ત્યારે; અને...


...તા. ૨૮મીએ એમનો દેહ પંચમહાભૂતમાં મળી ગયો ત્યારે.





જમણી બાજુ: 'નિવાસના ઊગમણા છેડે હરિયાળી ઉપર એક ઝાડ ઊભું છે. એ ઝાડ નીચે રોજ સવાર ઊગે ને વડા પ્રધાનનો સોફા ગોઠવાતો. એ જ મૂગા વેદનાપૂર્ણ ઝાડ નીચે હવે મુરાદાબાદી કોતરણીના આઠ કુંભ એમનાં અસ્થિ ધારીને બેઠા હતા.





↑ ગુજરાત વિદ્યાસભાની શતાબ્દી પ્રસંગે અમદાવાદમાં (ફોટો : નરેન્દ્ર રાવળ)


ક્યાં ?

ગગનનાં ઉડુમંડળો હે!
પૂછું : પ્રકાશ અહીં આથમી જે ગયો તે
આવ્યો શું રૂપ ધરી તારકનું કહીં નભે?

ફૂલોની સૌરભથકી ભરપૂર હે ધરા!
કોઈ અનોખી સુરભિ નકી તારી માટીમાં
જેને પ્રવેશી હમણાં...

પાતાલમાં નિવસતાં જન હે જરી જુઓ :
કોઈ મીઠું ઝરણુ અમૃતનું ધરાથી
ઊંડે ગયું ઊતરી શું તમ દેશ... ?
નિરુત્તર !

જશવંત લ. દેસાઈ



The woods are lovely, dark and deep,
But I have promises to keep,
And miles to go before I sleep,
And miles to go before I sleep.
—*Robert Frost*

અમેરિકન કવિ રૉબર્ટ ફ્રૉસ્ટની જે પંક્તિઓ એક પૅડ પર સ્વહસ્તે લખીને એમણે રાખેલી

જતાં તમે

જતાં તમે વિશ્વ વિષે વહી વ્યથા,
રે કોટિ હૈયે ન સમાય ક્રંદન;
સંસારને દારુણ દુઃખની કથા,
સ્નેહાબ્ધિ ખોતાંબનતાં અકિંચન.

યુદ્ધે વિનાશે ભયત્રસ્ત માનવી,
વિજ્ઞાન વ્હેતું વિષ શાં અનર્ગલ!
વિશ્વૈક્ય કેરો પુટ દીધ પીયૂષી,
સંસ્કારતાં પલ્ટી કીધું સુનિર્મલ.

આ કાળને કૈં પટ આરપાર,
મ્હોરી ગયાં માનવતા-ગુલાબ;
એ ફોરતાં સંસ્કૃતિગંધ સાર,
શો પૂર્વ ને પશ્ચિમ યોગ રાગ!

વિશ્વે વહ્યા પ્રેમસુધાનું પાન,
સંજીવનીમંત્ર રટયા મહાન.

પિનાકિન ઠાકોર

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'કોજાગરી'

શરદપૂનમ જેમ માણેકઠારી પૂનમ કહેવાય છે, તેમ 'કોજાગર' કે 'કોજાગરી' પણ કહેવાય છે. લિંગપુરાણ વગેરે પ્રમાણે તે દિવસે લક્ષ્મીપૂજન તથા નારિયેળ અને પૌંઆથી દેવપૂજન કરીને બંધુઓ સાથે મળીને તે ખાવાં જોઇએ. રાત્રે જાગરણ કરવું અને દ્યૂત રમવું.

મધરાતે ભ્રમણ કરવા નીકળતી લક્ષ્મી 'કો જાગર્તિ?'—'કોણ જાગે છે?' એમ પૂછતી જાય છે અને જાગરણ કરનાર તથા પાસાથી રમનારને તે ધન આપી જાય છે.

> निशीथे वरदा लक्ष्मीः को जागर्तीति भाषिणी।
> तस्मै वित्तं प्रयच्छामि ह्यक्षैः क्रीडां करोति यः॥

આથી તે પૂનમને 'કોજાગર' કે 'કોજાગરી' કહે છે અને વ્રતનું નામ કોજાગરવ્રત છે. સંસ્કૃતમાં તે 'શારદી' ને 'કૌમુદી' ઉપરાંત, ત્યારે દ્યૂત રમાતું હોવાથી 'દ્યૂતપૂર્ણિમા' પણ કહેવાતી.

બૌદ્ધ 'જાતકકથા'માં અને જૈન આગમ ગ્રંથ 'જ્ઞાતાધર્મકથા'માં આપેલી એક કથામાં એક યક્ષની વાત છે. તે યક્ષ દર પૂનમે ઘોષણા કરતો: 'કોને તારું?' 'કોને બચાવું?' આમ આ પ્રકારની માન્યતા શતાબ્દીઓથી પ્રચલિત હતી એ જોઈ શકાશે.

જેમ 'કો જાગર્તિ' ઉપરથી 'કોજાગર' શબ્દ ઘડાયો, તેમ 'કિં કરવાણિ'(હું શું કરું? શું કરવાની આજ્ઞા છે?) ઉપરથી 'કિંકર' એટલે 'નોકર', 'કિં વદન્તિ' (લોકો શું કહે છે?) ઉપરથી 'કિંવદંતી' એટલે કે 'લોકવાયકા' અને 'કાં દિશમ્' (કઈ દિશામાં નાસું?) ઉપરથી 'કાંદિશિક' (ગભરાટથી નાસી જતું, ભયભીત બનીને ભાગતું) જેવા શબ્દો ઘડાયા છે. **હરિવલ્લભ ભાયાણી**

તિમિંગલ : હરમન મેલવિલ કૃત 'મૉબી ડિક'નામની જગવિખ્યાત ને હૃદયસ્પર્શી સાહસકથાને ગુજરાતીમાં ઉતારવાનું સાહસ ખેડીને શ્રી વિજયરાય વૈદ્ય અને ભદ્રમુખ વૈદ્યે એમનાં સાહિત્યનિષ્ઠા ને ગુજરાતપ્રેમ વ્યક્ત કર્યાં છે. સાગરનાં, મગરમચ્છના શિકારનાં અને શિકારી ખલાસીઓના જીવનનાં સુંદર ચિત્રો અહીં મળે છે. વ્હેલ (મગરમચ્છ)ના શિકારી જહાજનો કપ્તાન એહૅબ વ્હેલના શિકારે નીકળે છે, જીવસટોસટનું યુદ્ધ થાય છે અને એમાં એહૅબ હોમાઇ જાય છે. વીરતા અને કરુણતાનું કલાત્મક નિરૂપણ ગૂંથતી આ આખી કથા ઈશ્માએલ નામનો માણસ કહે છે. દરિયાઇ દુનિયાની ભીની, ખારી, તોફાની, મત્સ્ય શરાબ અને ગાળાગાળીથી ગંધાતી, બેપરવાઈ અને મસ્તીથી ફાટફાટ થતી, મર્દાનગી અને સાહસથી ઊછળતી હવાનો ગાઢ પરિચય લેખક અહીં કરાવે છે. સમુદ્રનું જીવન અને ખલાસીનું જીવન એકબીજાની જાણે અભિવ્યક્તિ બની રહે છે. લેખકના માનવજીવનના દર્શન-ચિંતનને પ્રતાપે આ સાગરકથામાં સાગરનાં ગહનતા અને વ્યાપ આવી શક્યાં છે. અનુવાદ પણ દુર્બોધ કે ક્લિષ્ટ ન થાય, અને ગુજરાતી ભાષાનું વ્યક્તિત્વ અક્ષત રહે એ રીતે થયો છે; અલબત્ત, કેટલાક એ લોકોના જીવનમાં લાક્ષણિક એવા શબ્દપ્રયોગો કે રૂઢિપ્રયોગોનો તરજૂમો 'આ અનુવાદ છે' એની ચાડી ખાય છે; પરંતુ બે ભિન્નતર સંસ્કૃતિ–સંદર્ભોવાળી ભાષાઓ વચ્ચે અનુવાદની પ્રવૃત્તિ ચાલતાં આવી મુશ્કેલીઓ તો આવવાની જ. આ મુશ્કેલીઓ અનુવાદકોની અશક્તિ કરતાં વિશેષે કરીને તો અનુવાદની મર્યાદાની દ્યોતક બની રહે છે. (રવાણી પ્રકાશન અમદાવાદ-૧ રૂ. ૮)

'ઈંધણ ઓછાં પડયાં' (સંક્ષિપ્ત આવૃત્તિ) : હમણાં હમણાં દીર્ઘ નવલકથાઓની સંક્ષિપ્ત આવૃત્તિઓ ઠીકઠીક પ્રમાણમાં પ્રગટ થાય છે. આમાં સામાન્ય જનતાની વાચનભૂખ વ્યક્ત થતી હશે, તો બીજી બાજુથી સામાન્ય જનતાની સાહિત્યિક સમજનું ધોરણ અને એમની લાંબી નવલકથાઓ ખરીદવાની અશક્તિ પણ વ્યક્ત થાય છે. 'ઈંધણ ઓછાં પડયાં' એ શ્રી ચુનીલાલ મડિયાની, કલાદૃષ્ટિએ નોંધપાત્ર ગણાએલી લોકપ્રિય નવલકથા છે. એનું વસ્તુ સ્વાતંત્ર્યની ચળવળના સમયનું છે. નલિન, કીર્તિ, કાશીરામ, આણલ, જીજીમા, વછા પારેખ જેવાં વીરતા અને માણસાઈનાં દર્શન કરાવતાં પાત્રો સહેજે ય સ્મરણમાં રહેશે. લેખકની વસ્તુની પસંદગી, આયોજના અને નિરૂપણશૈલી ખરેખર આકર્ષક છે. શ્રી મડિયાનું કલ્પનાસામર્થ્ય અને લોકબોલી પરનું પ્રભુત્વ નવલકથા વાંચતાં સહેજે પ્રતીત થાય છે. પાત્ર-પ્રસંગોના અંકોડાઓને એકમેકમાં સાંકળી એમાંથી એક રમણીય ભાત ઉપસાવવામાં તેઓ કુશળ છે. આ સંક્ષિપ્ત આવૃત્તિમાં કથાતત્ત્વ પર જ વિશેષ ભાર મુકાય એ સહજ છે; એટલે મૂળ કરતાં અહીં વસ્તુપ્રવાહનાં બળ અને વેગ પણ વધી જાય અને વાતાવરણને જમાવવાનો અવકાશ પણ બહુ રહે નહિ એ સ્પષ્ટ છે. વળી શ્રી મડિયાની શૈલીનો સમગ્રતયા પરિચય કરવો પણ અહીં મુશ્કેલ બને. એમ છતાં કથાપ્રેમી વાચકોને આ સંક્ષેપ ગમે એવો અને મૂળ નવલકથા વાંચવા પ્રેરે એવો છે. સર્જકે પોતે જ ચાહીને આ સંક્ષેપ કર્યો છે એ ઇષ્ટ વસ્તુ છે. (વૅારા ઍન્ડ કં. પબ્લિસર્શ મુંબાઈ-૨, રૂ. ૨)

વંચિતા : મોહમ્મદ માંકડની બે લઘુનવલો સમાવતા આ પુસ્તકમાં કોઈ અપૂર્વ વસ્તુનિર્માણ નથી. નારીજીવનની પરંપરાગત સમસ્યાને એમણે બંને લઘુનવલોનાં કેન્દ્રોમાં રાખી છે. 'એક છોકરી–એક સ્ત્રી'માં લેખકે એક કુંવારી છોકરીની કથા આલેખી છે. એક બાજુ સમાજ જાતીય વૃત્તિને સંકોરે એવા વાતારણને નભાવી લે છે, અને બીજી બાજુ જાતીય વૃત્તિનો ભોગ બનતી વ્યક્તિઓના–અને તેમાં યે સ્ત્રીજાતિના જીવનને ભસ્મીભૂત કરી નાખતો ક્રોધાગ્નિ તે ધર્માત્માના ઘમંડથી વરસાવે છે. ઈન્દુ એના જ બનેવી જમનાદાસના કારણે ભ્રષ્ટ થાય છે. એના સ્ખલનમાં જવાબદારી કોની? આ પ્રશ્નનો પૂરો જવાબ માત્ર ઈન્દુ કે જમનાદાસને જ પૂછવાથી નહિ મળી શકે, એ માટે ઈન્દુ અને જમનાદાસ જે સમાજનાં પ્રતિનિધિઓ છે એ સમાજને પણ પૂછવું પડશે. ઈન્દુ અને જમનાદાસનો તિરસ્કાર કરવાનો કે તેમની દયા ખાવાનો દંભ કરવાથી આ પ્રશ્ન ઉકલવાને બદલે વધુ ગૂંચવાશે. લેખકે લગભગ એક જ પ્રકારના જાતીય વૃત્તિના રંગે રંગાએલા પ્રસંગોની હારમાળા આપી હોઈ કથામાં વિવિધતા, એકવિધતા, અતિપરિચિતતા ને પરિણામે રોચકતાનો અભાવ આવી જાય છે. વળી સમાજનું વાસ્તવ-દર્શન આવા વિકૃત સંબંધોના દાખલા ટાંકવાની હિંમત કરવા માત્રથી થઈ જતું નથી. (એથી તો ઢીલાં મનને ઉત્તેજન મળે છે.) એમાં તો ઊંચા પ્રકારની કળા, સાચી સમજદારી અને ઊંડા વિવેકની આવશ્યકતા રહે છે.

'વંચિતા' નામક બીજી લઘુનવલમાં શીલા નામની એક કન્યા અશોક નામના મધુકરવૃત્તિ યુવાનની જાળમાં ફસાય છે અને ભ્રષ્ટ થાય છે. તે આપઘાત કરવા પ્રયાસ કરે છે પણ તેને તેમ કરતાં વારી લેવામાં આવે છે. તે ભરત નામના કલાકાર સાથે પરણે છે. પેટમાંનું પાપ મૂંગું રહી શકે એમ નહોતું. તે મૂંઝાય છે. ભરત આ બધું જાણતો હોય છે. શીલાના ગર્ભને શસ્ત્રક્રિયાથી દૂર કરવામાં આવે છે.

આંખો કોચવો પત્ની જાય છે. પાછળથી શીલાને ભરતના ઔદાર્યની ખબર પડે છે ત્યારે તે ભરતની પત્ની હોવા માટે ગૌરવ અનુભવે છે. ભરતના આ કાર્યમાં એ સાચા પૌરુષનાં દર્શન કરે છે તે સૂચક છે. લેખકે આ લઘુનવલની કથા-સંકલનામાં ઠીક ઠીક કલા બતાવી છે. અંતભાગમાં ચમત્કૃતિ પણ છે. બંને લઘુનવલો આત્મકથાત્મક રીતિમાં લખાઈ છે, તે કથનમાં ભાવનું ઊંડાણ ને બળ લાવવામાં સહાયરૂપ થાય છે. લેખકની પાસે વસ્તુને રજૂ કરવાની કલા અને બાની છે. આજે છીછરાં જળનો ખૂંદનાર આવતી કાલે મઝધારનો પણ યાત્રી થઈ રહે. (સ્વાતિ પ્રકાશન મુંબાઈ-૩ રૂ.પા.)

અમારે ખાંચે : આત્મકથાત્મક રીતિએ લખાએલી આ નવલકથા હકીકતમાં કેટલાક જુદાજુદા સામાજિક કિસ્સાઓની કથા છે. શેરીના એક ભાગમાં રહેવા આવતા ભાડૂતોના જીવનની બહુરંગી દુનિયાનો અહીં પરિચય થાય છે, જેમાં નિરૂપાએલા પ્રસંગોમાં આડા સંબંધોની વાતો વધારે છે. આ પ્રસંગોની પસંદગી જરા કડક ધોરણે થઈ હોત તો કથાતત્ત્વમાં લાગતું એક્સુરીલાપણું દૂર થઈ શકત, અને સમાજનું યથાતથ દર્શન કરાવવાની લેખકે ઊભી કરેલી તક સાર્થક નીવડત. આમાં ગંગામાનું પાત્ર હૃદયંગમ છે. આરંભની પ્રાસ્તાવિક ભૂમિકા અને છેવટના ઉપસંહારમાંનું વક્તવ્ય કૃતિને વિશેષપણે લાભપ્રદ થતું નથી. ગંગામાના મૃત્યુ પછી ઉપસંહારમાં સમાજસુધારકના એમના વિષેના શબ્દો કૃતિના ધ્વનિને હાનિકર નીવડે છે. લેખક પાસે વાર્તાકથનની સરળ મધુર શૈલી છે એટલે તે ચાલુ ચીલાઓ છોડી પોતાની સર્જશક્તિનો વિનિયોગ નવી કેડી પાડવામાં કરે એવી અપેક્ષા જાગ્યા વિના રહેતી નથી. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ રૂ.૩-૫૦)

જાણે અજાણે : કેટલાક સર્જકો પરંપરાથી ચાલી આવતા પ્રવાહને સતત વહેતો રાખવામાં જ માત્ર પોતાનો ફાળો આપે છે, જ્યારે કેટલાક એ પ્રવાહને કોઈ નવી દિશા આપવાનો પ્રયત્ન કરે છે. શ્રી દિનકર જોષી પહેલી શ્રેણીમાંના એક છે. અનિરુદ્ધ નામના સુશીલ, યુવાન ચિત્રકારને હૃદયથી વરી ચૂકેલી અરુંધતી નામની ભણેલીગણેલી યુવતીને ચંદુલાલ નામના બે વખત વિધુર બનેલા ધનાઢ્ય પ્રૌઢ સાથે સંજોગોને વશ થઈ અનિચ્છાએ લગ્ન કરવું પડે છે. ત્યાર બાદ અનિરુદ્ધને અકસ્માત જ ચંદુલાલ શેઠને ત્યાં અરુંધતીની તસવીર તૈયાર કરવાનું કામ મળતાં બંનેના આશ્ચર્ય વચ્ચે પુનર્મિલન શક્ય બને છે ને ચંદુલાલ શેઠના સ્થિર કુટુંબજીવનમાં હલચલ શરૂ થાય છે. દરમ્યાન અતૃપ્ત શેઠ દેવયાની નામની વિધવાને રખાત તરીકે રાખે છે. પાછળથી એ જ દેવયાનીને અકસ્માતમાં આંખો ગુમાવી બેઠેલા અનિરુદ્ધના જીવનમાં પ્રવેશ કરવાની અણધારી તક મળે છે અને તે અનિરુદ્ધ તરફ ઢળે છે. છેવટે બંને ચંદુલાલથી દૂર ચાલ્યાં જાય છે. નવલકથાનું દરેક પ્રકરણ કોઈને કોઈ મુખ્ય પાત્રની આત્મકથારૂપે રજૂ થયું છે. લેખકે વસ્તુગુંફનમાં કૌશલ દેખાડ્યું છે. ભાષા પણ પાત્રોના વિચારોની નિર્ભેળ રજૂઆતમાં વ્યવધાનકર થતી નથી. છતાં ક્યાંયે ખાસ ઝલક જોવા મળતી નથી. લેખકની પ્રણયદૃષ્ટિમાં વાસ્તવિક જીવનની ઊંડી અનુભૂતિ કરતાં કલ્પના-જગતનું મૌગ્ધ્ય વિશેષ છે. (સુમનપ્રકાશન, ૮૯ ડામ ગલી, મુંબાઈ-૯ રૂ. ૫)

—ચન્દ્રકાન્ત શેઠ

જાણીતા લેખક 'જયભિખ્ખુ'ની દશ આના શ્રેણીમાં (૧૬થી ૨૦) ચાર નવી પુસ્તિકાઓ ઉમેરાઈ છે. **બાર હાથનું ચીભડું–૧ અને ૨** તથા **તેર હાથનું બી ૧ અને ૨**: આપણી એ જાણીતી કહેવતોની આસપાસ ગૂંથેલી આ સચિત્ર બાળવાર્તાઓ 'કહેવતકથાઓ' હોઈ રોચક અને બોધક છે. પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ.

હૅમ્લેટ : કલા અને રહસ્ય

શેક્સપીઅરની એક ઉત્તમ કરુણાન્ત કૃતિ તે 'હૅમ્લેટ.' એમાં વેરની કથા છે. ડેન્માર્કના રાજાનું તેનો ભાઈ ક્લૉડિયસ નિદ્રાવસ્થામાં ખૂન કરીને તેની વિધવા રાણી ગર્ટ્રુડને પરણે છે અને રાજાનું પ્રેત પોતાના પુત્ર હૅમ્લેટને આ ખૂનનો બદલો લેવાનો આદેશ આપે છે એમાંથી આ આખી કારુણિકા સર્જાય છે, અને તે ક્લૉડિયસ, ગર્ટ્રુડ, હૅમ્લેટ તેમ જ બીજા અનેકના સંહાર સાથે સમાપ્ત થાય છે.

વેરથી વેર શમે ખરું? અવેરથી જ વેર કેમ ન શમે? આવા પ્રશ્નો આ ટ્રૅજેડી ને અંતે જરૂર થવાના. ક્ષમા ખૂનીને પણ વશ કરી શકે છે. ખૂનીઓ પણ નરાતાળ દુષ્ટ હોય છે એમ માનવું ખોટું છે. પોતાના ભાઈનું ખૂન કર્યા પછી ક્લૉડિયસનો ચણચણાટ એને કેટલો બધો રહે છે? મનોમન તે પાપકૃત્યની ક્ષમા પણ માગે છે. માત્ર તેણે પ્રગટપણે ખૂનનો એકરાર કર્યો હોત તો? 'ભય' અને 'અહં' એ બે માનવજાતનાં ભારે મોટાં દૂષણ છે. એમાંથી જ જગતમાં ટ્રૅજેડીઓ રચાય છે અને એમાંથી જ 'What a piece of work is a man?' એ પ્રશ્ન અનેક રૂપે ખડો થાય છે.

હૅમ્લેટ પણ વેરનો તરસ્યો છે. એના ખૂની કાકા પ્રાર્થનામાં ઘૂંટણિયે પડેલા હોય છે એ સમયે એણે વેરનો બદલો લીધો હોત તો? પણ એનું મન પાછું પડ્યું. દરેક વ્યક્તિમાં સદ્‌તત્ત્વ વસેલું છે. માત્ર એના પરનાં આવરણો દૂર થાય ને એ ફૂલેફાલે એટલું થવું જોઇએ.

રાણી ગર્ટ્રુડ પતિના ખૂન પછી તરત દિયર સાથે પરણી. સ્ત્રી એટલે ચંચળતા? હૅમ્લેટનું મંતવ્ય એવું છે ખરું. ગર્ટ્રુડનું વર્તન ટીકાપાત્ર છે, પરંતુ લાચાર ને નિરાધાર સ્ત્રીજાતિ સદા સહાનુભૂતિને પાત્ર છે. ગર્ટ્રુડ ચંચળ છે તો ક્લૉડિયસ નથી? હૅમ્લેટ પોતે પણ ચંચળ નથી?

નાટકમાં સૌથી કરુણમધુર પાત્ર ઓફેલિયાનું છે. હૅમ્લેટ સાથેના તેના પ્રેમમાં વડીલોએ રુકાવટ કરી. એમાં પણ વડીલોના 'અહં' અને 'ભય' એ બે ભાવો જ ભાગ ભજવી ગયા. બે જુવાન હૈયાં વિયોગે ઝૂર્યાં, ઘેલાં થયાં. ઓફેલિયાનું મૃત્યુ ખરે જ હૃદયસ્પર્શી છે. આ ટ્રૅજેડીમાં હૅમ્લેટ-ઓફેલિયાની સ્નેહકથા એક સ્વતંત્ર કરુણ ખંડકાવ્ય બની રહે છે.

આનો નાયક હૅમ્લેટ અત્યંત સહાનુભૂતિને પાત્ર છે. સ્વભાવથી ચિંતનશીલ, પણ સાથે ખૂની અથવા તરંગી યે ખરો. જિંદગી યા મોત? એ જ એને માટે પ્રાણપ્રશ્ન છે. જીવનના અંત સુધી એ આ મંથનમાંથી ઊગરતો નથી. એ ખરેખર પાગલ છે ખરો? નાટક વાંચ્યા પછી છાપ એવી પડે છે કે એનામાં આવેગ વિશેષ છે, છતાં પાગલપણું એણે હેતપૂર્વક ઓઢ્યું છે એમ એની ઉક્તિઓ ઉપરથી માનવાને કારણ મળે છે. નાટકનાં બીજાં પાત્રો પણ એના ઘેલા મગજમાંથી પ્રગટ થતાં વ્યવસ્થિત અને તાત્ત્વિક વિધાનોથી તાજુબ થાય છે. જોકે ક્યારેક એ પાગલપણાની હદ સુધી પહોંચે છે ય ખરો. પોલોનિયસનો એણે ઘાત કર્યો તે માટે એના પુત્ર લાર્ટિસ સમક્ષ કારણરૂપે એ પોતાના ઘેલાપણાને જ આગળ ધરે છે. છતાં આ પ્રશ્ન ચર્ચાસ્પદ ગણાય.

હૅમ્લેટની ચિંતનાત્મક સ્વગતોક્તિઓ, વૈવિધ્યભરી પાત્રસૃષ્ટિ, સમર્થ વસ્તુસંકલના, વિવિધ પાત્રોના મનનો તાગ આપે તેવા સંવાદો, તથા જીવન મૃત્યુ મનુષ્ય વગેરે વિષયોની મીમાંસા આ બધાં તત્ત્વોથી સભર એવી આ ટ્રૅજેડી હૅમ્લેટ આજ ચારસો વર્ષે પણ તાજગીભરી લાગે તેમાં આશ્ચર્ય નથી.

મધુસૂદન પારેખ

ગ્રીષ્મમાં બે વૃક્ષોની શોભા અનન્ય હોય છે: ગુલમહોરની અને ગરમાળાની. ગુલમહોરનાં રાતાંચોળ અંગારા જેવાં ફૂલ ભભકતાં હોય છે, તો ગરમાળાનાં પીળાં ફૂલોની નેત્રસંતર્પક લૂમો બપોરની લૂમાં ફરફરતી હોય છે. અમદાવાદમાં તો કાંકરિયા પર, વિક્ટોરિયા ગાર્ડનમાં, એલિસબ્રિજના બંગલાઓમાં, એમ ઠેરઠેર આ સુવર્ણવૃક્ષ જોવા મળે છે. સંસ્કૃતમાં એને રાજવૃક્ષ કહે છે. સુવર્ણરંગી પુષ્પોથી છલકાતા આ વૃક્ષને સુવર્ણક, સુવર્ણભૂષણ વગેરે નામો પણ મળ્યાં છે. અંગ્રેજીમાં એને લૅબર્નમ ને ગુજરાતીમાં ગરમાળો કહે છે.

એનાં ઝાડ ૨૦ થી ૩૦ ફૂટ ઊંચાં થાય છે. શિયાળામાં પાંદડાં ખરી જાય છે અને ચૈત્રવૈશાખમાં સોનેરી ફૂલોની ભરચક લૂમો લહેરાય છે. ફૂલને ધારણ કરનારી સળી છેડા તરફ પાતળી અને ખૂબ નરમ હોવાથી ફૂલના ભારથી એ નીચે ઝૂકી જાય છે અને પવનના આછેરા સ્પર્શથી ઝૂલે છે ત્યારે અતિ સુંદર લાગે છે. 'ફૂલનો રંગ સોના જેવો પીળો, ચકચકિત, અને તેમાં સહેજ મધુરી વાસ હોયછે. એની વાસ પ્રથમ પાકેલા ખડબૂજ જેવી મીઠી પણ પાછળથી સહેજ ઉગ્ર અને તીખી લાગે છે.' (સ્વ. જયકૃષ્ણ ઠાકર) આ પ્રાચીન વૃક્ષની શોભાને સંસ્કૃત કવિઓએ ઠેરઠેર પ્રકટ કરી છે.

ગરમાળાને (મોટામાં મોટી) બેથી અઢી ફૂટ લાંબી ને અંગૂઠા જેવી જાડી શીંગો થાય છે. એ શરૂમાં લીલી ને પાકીને સુકાયા પછી રતાશ પડતી કાળી થઈ જાય છે. સૂકી શીંગને હલાવવાથી ઘૂઘરા પેઠે તેનાં બીજ ખખડે છે. શીંગમાં પાતળા પરદા હોય છે. એ પરદા પર ચીકણો, કાળો, વિશિષ્ટ ગંધવાળો સહેજ મીઠો ગર હોય છે.



ગુણકર્મ

ગરમાળો ગળ્યો, કડવો, મૃદુ, શીતવીર્ય, ભારે, મૃદુ રેચક ને રુચિકારક, તથા કોઢ ખંજવાળ, તાવ, હૃદયરોગ ને કફનો નાશ કરનાર છે. તાવમાં કોઠાની શુદ્ધિ માટે ઉત્તમ છે.

ગરમાળો મૃદુ તથા કોઈ પ્રકારની હાનિ ન કરનાર હોવાથી બાળક, વૃદ્ધ, ક્ષતક્ષીણ તથા સુકુમાર લોકોને માટે ઉત્તમ વિરેચક છે. લોહીમાં ઉષ્ણતા વધી હોય તથા શરીરમાં મળનો સંચય થવાથી આમવાત જેવા રોગો થયા હોય ત્યારે વિરેચન માટે ગરમાળાની મજ્જા વપરાય છે. આપણે ત્યાં એને ગરમાળાનો ગોળ કહે છે. હરડેની માફક ગરમાળામાં આમનું પાચન કરવાનો ગુણ નથી. પણ દૂષિત આમનું પાચન નહિ કરતાં તરત બહાર કાઢવો જોઇએ. એટલે તાવમાં દૂષિત આમના નિકાલ માટે ગરમાળાનો રેચ અપાય છે. દિવેલના રેચથી આંતરડાનું આકુંચન થાય છે; તેથી બીજે દિવસે કબજિયાત થાય છે. ગરમાળામાં એમ થતું નથી. વળી એ મૃદુ વિરેચક હોઈ રોગીના બળનો નાશ થતો નથી.

કાકડા

ગળાના કાકડા સૂજી જવાથી ઘણી વાર પાણી ઉતારવું પણ મુશ્કેલ બને છે. આવી સ્થિતિમાં ગરમાળાની ૧ તોલા છાલનો ક્વાથ કરી થોડોથોડો મોંમાં નાખવાથી સોજો જલદીથી ઊતરી જાય છે.

કુષ્ઠ

કુષ્ઠ એટલે કોઈ પણ પ્રકારના ચામડીના રોગ. એમાં કોઢ, ખરજવું, ખસ, ખુજલી જેવા બધા વિકારોનો સમાવેશ થઇ જાય. ચરકે આ બધા વિકારોમાં ગરમાળાના પંચાંગનો ક્વાથ સ્નાન અને પાનમાં સૂચવ્યો છે. આ ક્વાથથી સ્નાન કરવું જોઇએ, કુષ્ઠવાળો ભાગ ધોવો જોઇએ, અને ક્વાથ પીવો જોઇએ. સવાર-સાંજ ત્રણત્રણ તોલા પ્રવાહી કાઢો પીવો.

ઘા–વ્રણ

ગરમાળામાં વ્રણ (ઘા)ની શુદ્ધિ કરવાનો પણ ગુણ છે. ગરમાળાનાં પાંદડાંનો ક્વાથ કરી ઘાને એ વડે ધોવાથી ઘા ચોખ્ખો બને છે. દોષરહિત બનતાં રૂઝ આવવા માંડે છે.





લૅબર્નમ— ગરમાળાની શીંગ તથા પાન. ડાબી બાજુ:નીચે ગરમાળાનાં ફૂલનું ઝૂમખું

કૃમિ

ગોળ–ખાંડની મીઠાઈ વધુ પડતી ખાનારને મળાવરોધ થવાથી મળમાં કૃમિ ઉત્પન્ન થાય છે. આવા રોગીને ઊબકા, અગ્નિમાંદ્ય, પાંડુતા, ખંજવાળ, આળસ, તંદ્રા, ઝીણો તાવ વગેરે ફરિયાદ રહેતી હોય છે. બે તોલા ગરમાળાના ગોળ સાથે અર્ધો તોલો વાવડિંગનો ક્વાથ બનાવીને એમાં બે તોલા દિવેલ મેળવી સવારે રોગીને પીવા આપવું. એથી મળ અને કૃમિ ઝાડા વાટે બહાર નીકળી જશે ને કોઠાની શુદ્ધિ થશે. રેચ લાગ્યાં પછી રોગીને હલકો ખોરાક આપવો. જરૂર પ્રમાણે ત્રણચાર વખત આ રીતે આંતરે દિવસે કોઠાની શુદ્ધિ કરવી.

હરસ

હરસના દર્દીને મોટે ભાગે મળાવરોધની ફરિયાદ રહેતી હોય છે. એ કારણે રોગીને કષ્ટ વધુ પડે છે. ગરમાળાનો ગોળ એક તોલો, હરડે અર્ધો તોલો, તથા બીજ વગરની કાળી દ્રાક્ષ એક તોલો, આ બધાંને અધકચરાં ખાંડી, ૪૦ તોલા પાણીમાં ઉકાળીને ઠરી ગયા પછી ગાળીને પીવા આપવો. સવાર-સાંજ બે વખત પીવા આપી શકાય. એના સેવનથી મળાવરોધ દૂર થશે, હરસ પરનું દબાણ દૂર થશે, પરિણામે હરસની વેદના અને સોજો દૂર થશે.

લાભશંકર ઠાકર

કલાવાર્તા

વાચકોના પરિચિત દેવજીભાઈ વાજા પોરબંદરની શાળામાં ચિત્રશિક્ષકના વ્યવસાયમાં જ અલ્પસંતોષી બનીને પુરાઈ રહ્યા નથી. રજાઓ કે વૅકેશનોમાં પોતાની સતત સાથી 'સ્કેચબુક' સાથે પ્રવાસે નીકળી પોતાને સૂઝે તેમ કલાની સાધના એકલે હાથે કરતા જ રહે છે. એમાંની થોડી નોંધો આપણે અગાઉ જોઇ છે. તેમાં એક વધુ:



ભોપા રબારી

સૌરાષ્ટ્રમાં રબારી અને ભરવાડ એ જાતિઓ માલધારી લેખે ઓળખાય છે. રબારી તે ગાય-ભેંસ પાળનારા, ને ભરવાડ તે ઘેટાં-બકરાં પાળનારા. 'માલ' એટલે એમનાં પશુ.

રબારીમાં પણ એક મોરી અથવા સોરઠિયા રબારી, અને બીજા તે ભોપા રબારી. એ બંને કોમનાં રીત-રિવાજ તેમજ વેશભૂષા પણ અલગ અલગ. મોરી રબારી ખાસ કરીને સૌરાષ્ટ્રના બરડા ડુંગરમાં ને અન્ય વિસ્તારોનાં ગામોમાં ઘર બાંધીને સ્થિર જીવન જીવે છે; જ્યારે ભોપા રબારી મોટે ભાગે સૌરાષ્ટ્રના હાલાર વિભાગ (બારાડી)માં ને ઓખામંડળની સરહદ સુધી જોવા મળે છે. તેઓ એમનાં માલ (ઘેટાં-બકરાં)ને જ્યાં ચરણ મળે ત્યાં સીમમાં ઘરવખરી સાથે ફરતું જીવન ગાળે છે.








સીમાળુ જીવન હોવાથી એમનાં આભૂષણો કિંમતી ધાતુનાં નથી હોતાં. જોકે હવે કેટલીક જગ્યાએ આ જાતિ પણ ગામને પાદરે કૂબા બાંધીને વસવા માંડી છે ને તેથી એમનાં ઘરેણાંમાં સ્થાનિક અસર અપનાવાતી જાય છે. આજના પરિવર્તનશીલ કાળમાં આવી જાતિઓ પણ હવે એમની આગવી વિશિષ્ટતાઓ ગુમાવતી જાય છે.

(૧) વલો: બાળકોની ડોકમાં પહેરાતું રૂપાનું ઘરેણું. (૨) કંઠી: રૂપાના વાળામાં મોતી પરોવેલાં હોય; નાની-મોટી સ્ત્રીઓ પહેરે. (૩) સુલવા: યુવાન તેમજ મોટી ઉંમરની સ્ત્રીઓ કાનમાં પહેરે. રૂપાના વાળામાં જુદાજુદા આકારનાં અને જુદાજુદા રંગનાં મોતી પરોવેલાં હોય. એનું સ્થાન હવે સોનાએ લેવા માંડયું છે. (૪) વાટ: દીવાની જ્યોતના આકારનું રૂપાનું ઘરેણું. નાની-મોટી સ્ત્રીઓ કાનમાં પહેરે ને કાનમાં સુલવાની વચ્ચે દેખાયા કરે. (૫) સરનામી (શ્રીનામી) પાંદડીના આકારનું સોનાનું ઘરેણું. તેમાં 'શ્રી' અક્ષર કોતર્યો હોય છે એટલે 'શ્રીનામી' કહેવાય છે. (૬) ભૂંગળી: પુરુષોના કાનના ઉપરના ભાગમાં પહેરાતું સોનાનું ઘરેણું. (૭) અણવટ-વીછિયા: રૂપાનું ઘરેણું; ખાસ કરીને નવપરિણીત સ્ત્રીઓ પગના અંગૂઠામાં અને બાજુની આંગળીમાં પહેરે છે. (૮) ઠોળિયાં: કાનનું સોનાનું આભૂષણ. (પહેલાં રૂપાનાં બનતાં.) સ્ત્રી અને પુરુષો કાનમાં વચ્ચે પહેરે. એના બે પ્રકાર છે. (૯) બોર: લાકડા અથવા શીંગડાનું કાળા રંગનું સ્ત્રીઓના નાકનું ઘરેણું. (હવે નથ પણ પહેરે છે.)

સૌરાષ્ટ્રની બીજી જાતિઓ કરતાં આ જાતિમાં ઘરેણાં બહુ જૂજ છે. અહીં નોંધ્યાં છે તે પણ બીજી જાતિઓમાંથી અપનાવેલાં છે. 'સુલવા' અને 'વાટ' જેવાં ઘરેણાં તેમનાં આગવાં છે. બીજી કોઈ જાતિમાં એ પહેરાતાં નથી.

—દેવજીભાઈ વાજા



દુનિયા: દૂરની અને નજીકની

વિશ્વનું જવાહીર વિલાયું

દેહરાદૂનમાં પોતાના પ્રિય સ્થાન સર્કીટ હાઉસમાં ચાર દિવસ આરામમાં ગાળીને આગલે દિવસે નવી દિલ્હી પાછા ફરેલા શ્રી જવાહરલાલ નેહરુ ૨૭મી મેની સવારે ૬-૨૦ વાગ્યે એકાએક બેભાન બની ગયા. ડૉક્ટરોએ કુદરત સામે સતત આઠ કલાક સુધી ખેલેલો જંગ અંતે નાકામિયાબ નીવડ્યો અને બપોરના બે વાગ્યે શ્રી નેહરુની જીવન-જ્યોત બુઝાઇ ગઈ. ભારતમાં જ નહિ પરંતુ વિશ્વભરમાં ,એ ખબર વાયુવેગે પ્રસરી ગયા અને આ વિશ્વમાનવને ઉચિત એવી અંજલિઓનો જાણે ધોધ વિશ્વના ખૂણેખૂણામાંથી ઠલવાવા લાગ્યો. બીજે દિવસે બપોરે ૧વાગ્યે તેમની અતિ ભવ્ય અને અદ્વિતીય સ્મશાન-યાત્રા નીકળી. જેમણે તેમને પોતાના માનસ-પુત્ર અને રાજકીય વારસ તરીકે ગણાવેલા એ મહાત્મા ગાંધીજીની,સમાધિથી થોડે જ દૂર તેમને પણ અગ્નિદાહ દેવામાં આવ્યો. મૃત્યુ સમયે તેમને ૭૫મું વર્ષ ચાલતું હતું. તેમની જગાએ કામચલાઉ વડાપ્રધાન તરીકે શ્રી ગુલઝારીલાલ નંદાને નીમવામાં આવ્યા.

અબ્દુલ્લાનું આગમન ને મંત્રણાઓ

કાશ્મીરના પ્રશ્નના ઉકેલ માટે અને પોતાને અનુકૂળ આવે એ રીતે કાશ્મીરનું તંત્ર ચલાવવાની કંઇક યોજના રચવા માટે ૨૭મી એપ્રિલે દિલ્હી આવેલા શેખ અબ્દુલ્લાએ નવી દિલ્હીમાં શ્રી નેહરુ ઉપરાંત શ્રી જયપ્રકાશ નારાયણ, ટી. ટી. કૃષ્ણમાચારી, ગૃહપ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદા, ખાતા વિનાના પ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી, શ્રી મોરારજી દેસાઇ વગેરેની મુલાકાત લીધી, અને ત્યાંથી વર્ધા જઈને આચાર્ય વિનોબા ભાવેને તથા મદ્રાસમાં સ્વતંત્ર પક્ષના સ્થાપક શ્રી સી. રાજગોપાલાચારીને મળ્યા. દિલ્હી પાછા ફરીને તેમણે શ્રી નેહરુ સાથે ફરી મંત્રણાઓ કરી અને કાશ્મીર પ્રશ્નના ઉકેલની વધુ વિચારણા માટે પાકિસ્તાનના પ્રમુખ અયુબખાન સાથે મંત્રણા કરવા પાકિસ્તાન જવાની છૂટ મેળવીને કાશ્મીર ગયા. ત્યાં બે દિવસ રોકાઇને પાકિસ્તાન ગયા. પરંતુ નેહરુના અવસાનના કારણે અધવચ્ચેથી જ પાછા ફરવું પડયું.

ચાપાણીમાં કરકસર

જાહેર હિસાબ સમિતિએ જણાવ્યું છે કે કોઈ પણ ઉદ્‌ઘાટન કે જાહેર સમારંભ પાછળ બધો મળીને રૂ. ૫૦૦નો જ ખર્ચ કરવો. ૧૯૬૦-'૬૧માં કેન્દ્રના નાણાખાતાએ ચાપાણીના એવા મેળાવડા પાછળ લગભગ સાડા-પાંચ લાખ રૂપિયા ખર્ચેલા.

સલામતી સમિતિ

કાશ્મીર પ્રશ્નના ઉકેલ માટે સંયુક્ત રાષ્ટ્ર-સંઘની સલામતી સમિતિની બેઠક ૬ઠ્ઠી મેએ મળી ગઈ, જેમાં પાકિસ્તાનના વિદેશ પ્રધાન શ્રી ભુટ્ટોના સૂચનનો (કે શેખ અબ્દુલ્લાને સલામતી સમિતિએ સાંભળવા જોઇએ) ધબડકો બોલી ગયો. કાશ્મીરની ચર્ચા સાવ બિનજરૂરી છે એમ કહીને ભારતીય પ્રતિનિધિમંડળના વડા શ્રી ચાગલાએ ભારતના કાશ્મીર અંગેના કેસની એવી તો જોરદાર રજૂઆત કરી કે શ્રી ભુટ્ટો અને તેમના ટેકેદાર પશ્ચિમના દેશો વધુ દલીલો ન કરી શક્યા, અને કશો નિર્ણય લીધા વિના બેઠક પૂરી થઈ. (તા. ૭ થી ૧૮-૫-'૬૪)

ટેકચંદ સમિતિ

દેશમાં સંપૂર્ણ દારૂબંધીનો અમલ કરવા સારૂ ૧૨ વર્ષમાં ચાર તબક્કે એ પૂર્ણ કરવા માટેનો અહેવાલ ટેકચંદ સમિતિએ રજૂ કર્યો. લાંચિયા અમલદારોને સખ્ત નસીહત આપવાનું અને દારૂબંધીનો ભંગ કરનારને કડકમાં કડક સજા કરવાનું સૂચન તેમાં કરાયું છે.

બાળ ચિત્ર-સ્પર્ધા

ભારત તેમજ પરદેશનાં બાળકોએ તત્સ્થાને ચીતરેલાં ચિત્રોની ૧૯૫૩થી શરૂ થયેલી હરીફાઈમાં આ વર્ષે ૧૦ હજાર બાળકો જોડાયાં જેમણે અગાઉનાં વર્ષો કરતાં સૌથી વધુ ચિત્રો રજૂ કર્યાં: ૨૦ હજાર! એ ચિત્રોમાંથી ૨૫૮ ચિત્રોનાં બાળકોને ઈનામ વહેંચાયાં.

અસ્વાન બંધ

ઇજિપ્તમાં નાઈલ નદીના પ્રવાહમાંથી સમૃદ્ધિ-સિંચન કરી શકે તેવું વિરાટ જલાગાર રચતા આસ્વાન બંધના પહેલા તબક્કાના ઉદ્‌ઘાટન વિધિ માટે રશિયાના સર્વેસર્વા અને બંધમાં સૌથી વધુ રશિયન મદદ આપનાર શ્રી નિકિતા ખ્રુશ્ચેવે ૧૨ દિવસનો અરબ-આફ્રિકન પ્રદેશનો પ્રવાસ કરીને આફ્રિકામાં પ્રસરવા લાગેલી ચીનની વગને ધોઈ નાખવાનો અને નવજાગૃત આફ્રિકન-અરબ રાષ્ટ્રોને રશિયન ઢબના સામ્યવાદના પાશમાં બાંધવાનો પ્રયાસ કર્યો.

લાઓસમાં સામ્યવાદીઓ

લાઓસમાં ફરીથી ત્રિપક્ષીય સંયુક્ત સરકાર રચવાના વડા પ્રધાન પ્રિન્સ સુવન્ના ફોમાના પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા પછી સામ્યવાદી પાથે લાઓનાં દળોએ તટસ્થોના મજબૂત કિલ્લા જેવા જારના મેદાન તટસ્થોના સેનાપતિ જનરલ કૉંગ લીને પીછેહઠ કરવાની ફરજ પાડી અને એ આખું મેદાન પોતાને કબજે લઈ લગભગ પોણા લાઓસને સામ્યવાદી પકડમાં લઈ લીધું. લાઓસમાં સ્થિરતા લાવવા માટે ભારત, ફ્રાન્સ, ઈંગ્લંડ, અમેરિકા અને રશિયાએ જીનીવા પરિષદ બોલાવવાના સૂચન ઉપર મસલત ચલાવી.

કૉંગ્રેસ

કૉંગ્રેસ મહાસમિતિની ત્રણ દિવસની બેઠક મુંબાઈમાં મળી ગઈ જેમાં કાશ્મીર, ઢેબર-સમિતિનો અહેવાલ, કોમવાદી માનસ અને કૉંગ્રેસના ચાર આનાના સભ્યો વિષે વિચારણા થઇ.

લશ્કરી સહાય

ભારતની લશ્કરી ઊણપોને પૂરી કરવા માટે અમેરિકા પાસેથી લશ્કરી મદદ મેળવવા ભારતના સંરક્ષણ પ્રધાન શ્રી યશવંતરાવ ચવાણ અમેરિકાના પ્રવાસે ગયા. તેમણે ત્યાં ભારતને લશ્કરી સહાયની જરૂરિયાતની આવશ્યક્તાની યોગ્ય રજૂઆત કરીને ઉજ્જ્વળ આશા જન્માવતી ભૂમિકા બાંધી. ત્યાં તો શ્રી નેહરુના અચાનક અવસાનથી અધવચ્ચેથી પ્રવાસ પડતો મૂકીને તેમને અહીં ઊડી આવવું પડયું.

હિજરતીઓનો અસ્ખલિત પ્રવાહ


પૂર્વ પાકિસ્તાનમાં બિનમુસ્લિમ કોમો હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્તી ઉપર ગુજારાતા અત્યાચાર અને તેમનામાં વ્યાપેલી બિનસલામતીની ભાવનાના પરિણામે હિજરતીઓનો પ્રવાહ ભારતમાં હજી પણ સતત ઠલવાવો ચાલુ જ છે. રોજના લગભગ ૩ હજાર જેટલા હિજરતીઓ ભારત આવે છે. અત્યાર સુધીનો કુલ આંકડો ચારેક લાખ સુધી પહોંચ્યો છે.

ઐતિહાસિક ખુવારી

દક્ષિણ અમેરિકાના પેરૂ રાજ્યના લીમા નામના શહેરમાં ફુટબૉલની મૅચ જોવા એકત્ર થએલા ૪૫ હજાર જેટલા પ્રેક્ષકો વચ્ચે કંઇક કારણસર તોફાન થતાં લગભગ ૩૧૫ જેટલી વ્યક્તિઓ મરણ પામી! ખેલકૂદના મેદાનમાં રમત જોનારાઓની આવી ખુવારી ઇતિહાસે કદી નોંધી નથી.

શીતળ ચંદ્ર નીરસ

નોબેલ પારિતોષિકના વિજેતા વૈજ્ઞાનિક સર જ્હૉન એકલ્સે કહ્યું છે કે ચંદ્ર પર પહોંચવા માટે દોડાદોડ કરતો માનવી ગાંડો અને વિચિત્ર છે કેમકે 'ત્યાં જવાનો કંઈ જ અર્થ મને નથી લાગતો.' ઑસ્ટ્રેલિયન વૈજ્ઞાનિકોની પરિષદને સંબોધતાં તેમણે વધુમાં કહેલું કે 'હવામાન વિનાની, માત્ર ડુંગરાઓ ને ધૂળોથી ભરેલી ચંદ્રની સૃષ્ટિ સાવ નીરસ છે.' -ત. દ.



જવાહરનું દિલ / વ્રજલાલ દવે


ખાલી ખાલી હિંદ-કરે, રત્નોની છાબ હતું?
શાંતિના શું ભાલ પરે રૂપનો રૂઆબ હતું?
વાયરાના તીર પરે સમદરનું આબ હતું?
શયતાની શોર પ્રતિ પ્રેમનો જવાબ હતું?
વીજળીની ડાળ પરે લ્હેરતું ગુલાબ હતું?
ખુશ્બૂના આસમાને ખેલતું શું ખ્વાબ હતું?

શ્રી લાલબહાદુર (શ્રીવાસ્તવ) શાસ્ત્રી

'સમતુલા સાધવામાં, વિકટ ગૂંચ ઉકેલવામાં અને સમાધાન શોધી કાઢવામાં વિરલ બુદ્ધિપ્રતિભા ધરાવનાર વ્યક્તિ' તરીકે જેમને સ્વ. ટંડનજીએ ઓળખાવ્યા છે એ સૌજન્યશીલ શ્રી લાલબહાદુર શાસ્ત્રી ભારતના વડાપ્રધાન બન્યા છે.

યુગપુરુષ સ્વ. જવાહરલાલજી કરતાં તદ્દન ભિન્ન એવા વ્યક્તિત્વવાળા શાસ્ત્રીજીનો જન્મ ઉત્તર પ્રદેશના મુઘલસરાઈમાં ઈ. ૧૯૦૪ની ૨જી ઑક્ટોબરે (ગાંધીજીના જન્મદિવસની જ તારીખે) થએલો. પિતા શારદાપ્રસાદ એક અદના શિક્ષક હતા. પાછળથી તેઓ સરકારી અધિકારી બનેલા, પરંતુ બહુ વહેલું એમનું અવસાન થતાં બાળક લાલબહાદુરનો ઉછેર મોસાળમાં થયો. વારાણસીની હરિશ્ચન્દ્ર સ્કૂલમાં એમણે અભ્યાસ કર્યો, એટલામાં ગાંધીજીએ વિદ્યાર્થીઓને અસહકારની લડતમાં જોડાવા હાકલ કરી અને લાલબહાદુરે એ ઝીલી લીધી. અભ્યાસ છોડી એમણે જેલ ભોગવી. ઇ. ૧૯૨૧માં છૂટયા પછી કાશી વિદ્યાપીઠમાં જોડાયા અને ત્યાં આચાર્ય નરેન્દ્રદેવ તથા ડૉ. ભગવાનદાસ પાસે ભણી તત્ત્વજ્ઞાનના વિષય સાથે સ્નાતક થઈ 'શાસ્ત્રી'ની ઉપાધિ મેળવી. ત્યારથી તેઓ 'શાસ્ત્રી' તરીકે ઓળખાય છે, બાકી એમની ખરી અટક તો છે શ્રીવાસ્તવ.

અભ્યાસ પૂરો કરીને તુરત તે સક્રિય રાજકારણમાં પડયા. ૧૯૨૬માં લાલા લજપતરાયની 'સર્વન્ટ્સ ઑવ પીપલ સોસાએટી'માં આજીવન સભ્ય તરીકે જોડાયા અને અલ્લાહાબાદને પોતાની જીવનપ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું. અલ્લાહાબાદ મ્યુનિસિપલ બોર્ડના તેઓ સાત વર્ષ સુધી સભ્ય હતા. અલ્લાહાબાદ ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટના પણ ચાર વર્ષ સુધી સભ્ય રહેલા. ત્યાંથી આગળ વધી તેમણે કૅાંગ્રેસનાં સંસ્થાકીય પદો સંભાળવા માંડયાં. અલ્લાહાબાદ જિલ્લા કૅાંગ્રેસના મહામંત્રી થયા પછી ૧૯૩૦થી '૩૬ સુધી એના પ્રમુખ પણ રહ્યા હતા. ૧૯૩૫થી ત્રણ વર્ષ ઉત્તર પ્રદેશ પ્રાંતિક કૅાંગ્રેસ સમિતિના મહામંત્રી પણ હતા. ૧૯૩૭માં એમણે પ્રાંતિક ધારાસભામાં પ્રવેશ કર્યો.



ઈ. ૧૯૨૧ થી ૧૯૪૨ દરમિયાનની કૅાંગ્રેસની તમામ લડતોમાં એમણે સક્રિય ભાગ લઈ બધો મળી કુલ નવ વર્ષથી યે વધુ સમય કારાવાસમાં કાઢયો છે.

૧૯૪૬માં તેઓ ફરી ઉત્તર પ્રદેશની વિધાન સભામાં ચૂંટાઈ આવેલા અને ત્યારના મુખ્ય મંત્રીના સંસદીય સચિવ બનેલા. થોડા જ વખતમાં એમની શક્તિ જણાઈ આવતાં એમને ગૃહ અને વાહનવ્યવહારનાં ખાતાં સોંપાયાં, જે પદ પર એમણે પાંચ વર્ષ સેવા આપી. સ્વ. શ્રી નેહરુએ એમની કાર્યશક્તિને એ વખતે જ પહેચાની લીધી હતી, એટલે ૧૯૫૧માં કૅાંગ્રેસે સ્વતંત્ર ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણી લડવાની હતી

જગતનાં પ્રાણી-૭૧ : સી-હૉર્સ



જમીન કરતાં દરિયાની જીવસૃષ્ટિમાં વધારે વૈવિધ્ય છે. નરી આંખે દેખી ન શકાય એટલા નાના જીવોથી માંડી જહાજ જેવડી વ્હેલ ને વનસ્પતિ જેવી વાદળી, ને કોઈ ઘટ્ટ પ્રવાહીના ફોદા જેવા આકારથી માંડી કઠણ-પોચાં અનેકવિધ રૂપોમાં તેનું વૈવિધ્ય વિસ્તરેલું છે. આવો જ એક અજબ જીવ છે દરિયાઈ ઘોડો.

છે તો એ પણ એક માછલી જ પણ ઘોડાના અને એના માથાના આકાર વચ્ચેના સામ્યને લીધે એનું અંગ્રેજી નામ પડયું 'સી હૉર્સ'. એનું ગુજરાતીકરણ એટલે દરિયાઈ ઘોડો. Hippocampusના શાસ્ત્રીય નામે ઓળખાતા માછલીના આ વર્ગમાં નાનીમોટી પચાસેક જાત. સાધારણ ગરમ પાણીવાળો છીછરો સમુદ્ર તેને ખૂબ માફક આવે. ખાસ તો ઉત્તર અમેરિકાના ફ્લૉરિડા પ્રાંતના માયામી શહેર પાસેના દરિયામાં એની વસતિ સારી પેઠે છે. બહુ ઊંડા વેગીલા પ્રવાહવાળા દરિયામાં તે રહી શકતી નથી. આવા પાણીમાં ઊગતાં ઘાસ વગેરે સાથે તે ચોટી રહે છે.

લીલો, સોના જેવો પીળો, બદામી, ભૂખરો વગેરે અનેકવિધ રંગોમાં એ મળી આવે છે. આ રંગવૈવિધ્ય એના બચાવનું સાધન છે. લીલા ઘાસમાં રહેતી માછલી લીલી હોય છે; પીળા પરવાળામાં રહેનારી પીળી. કોઈના માથામાંથી ઝાડની ડાળીઓ જેવી શાખાઓ પણ નીકળી હોય છે જેનાથી તે દરિયાઈ વનસ્પતિ સાથે આબેહૂબ ભળી જાય છે.

પણ સૌથી વધુ અજબ તો છે આ માછલીની પ્રજનનક્રિયા. અન્ય બધી માછલીઓની જેમ આમનામાં પણ ઈંડાં મૂકવાનું કામ તો માદા જ કરે છે, પરંતુ ઈંડાંનું સેવન તથા બચ્ચાંઓને જન્મ આપવાનું કામ નરને કરવાનું હોય છે! સંયોગ વખતે માદા નરના પેટ પરની એક કોથળી (pouch)માં ઈંડાં મકે

(અનુસંધાન પૃ. ૨૪૯)

ત્યારે પક્ષના મહામંત્રી તરીકે એમની નિમણૂક કરીને અખિલ ભારતને ધોરણે એ ઝુંબેશની વ્યવસ્થાનો ભાર એમણે શાસ્ત્રીજી પર જ નાખ્યો. એ ખતે કૉંગ્રેસને મળેલી ઝળકતી ફતેહ પાછળ શાસ્ત્રીજીની વ્યવસ્થાશક્તિ અને એમના અવિરામ પુરુષાર્થને પણ યશ છે.

ઈ. ૧૯૫૨ની નવી સંસદમાં ને રાજ્યસભાના સભ્ય તરીકે આવ્યા તથા કેન્દ્રીય રેલવે અને વાહનવ્યવહાર ખાતાના પ્રધાન તરીકે તેઓ નિમાયા. ચાર વર્ષ પછી અરિયાપુરના દારુણ અને કમનસીબ રેલવે અકસ્માતમાં ૧૫૦થી યે વધુ માણસો માર્યા ગયા ત્યારે બંધારણીયરીતે એની જવાબદારી પોતાને શિરે ઓઢી લઈ એમણે ૧૯૫૬માં રાજીનામું આપ્યું. એ વિષે એમને બિરદાવતાં શ્રી નેહરુએ કહેલું કે 'શ્રી શાસ્ત્રી ઉચ્ચ આદર્શો માટેની નિષ્ઠા સાથે એથી યે ઉચ્ચ કક્ષાની પ્રામાણિકતા અને ચારિત્ર્ય ધરાવતી વ્યક્તિ છે. હું એમનું રાજીનામું સ્વીકારું છું, કારણ કે એથી બંધારણીય ઔચિત્યનું ઉદાહરણ રજૂ થશે. જે કંઈ બન્યું છે તે માટે શાસ્ત્રી કોઈ પણ પ્રકારે જવાબદાર છે એમ માનીને એમનું રાજીનામું સ્વીકારતો નથી.' એ રેલવે અકસ્માત વિષેની ચર્ચાનો ઉત્તર વાળતાં એમણે કહેલું કે, 'કદાચ હું કદમાં નાનો છું અને જીભે ઉગ્ર નથી, તેથી લોકો એમ માનવા પ્રેરાય કે હું બહુ મક્કમ રહી શકું તેમ નથી. જોકે હું શરીરે સબળ નથી, છતાં આંતરિક રીતે એટલો નિર્બળ પણ નથી.' એમના જીવન ને ચારિત્ર્યના એક નવા પાસાનું આમાં દર્શન થાય છે. એમના સાદગીભર્યા ને અત્યંત નમ્ર બાહ્ય દેખાવની ભીતરમાં પ્રબળ ઇચ્છાશક્તિ અને નિશ્ચલ કાર્યભાવના રહ્યાં છે.

૧૯૫૭માં તેઓ ફરી લોકસભામાં ચૂંટાઈ આવ્યા, અને પરિવહન તથા સંદેશાવ્યવહારના પ્રધાન તરીકે અને પછી '૫૮માં વાણિજ્ય અને ઉદ્યોગપ્રધાન તરીકે નિમાયા. એ પદેથી એમણે કૃષિ અને ઉદ્યોગના સંયોજનની એક યોજના ઘડી હતી. ૨૦ થી ૩૦ વર્ષમાં કુટિરઉદ્યોગોને લઘુ ઉદ્યોગોમાં ફેરવી ગ્રામવિસ્તારમાં બેકારી ઘટાડવાનો એમાં ખયાલ હતો. પાછળથી એ જ ભૂમિકા પર વિશેષ પ્રગતિ માટેનું માળખું ઘડાયું.

જે ગોવિંદવલ્લભ પંતે ઈ. ૧૯૪૭માં એમને 'મહેનતુ, નિષ્ઠાવાન, વિશ્વાસુ અને પ્રીતિપાત્ર' ગણી પોતાના સંસદીય સચિવ બનાવ્યા હતા એ પંતજીના અવસાન પછી ઈ. ૧૯૬૧માં એમણે એમને જ સ્થાને આવી ભારતનું ગૃહખાતું સંભાળ્યું. એ ખાતાની અનેકવિધ અને અસીમ જવાબદારીઓ ઉઠાવવામાં એમની મંત્રણાકાર અને સમાધાનકાર તરીકેની શક્તિઓ પ્રકટી નીકળી. આસામના ઉગ્ર ભાષાકીય વિવાદમાં એમણે પોતાની કુનેહભરી સમજાવટથી સુખદ નિરાકરણ સાધેલું. ૧૯૬૩માં નેપાળના શુભેચ્છા-મિશનમાં પણ એમણે એવી જ સફળતા મેળવી. ભારત વિષેની નેપાળની ઘણી ગેરસમજો દૂર કરી બંને દેશો વચ્ચેના સંબંધો સુખદ બનાવ્યા. (નેપાળની એ યાત્રા એમની પહેલી જ વિદેશયાત્રા હતી. ત્યાં સુધી એમણે હિંદની સરહદ બહાર પગ સરખો માંડ્યો ન હતો.) પંજાબી સૂબાની લડતમાં તથા કેરળના વિખવાદોમાં પણ એમણે શાંતિભર્યા ઉકેલ આણ્યા હતા.

કામરાજ-યોજના હેઠળ સંસ્થાકીય કાર્યો ઉપાડી લેવા એમણે પ્રધાનપદેથી રાજીનામું આપ્યું હતું, પણ ગયા જાન્યુઆરીમાં સ્વ. શ્રી નેહરુએ એમને દફ્તર વિનાના પ્રધાન તરીકે પોતાની મદદમાં લીધા હતા. આ પદેથી તેઓ વિદેશખાતાની ઘણી કામગીરી કરતા હતા. દરમિયાન કાશ્મીરની હજરતબાલ મસ્જિદમાંથી પેગમ્બર સાહેબનો પવિત્ર વાળ ચોરાતાં જે વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી તેને હલ કરવાની જવાબદારી પણ એમને સોંપાઈ, અને એમણે પોતાની મીઠાશભરી કુનેહથી એ અત્યંત મુશ્કેલ કાર્ય પણ સિદ્ધ કર્યું.

એમની કારકિર્દી સનસનાટીભરી નથી, પણ એકધારી પ્રગતિમાન રહી છે. સામા પક્ષના દૃષ્ટિબિંદુને પણ સમજવાની પોતાની ચીવટભરી ખંત અને મીઠાશથી તેઓ સૌની સાથે સુમેળ રાખી શક્યા છે. વિનમ્ર તો એવા કે અદના નોકરને પણ 'પ્લીઝ' ને 'થૅંક યુ' કહેતા રહે. મુલાકાતમાં મોડા પડ્યા હોય તો અવશ્ય માફી માગે જ. સમજાવટમાં માનનારા હોવા છતાં પોતાના વિચારોમાં પૂરતા દૃઢ રહી શકે. સત્તા કે પદવી માટે એમણે કદી ઇચ્છા કરી નથી. તેઓ સિદ્ધાંત અને શાંતિના ચાહક છે. બધાની સાથે નિખાલસ રહેનાર એમને કોઇ શત્રુ નથી. કોઈ હરીફ નથી. તે સદા સંનિષ્ઠ કર્મયોગી બની સતત કાર્યરત રહ્યા છે.

અનુસંધાન] **સી-હૉર્સ** [પૃ. ૨૪૮થી

છે. ત્યાર પછી તેની જવાબદારી પૂરી થાય છે. પછી તો નર જ તેને કોથળીમાં ફલિત કરે છે અને સેવે છે. લગભગ ૧૦ દિવસે તે પરિપક્વ થઈ તેમાંથી બચ્ચાં બહાર આવે છે. આ બધો સમય ઇંડાં તો નરની કોથળીમાં જ સ્નાયુઓના એક પડમાં ભરાઇ રહે છે. દરેક ઇંડાને પોતાનું સ્વતંત્ર ઘર હોય છે. સ્વાભાવિક છે કે પ્રસૂતિની પીડા પણ નર જ ભોગવે. એ વખતે નરના પેટ પાસે રહેલી કોથળી ફૂલે છે. નર પોતાની જાતને ટટ્ટાર રાખવા માટે પૂછડી ઘાસના એકાદ તણખલાની આસપાસ વીંટાળી પકડ લે છે. પેટની નીચે રહેલ છિદ્ર ધીમેધીમે ઉઘાડવાસ થાય છે અને એકએક મિનિટને અંતરે કોથળીને જાણે કે આગળ ફેંકે છે. તેનું શરીર પણ ખેંચાય છે અને ધીરેધીરે પેલી કોથળીમાંથી પૂછડી બહાર આવે છે અને લગભગ બે કે ત્રણ મિનિટે કોથળી પાછી ખેંચાઈ જતાં આખું બચ્ચું બહાર આવી જાય છે. જન્મતાં જ બચ્ચું પ્રથમ તો નિરાધાર થઇ પાણીમાં નીચે ડૂબવા લાગે છે, પણ પછી થોડી જ સેકંડોમાં તેનું શરીર ટટ્ટાર થઈ જઈ તેના શરીરની બાજુના ભાગમાં રહેલા બે પંખા (fins) ફરકવા લાગે છે અને બચ્ચું તરતું થઈ જાય છે. તે પછી તો પુખ્ત માછલીની પેઠે તે પણ તુરત જ પોતાની પૂછડી કોઇ તણખલાને ભેરવી આરામથી સ્થિર થઈ બેસે છે,—કહો કે ઊભું રહે છે. એની પૂછડીની આ પકડ નાના બાળકની પકડ જેટલી મજબૂત હોય છે. બીજી બાજુ નર જન્મ આપેલ બચ્ચાની દરકાર કર્યા વગર પોતાની પ્રજનન-ક્રિયા ચાલુ જ રાખે છે. એક જણતરમાં લગભગ દસથી પાંત્રીસ બચ્ચાં જન્મે છે.

કાંગારુના બચ્ચા પેઠે દરિયાઈ ઘોડાનું બચ્ચું જન્મ પછી કોથળીમાં પાછું જતું નથી. આ પછીની બીજી વિશિષ્ટતા એ છે કે બચ્ચાની આંખો એકબીજાથી વિપરિત દિશામાં જોઇ શકે છે. જો એક આંખ આગળ જુએ તો સાથોસાથ બીજી આંખ પાછળ પણ જોઈ શકે.

પુખ્ત ઉંમરના દરિયાઈ ઘોડાને ઘોડાના મોં જેવું જે લાંબું મોઢું હોય છે તેવું મોઢું બચ્ચાંને જન્મ વખતે હોતું નથી. મોંનો એ વિકાસ તો પછીથી થાય છે. વળી, બચ્ચાની આંખો પ્રકાશ તથા પદાર્થોને ખૂબ જ અચ્છી રીતે પારખી શકે છે. છતાં અનુભવ સાવ જુદી જ વસ્તુ છે; એટલે ઘણી વાર નાનું બચ્ચું પાણીમાં થતા પરપોટાઓની આસપાસ પોતાની પૂછડી વીંટાળવાનો નિષ્ફળ પ્રયાસ કરતું હોય ત્યારે તે દેખાવ ખૂબ જ રમૂજી લાગે છે.

દરિયાઇ ઘોડાની આ પૂછડી જોતાં તેને માછલી કહેવાય કે નહિ એવો પ્રશ્ન ઊઠે એ સ્વાભાવિક છે. તેનું 'દરિયાઇ ઘોડો' નામ આપવાનું કારણ મુખ્ય તો ઘોડાને મળતું તેનું માથું જ છે. વળી, બીજી માછલીઓની જેમ પેટ ઉપર રહીને તરવાને બદલે દરિયાઇ ઘોડો સીધો જ તરે છે. તરવા માટે તેને પણ પીઠના ભાગમાં બે, માથા પાસે એક અને કોથળી પાસે એક એમ કુલ પાંચ પંખ (fins) હોય છે ને આ પંખા એક સેકંડમાં લગભગ દસ વાર ફરકતા હોવા છતાં દરિયાઈ ઘોડાની ગતિ ખૂબ જ ધીમી હોય છે. તેની છાતી પાસેના પંખાઓ

ગતિ ઉપરાંત તેને સ્થિર રાખવાનું કામ પણ કરે છે. તેના અનોખા દેખાવ (pose)વાળું છટાદાર સમતોલન પેટ પાસેના એ પંખાને આભારી છે. પાણીમાં ઉપર જવા માટે તે પૂછડી સાથે પોતાના શરીરને એકદમ ટટાર કરી દે છે અને નીચે ઊતરવા માટે તે પોતાની ડોક અંદર લઇ પૂછડી તદ્દન વાળી દે છે.

સ્વભાવે તે સાવ નિરૂપદ્રવી જીવ છે. પોતાના ખોરાક માટે તે દરિયાઇ સપાટી પર તરતાં નરી આંખે ન દેખાય તેવાં જંતુઓ, સ્રિમ્પ નામની ઝીણી માછલીઓ તથા અતિશય કુમળા દરિયાઇ ઘાસ ઉપર આધાર રાખે છે. પૂછડી ઘાસને વીંટાળી શિકારની વાટ જુએ છે. પ્રવાહમાં જેવું કોઇ જીવડું આવે એટલે તુરત જ વીજળીની ઝડપથી તેના લાંબા મોઢા પાસે રહેલું એક ગુપ્ત દ્વાર (trap-door) ઊઘડે છે અને પાણી અંદર ચુસાઇ જાય છે, સાથે પેલું જીવડું પણ આખું જ પેટમાં ઊતરી જાય છે. ચાવવાની કડાકૂટ કરવાની જ નહિ!

કદમાં એકાદ ઇંચથી માંડીને લગભગ આઠેક ઇંચની લંબાઈવાળી તેની વિવિધ જાતો જોવા મળે છે. કયારેક રાક્ષસી કદના એટલે કે લગભગ એક ફૂટ જેટલી લંબાઇવાળા દરિયાઈ ઘોડા પણ મળી આવે છે.

પાઇપ માછલી (pipe-fish) નામે દરિયાઈ ઘોડાના વર્ગની જ એક માછલી થાય છે. તેમાં પણ નર ઈંડાંનું સેવન કરી બચ્ચાંને જન્મ આપે છે. દરિયાઇ ઘોડાનું માથું અને પૂછડી સીધા કરી દઇએ તો અસલ પાઇપ માછલી અને પાઇપ માછલીને શતરંજના ઘોડાની જેમ ગોઠવી દઈએ એટલે દરિયાઈ ઘોડો બની જાય, એટલો જ એ બંને વચ્ચે તફાવત છે. એનું શાસ્ત્રીય નામ છે Syngnathidae.

માછલી હોવા છતાં દેખાવે જે એનાથી તદ્દન ભિન્ન છે અને જેમાં જાયાને બદલે નરને પ્રસૂતિની પીડા ભોગવવી પડે છે એવો સમુદ્રનો આ જીવ કુદરતની એક અજાયબી જ છે ને?

વલસાડ

આ તા. ૧લી જૂનને દિવસે સુરત જિલ્લાનું સુરત અને વલસાડ એમ બે જિલ્લાઓમાં વિભાજન કરીને વલસાડ ગામને વલસાડ જિલ્લાનું વડું મથક બનાવવામાં આવ્યું છે.

આ વલસાડ સુરતથી દક્ષિણમાં લગભગ ૪૦ માઈલના અંતરે અને મુંબાઇથી ઉત્તરમાં આશરે ૧૨૫ માઈલ પર ઔરંગા નદીના ડાબા કિનારે ૨.૦૭ જેટલા ચો૦ માઈલમાં વસેલું છે. ઇ. ૧૩૦૦ની સાલ પહેલાં વલસાડનો કોઈ ઉલ્લેખ મળતો નથી. મનાય છે કે અસલ નામ 'ન્યગ્રોધપુર' હશે. 'ન્યગ્રોધ' એટલે વડ. ડાંગનાં જંગલો નજીકમાં હોવાથી આ તરફની જગ્યા પણ જંગલ જેવી જ હશે ને અહીં વડ ને શાલનાં વૃક્ષોનો સમૂહ હશે, એથી પણ 'વડસાલ' અને વ્યત્યય થઇ 'વલસાડ' નામ બન્યું હોય. પણ એ માટે કોઈ મજબૂત આધાર નથી.

એક જમાનામાં વલસાડ જાણીતું બંદર હતું. અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ ઉલુઘખાને ઈ. સ. ૧૨૯૭માં ગુજરાત પર ચડાઇ કરી એ પ્રદેશ જીતી લીધો ત્યાર બાદ મહમદ તઘલખ ઇ. ૧૩૪૭-૫૦ સુધીના સમયમાં ગુજરાતમાં થએલો બળવો શાંત કરવા આ પ્રદેશમાં આવ્યો હતો એ સમયે વલસાડની મોટી બજારમાં આજ જે જુમા મસ્જિદ જોવામાં આવે છે તે મસ્જિદની જૂની ઈમારત બંધાવવામાં આવી હતી. ૧૪૦૧માં ઝફરખાને ગુજરાતમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. તેના પૌત્ર સુલતાન અહમદશાહે ઇ. ૧૪૧૪માં અમીન સીદી નામના મુસલમાન સરદારને વલસાડનો બંદોબસ્ત સોંપ્યો હતો.

પંદરમી સદીમાં વેપાર-ઉદ્યોગોમાં આ પ્રદેશ આગળ પડતો હતો અને ભારતનાં મોટાં જહાજો ગુજરાતમાં બનતાં ત્યારે વલસાડમાં પણ એ ઉદ્યોગ હતો. તે વખતે ભારતના પશ્ચિમ દરિયાકિનારા પર કોઇ ભારતીય વહાણ સલામત ન હતું. પોર્ટુગીઝો કિનારા પરનાં ગામડાં લૂંટતા અને સ્ત્રી-પુરુષોને ગુલામ બનાવી લઈ જતા. તેઓના ત્રાસ અને લૂંટથી વલસાડ પણ બચ્યું ન હતું. સુલતાન બહાદુરશાહને મુઘલોની સામે વાપરવા માટે તોપ, બંદૂક અને દારૂગોળાની ખૂબ જરૂર હતી, તેથી એ મેળવવા તેણે ઈ. સ. ૧૫૩૪માં પોર્ટુગીઝો સાથે કરાર કર્યા અને વસઈથી દમણ અને વલસાડ સુધીનો પ્રદેશ તેમને આપ્યો અને ઈ. સ. ૧૫૫૯માં પોર્ટુગલે એ પ્રદેશનો કબજો લીધો.


ઇ. સ. ૧૫૭૩માં મુઘલ સમ્રાટ અકબરે સુરત અને આસપાસનાં ૯૯૩ ગામ જીતી લીધાં, એ ગામોમાં નવસારી અને વલસાડનો પણ સમાવેશ થતો હતો. અકબરે સુરત અને વલસાડ પરગણાંની વ્યવસ્થા તથા માપણીનું કામ રાજા ટોડરમલને સોંપ્યું. ઇ. સ. ૧૬૩૧માં મુઘલ શહેનશાહના થાણેદાર તરીકે અહીં ગોપાલદાસ અમીન હતા.

ઇ. ૧૭૦૭માં શહેનશાહ ઔરંગઝેબના અવસાન પછી મરાઠાઓનો ઉદય થયો ત્યારે પારનેરામાં તેમનું થાણું હતું. ઈ. ૧૭૩૧માં વલસાડ ઉપર પિલાજી ગાયકવાડની સત્તા સ્થપાઈ. રાજ્યક્રાન્તિના આ સમયમાં પિંઢારાઓનો ભારે ત્રાસ હતો. ૧૭૫૨માં પેશ્વા બાલાજી બાજીરાવ અને ગાયકવાડ વચ્ચે પારનેરા આગળ સાત દિવસ યુદ્ધ થયું, જેને અંતે સમજૂતી થઇને ગુજરાતનો પ્રદેશ બે ભાગમાં વહેંચાયો: વલસાડની દક્ષિણનો ભાગ પેશ્વાના તાબામાં રહ્યો અને તેની ઉત્તરનો ભાગ ગાયકવાડ રાજ્યમાં ગયો.

ઈ. સ. ૧૮૦૨માં જૂનની ૧૪મી તારીખે વસઈના કરારથી બાજીરાવ બીજાએ વલસાડ અને એ પરગણાનાં કુલ્લે ૫૯ ગામો અંગ્રેજ કંપની સરકારને સહાયકારી લશ્કરના ખર્ચ અંગે સોંપ્યાં ત્યારથી વલસાડમાં અંગ્રેજોનો વહીવટ શરૂ થયો. ઈ. સ. ૧૮૫૦માં ધોબીવાડમાં 'મોગલવડ' પાસે પી.ડબ્લ્યુ.ડી.ના મકાનમાં પોસ્ટ ઑફિસ નંખાઈ. ઈ. સ. ૧૮૫૫માં સુધરાઈની સ્થાપના થઈ. ઇ. સ. ૧૮૬૦-૬૧માં વલસાડમાં પ્રથમ રેલવે સ્ટેશન બંધાયું. (હાલનું સ્ટેશન ઇ. સ. ૧૯૨૫માં બાંધવામાં આવ્યું.) ઇ. સ. ૧૮૬૪-૬૫માં વલસાડ પરગણામાં ૧૭૩ જેટલાં ગામો હતાં. આ પરગણાની જમીન ૧,૮૪,૩૦૦ એકર હતી અને વસ્તી ૧,૧૩,૭૮૦ માણસોની હતી. શહેરની વસ્તી ૧૮૫૫માં ૭૫૯૯ હતી. ૧૯૬૪માં ૩૫,૦૦૦ હોવાનો અંદાજ છે.

બરાબર ૧૦૦ વર્ષ પર ૧૮૬૪માં અહીં અંગ્રેજી શિક્ષણની શરૂઆત થઈ અને શેઠ જમશેદજી રૂસ્તમજીની સખાવતથી પ્રથમ અંગ્રેજી નિશાળ ચાલુ થઈ. આજે તો એક આર્ટ્સ ને સાયન્સ કૉલેજ પણ છે. પારનેરાનો જાણીતો ડુંગર વલસાડથી ચારેક માઇલના અંતરે આવેલો છે, જ્યાંનો જૂનો કિલ્લો આજે તો ખંડિયેર હાલતમાં છે.

વલસાડ વેપારનું નાનું પણ મહત્ત્વનું કેન્દ્ર છે. અહીંનું ભાગડા બંદર પ્રસિદ્ધ બન્યું છે. ડાંગર, તેલ, ગોળ, લાકડાં (સાગ), ઈંટ, ફર્નિચર, ઘાસ વગેરેનો વેપાર અહીં સારા પ્રમાણમાં થાય છે. વલસાડ કેરીના અને શેરડીના વેપારનું પણ મોટું કેન્દ્ર છે. (ગુજરાતમિત્ર)



સ્વ. જવાહરલાલજીના ઈચ્છાનુસાર હવામાંથી દેશની ભૂમિ પર વિસર્જન કરવાના દિવસે – ૧૨મી જૂને ભારતે એમના સ્મરણમાં આ ખાસ ટપાલ-ટિકિટ બહાર પાડી છે.

જીવટના અસ્થિનું એમની

આ માસ (જૂન) ઈતિહાસમાં - વ્યક્તિ વિશેષ - પ્રસંગ વિશેષ

વ્યક્તિવિશેષ : કેપ્ટન સ્કૉટ

હજી આરંભનો જ કાળ હોવાને લીધે વાયરલેસ અને હવાઈ ઉડ્ડયનોનો હજી બહુ



મર્યાદિતપણે ઉપયોગ થઈ શકતો હતો ત્યારે ધ્રુવપ્રદેશોની અજાણી બરફીલી ભૂમિને પગ તળે ખૂંદવી એ પંદરમી સોળમી સદીના અજાણ મહાસાગરો ખેડવા જેટલું જ મહત્ત્વનું ને સાહસભર્યું કાર્ય ગણાતું. લોકોનું ધ્યાન પણ આ શોધસફરો પ્રત્યે કેન્દ્રિત થએલું હતું ત્યારે કેપ્ટન રૉબર્ટ ફૅાલ્કન સ્કૉટ બ્રિટિશ રાષ્ટ્રનો વીરપુરુષ બની રહ્યો હતો. કેપ્ટન સ્કૉટ અને શેકલ્ટન નોર્વેના નાનસેન તથા આમુંડસેન ને અમેરિકાના પીઅરીના બ્રિટિશ હરીફો હતા.

ઈ. ૧૮૬૮ની ૬ઠ્ઠી જૂને ઇંગ્લંડમાં ડેવનપોર્ટ મુકામે સ્કૉટનો જન્મ થએલો. નૌકાદળમાં દાખલ થઈ નાની ઉંમરે બઢતી મેળવી એ કમાન્ડર બનેલો. રોયલ જ્યોગ્રાફિકલ સોસાએટી તથા રોયલ સોસાએટીના ઉપક્રમે યોજાએલી દક્ષિણ ધ્રુવપ્રદેશની શોધસફરની નેતાગીરી સ્કૉટને સોંપાઈ ત્યારે તેની ઉંમર ૩૧ વર્ષની જ હતી. ધ્રુવ પ્રદેશનો તેને જરા યે અનુભવ નહોતો. પણ નૌકાદળનો એ હોશિયાર અમલદાર તથા પહેલા વર્ગનો વિજ્ઞાની હતો. થોડા જ વખતમાં એણે આગલી સફરોનો ઇતિહાસ જાણી લીધો. ૧૯૦૧ના ઉનાળામાં, આ શોધસફર માટે જ ખાસ બનાવેલા લાકડાના જહાજ 'ડિસ્કવરી'માં તેઓ ટેમ્સથી ઊપડ્યા. અર્નેસ્ટ શેકલ્ટ, ડૉક્ટર, ચિત્રકાર ને પ્રાણીશાસ્ત્રી ઈ. એ. વિલ્સન ને પેટી ઑફિસર એડગર ઈવાન્સ પણ એની સાથે હતા. છ માસની સફર પછી તેઓ 'રોસ સી' પહોંચ્યા. ચારે તરફ વીંટળાએલા બરફ વચ્ચે માર્ગ કરતાં તેઓ દક્ષિણમાં વધુ ઊંડે આગળ વધ્યા, લગભગ બધા જ પ્રકારનાં સીલ, વ્હેલ, પેંગ્વિન વગેરે ત્યાંનાં વિશિષ્ટ પશુપક્ષીઓનો તેમણે અભ્યાસ કર્યો. એક નવો પ્રદેશ શોધી એને 'કિંગ એડવર્ડ સેવન્થ લૅન્ડ'નું નામ આપ્યું. શિયાળામાં સ્લેજ પર સફરો કરી અંદરના વિસ્તારો પણ જોયા. અને એ કાળમાં કોઈ પણ કરતાં વધુ દક્ષિણ સુધીનો મુલક તેમણે ખૂંદ્યો. બે વર્ષ પછી 'ડિસ્કવરી' અનેક નવી કિંમતી માહિતીઓ સાથે ઇંગ્લંડ પાછું ફર્યું. સ્કૉટ બ્રિટિશ પ્રજાનો લાડીલો વીર બની ગયો. બઢતી આપી એને કૅપ્ટન બનાવાયો.


ઈ. ૧૯૦૯માં એણે દક્ષિણ ધ્રુવ પહોંચવા માટે એક નવી યોજના કરી. એ ફરી ઊપડ્યો. સાથે ઉપનેતા તરીકે લેફ્ટેનન્ટ ઈ. આર. ઇવાન્સ (પાછળથી એડમિરલ લૉર્ડ માઉન્ટઈવાન્સ) અને એના જૂના સાથીઓ એડગર ઈવાન્સ તથા ડૉ. વિલ્સન પણ હતા.

દક્ષિણ ગોળાર્ધમાં જ્યારે વસંત હોય છે એ નવેમ્બરમાં તેઓએ કેપ ઈવાન્સથી દ. ધ્રુવની ૯૫૦ માઈલની સફર આરંભી. માર્ગમાં ખોરાક અને બળતણના તેલનો એક એક અઠવાડિયાનો પુરવઠો મૂકતા જતા હતા. આગળ વધવા સાથે તેઓ થોડા થોડા જણને પાછા વાળતા જતા હતા. ૪થી જાન્યુઆરીએ ધ્રુવથી ૨૦૦ માઈલ દૂર રહ્યા ત્યારે સ્કૉટે છેલ્લી સહાયક ટુકડીને પણ લેફ. ઈવાન્સને નેતૃત્વ સોંપી પાછી વાળી. અને એ, ડૉ. વિલ્સન, કેપ્ટન ઑટ્સ, લેફ. બાવર્સ તથા એડગર ઈવાન્સ દક્ષિણ ધ્રુવ તરફ ઊપડ્યા.

એ પછી આ પાંચે જણને કોઇએ જીવતા જોયા નથી. પણ પાછળથી એમનાં શબ સાથે મળી આવેલ સ્કૉટની છેવટની ઘડી સુધીની વિગતવાર નોંધ પરથી જાણવા મળે છે કે ૧૬મી જાન્યુઆરીએ તેઓએ દ. ધ્રુવનાં દર્શન કર્યાં. બે દિવસ પછી તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે ખાતરી થઈ કે મહિનાથી યે ઓછા દિવસો પહેલાં નોર્વેના આમુંડસેનની ટુકડી ધ્રુવ પર પોતાનો ધ્વજ ફરકાવી ગઈ છે. આટઆટલી જહેમત પછી ગળવા પડેલા એ કડવા ઘૂંટ સાથે જ્યારે એમણે વળતી સફર આરંભી ત્યારે માર્ગમાં પવનનાં તોફાનોથી એમને બેહદ મુશ્કેલીઓ પડી હતી. એમાં ઘાયલ થઈ ઈવાન્સ મૃત્યુ પામ્યો. કાતિલ ઠંડીથી નાકૌવત બની ગએલા ઑટ્સે સાથીઓનો ભાર હળવો કરવા ગુપચુપ એમનાથી છૂટા પડી જઈ આત્મબલિદાન આપ્યું. અને પુરવઠાના એક મુખ્ય મથક 'વન ટન કૅમ્પ'થી અગિયાર જ માઈલ દૂર ઝંઝાવાતને લીધે તંબૂમાં ફસાઈ રહી આઠ દિ' સુધી ઠંડી ને ભૂખ સહન કરી બાકીના ત્રણે જણ પણ ૨૯મી માર્ચે સદાને માટે પોઢી ગયા. આઠ માસ પછી એમનાં શબ હાથ લાગ્યાં ત્યારે સ્કૉટની સંપૂર્ણ વિગતભરી નોંધપોથીઓ અને સાથેનો ભાર વધવા છતાં એમણે એકઠા કરેલા કિંમતી નમૂનાઓ પણ મળ્યા હતા.

પ્રસંગ વિશેષ : બલૂનની શોધ ને તેનું પ્રથમ ઉડ્ડયન : તા. ૫મી જૂન, ૧૭૮૩

ફ્રાંસના ઍનોની ગામમાં જૉસેફ અને ઍન્ટની મૉન્ટગૉલ્ફર નામે બે ભાઇઓ એક રાત્રે તાપણામાંથી નીકળતા ધુમાડાને રેશમની એક કોથળીમાં ભરી રહ્યા હતા. ધુમાડાની સાથે એ



પ્રાથમિક બલૂનનો એક પ્રયોગ


કોથળી પણ જો હવામાં અદ્ધર ચડે તો એ જ પ્રયોગને મોટા પાયા પર કરી માણસ પણ એની સાથે હવામાં ઊંચે જઈ શકે એવો એમનો ખયાલ હતો. ધુમાડાવાળી કોથળી ઊંચે ચડી અને એમણે પ્રયોગો વધારતા જઇ અંતે ૩૮ ફૂટના વ્યાસના એક જંગી ગુબ્બારા વડે એવો જ પ્રયોગ કર્યો. ઇ. ૧૭૮૩ની ૫મી જૂને ઊડેલો એ ગુબ્બારો જગતનું પ્રથમ બલૂન હતું. ૬૦૦૦ ફૂટ જેટલે ઊંચે જઈ એ બલૂન દસેક મિનિટમાં પાછું નીચે ઊતરી આવ્યું, થોડા વખત પછી બીજા પ્રયોગમાં એમણે બલૂન સાથે પાંજરામાં બાંધીને કેટલાંક પ્રાણી પણ અદ્ધર ચડાવ્યાં. પછી એક માણસને પણ ઉડાડ્યો. દરમિયાન તેમને સમજાઇ ગયું હતું કે ઊંચે જવામાં ધુમાડો નહિ પણ અગ્નિથી પાતળી ને હળવી બનેલી હવા કારણભૂત હતી. હવા કરતાં ઓછા વજનનો કોઇ પણ વાયુ યે તે માટે ચાલી શકે. હવાને વધુ વખત ગરમ ને હલકી રાખવા તેમણે અગ્નિ સાથે, બે માણસોવાળું બલૂન પણ ચડાવી જોયું. પચ્ચીસેક મિનિટમાં એણે સાડાપાંચ માઇલની સફર કરી. પછી તો પ્રો. ચાર્લ્સ રૉબર્ટ નામના માણસે હાઇડ્રોજન ભરેલું, રબ્બર ચડાવેલા રેશમનું બલૂન ઉડાડી બે કલાકમાં ૨૦ માઇલનું ઉડ્ડયન કર્યું. ૧૭૮૫માં બલૂન વડે ઇંગ્લિશ ખાડી પાર કરાઈ. એ જ વર્ષમાં એક પ્રયોગમાં બલૂન સળગી જઈ બે માણસો મરી ગયા. બલૂનની એ પ્રથમ જીવલેણ હોનારત હતી.



(ભારતીય વિદ્યાભવનના સૌજન્યથી)

દિનેશ શાહ : **યાદનાં વાદળ**

ચિત્ર પર નજર પડતાંવેંત તો 'અભિસારિકા' જ નામ સૂઝે; પણ એના કલાકારે એને 'યાદનાં વાદળ'નું નામ આપ્યું છે. સ્મરણની ભૂમિ પર પગ માંડતાં વિવિધ યાદની હવા તેનાં વસ્ત્રો પેઠે શું તેના મનને લહરાવી રહી છે? ભૂતકાળની યાદનાં એ આછાંઘેરાં વાદળોએ આવરી લીધેલા અંતર સાથે તે મનગમતી ભૂમિ પર આગળ વધી રહી છે.



ભારતના નવા વડા પ્રધાન **લાલબહાદુર શાસ્ત્રી** જેણે ૯મી જૂને હોદ્દો લીધો

શતરંજ

બે રશિયન મહાઉસ્તાદો

ગયા ફેબ્રુઆરીમાં શતરંજના બે રશિયન મહાઉસ્તાદો (grand-masters)-યુરી એવરબાખ અને માર્ક ટાઈમનૉફ-ભારતની મુલાકાતે આવ્યા હતા. કલકત્તા, મદ્રાસ, હૈદરાબાદ, મુંબાઈ અને દિલ્હીમાં એક સાથે અનેક ખેલાડીઓ સાથે રમવાનાં એમનાં પ્રદર્શનો ગોઠવાયાં હતાં. તેમાં તેમણે ભારતીય ખેલાડીઓને જે રીતે હરાવ્યા હતા તે દર્શાવે છે કે તેઓનું ધોરણ કેટલું ઊંચું છે. તેમણે પ્રદર્શનોમાં રમેલી રમતોનાં પરિણામો નીચે પ્રમાણે છે:

કલકત્તા	કુલ	જીત	ડ્રૉ	હાર
એવરબાખ	૨૫	૧૯	૪	૨
ટાઈમનૉફ	૨૫	૧૮	૬	૧
મદ્રાસ				
(૧) એવરબાખ	૧૭	૧૬	૧	૦
ટાઈમનૉફ	૧૮	૧૫	૩	૦
(૨) એવરબાખ	૨૨	૨૦	૨	૦
ટાઈમનૉફ	૨૨	૧૮	૪	૦
મુંબાઈ				
એવરબાખ	૨૮	૨૫	૩	૦
ટાઈમનૉફ	૨૮	૨૭	૦	૧
હૈદરાબાદ				
(૧) એવરબાખ	૧૦	૯	૧	૦
ટાઈમનૉફ	૧૧	૧૧	૦	૦
(૨) બન્ને-આ	૨૨	૨૦	૨	૦

છેલ્લી રમતમાં એક ચાલ એવરબાખ તો બીજી ચાલ ટાઈમનૉફ એ રીતે રમીને.

દિલ્હી				
એવરબાખ	૪	૪	૦	૦
ટાઈમનૉફ	૪	૪	૦	૦

આ ઉપરાંત, મુંબાઈ અને મદ્રાસમાં ત્યાંના જાણીતા ખેલાડીઓ સાથે શતરંજની ગંભીર રમત રમ્યા તેનાં પરિણામ નીચે પ્રમાણે હતાં.

મદ્રાસ ટાઈમનૉફ ૧, આરન ૦;
રાજારામ ૦, એવરબાખ ૧.
મુંબાઈ એવરબાખ ૧, શાલિગ્રામ ૦;
ટાઈમનૉફ ૧, બાબર ૦.

આ રીતે તેઓ લગભગ ૨૪૦ રમત રમ્યા. તેમાંથી ફક્ત ૪ જ રમત હાર્યા અને ૨૬ જ ડ્રૉ થઈ. લગભગ ૯૩% પરિણામ કહી શકાય.

રશિયામાં જ્યારે આવાં પ્રદર્શનો યોજાય ત્યારે ત્યાંના નાના વિદ્યાર્થીઓ પણ આપણા ખેલાડીઓ કરતાં વધુ સારો દેખાવ કરે છે.

અનેક ખેલાડીઓ સામે એકસાથે રમત કેમ રમાય છે તે આપણે જોઇએ. બધા ખેલાડીઓ એક હારમાં બેઠા હોય છે. તેમને હમેશાં કાળાં મહોરાં જ આપવામાં આવે છે. જે ખેલાડી એક સાથે ઘણા ખેલાડી સામે રમવાનો હોય તે એક છેડેથી બીજે છેડે ચાલતાંચાલતાં પોતાની ચાલ ચાલતો જાય છે અને ફરી પાછો પહેલે છેડે આવીને ફરથી ચાલ ચાલતો જાય છે. આ રીતે તેને દરેક ચાલ ચાલવામાં કેટલો ઓછો સમય મળે છે તે જોઇએ.

દા. ત. મુંબાઈમાં ટાઈમનૉફ ૨૮ રમત રમ્યા. સરેરાશ એક રમતમાં ૩૫ ચાલ ચલાઈ હોય તેમ માનીએ; બે કલાકમાં તેમણે બધી રમત પૂરી કરી હતી. એટલે કે તે ૯૮૦ ચાલ બે કલાકમાં ચાલ્યા. એક ટેબલ સુધી ચાલવામાં સમય વેડફાય તે ન ગણીએ તો પણ તેમને એક મિનિટમાં લગભગ ૮ થી વધુ ચાલ ચાલવી પડી હશે અને છતાં પણ ૨૮ રમતમાં ૨૭ જીતવા જેટલી સુંદર રીતે તે રમ્યા હતા. તેમના પ્રતિસ્પર્ધીઓને એક ચાલ વિચારવાની પાંચ મિનિટ મળે ત્યારે તેમને ફક્ત ૧૦ સેકન્ડ જ મળે. પ્રતિસ્પર્ધીઓની એમના ઉપર જ નજર રહી શકે જ્યારે તેમને તો ૨૮ જુદાજુદા બોર્ડ ઉપરની રમત રમવાની હોય. છતાં પણ તેમણે મેળવેલ ઉજ્જ્વલ પરિણામો તેમની રમતનો ખયાલ આપે છે.

આ બન્ને મહાઉસ્તાદો ઘણી બાબતોમાં એકબીજાથી તદ્દન વિરોધી લાગે છે. એવરબાખ ઘણા ઊંચા અને પાતળા, ટાઈમનૉફ તેમની સરખામણીમાં નીચા અને જાડા. એવરબાખ એન્જિનિયર છે જ્યારે ટાઈમનૉફ કલાકાર છે. તેઓ પીઆનો બજાવવામાં એટલા જ પ્રવીણ છે જેટલા શતરંજ રમવામાં. એવરબાખ સ્વભાવે ગંભીર છે જ્યારે ટાઈમનૉફ રમૂજી છે. તેમનો આ સ્વભાવ તેમની રમતોમાં પણ જોવા મળે છે. એવરબાખ પોઝિશનલ રમત રમે છે જ્યારે ટાઈમનૉફ વધુ combinative રમત રમે છે. બેમાંથી ફક્ત એવરબાખ જ અંગ્રેજી સારી રીતે બોલી શકે છે.

એવરબાખને જ્યારે અહીંના ખેલાડીઓ વિશે મત પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે, 'અહીંના ખેલાડીઓની રમતમાં રમતની શૈલી અને ઊંડી સમજણ સારી છે, પણ તેમનું જ્ઞાન ઓછું છે. તેઓ મધ્યનો તબક્કો સારી રીતે રમી શકે છે પણ તેમનું શરૂઆતના અને અંતના તબક્કાનું જ્ઞાન ઘણું ઓછું છે અને પરિણામે શરૂઆતમાં જ એવી સ્થિતિ આવી જાય છે કે તેનો લાભ ઉસ્તાદ તરત જ ઝડપી લઈ શકે છે.'

કોયડા નં. ૬ (એપ્રિલ)નો ઉકેલ.

સ્થિતિ: bb3r1B/7B/Q7/p2krn1-R/p5R1/3N2pK/16.

કોયડો: સફેદે બે ચાલમાં મહાત કરવાનું.

ચાવી: 1. R-QB4 (૨ માર્કસ)
ધમકી: 2 N-B4 mate (૧ માર્ક)
વિકલ્પો: (૩ માર્કસ)

૧) 1...R(K4) Random (આડી અવળી ગમે તે ચાલ); 2R-Q4 mate.
૨) 1..., R-K5; 2 R-B5 mate.
૩) 1..., N-random; 2 B-K4 mate.
૪) 1..., N-Q3; 2 R×R mate.
૫) ..., N-Q5; 2 R-Q4 mate.
૬) 1..., B-B3; 2 Q×B mate.

આ કોયડામાં ચાવીની ચાલ પછી સફેદ મહાતની ધમકી આપે છે. આ ધમકી કાળો તેનો K4 ઉપરનો હાથી ચાલે તો ટળે છે, કારણ કે તેમ કરવાથી તેના N1 ઉપરના ઊંટની લાઇન ખુલ્લી થાય છે. પણ જો હાથી ગમે તેમ આડો અવળો (અહીં K5 સિવાય ગમે ત્યાં) ચાલે તો સફેદ પાસે બીજી ધમકી છે—2 R-Q4. mate (કાળો હાથી ખસતાં સફેદના R8 ઉપરના ઊંટની લાઇન પણ ખૂલે છે.) આવી ધમકીને Contigent threat કહે છે. પણ જો કાળો રાજા અમુક ખાસ ખાના (અહીં K5) ઉપર આવે જ્યાં મૂળ તેમ જ બીજી એમ બન્ને ધમકીઓ ટળતી હોય તો તેવી ચાલને correction કહે છે.

આ જ રીતે કાળો ઘોડો B4 ઉપરથી ઊઠે તો contigent threat ઊભી થાય છે. 2 B-K4. અહીં કાળા પાસે બે correction વાળી ચાલ છે. 1..., N-Q3 અને 1..., N-Q5.


છેલ્લા વિકલ્પને મધ્યવર્તી વિચાર સાથે સંબંધ નથી.

K. S. Howardના આ કોયડામાં બે contigent threat અને Black correction વાળી ત્રણ ચાલ રસમય છે. આ કોયડો પહેલાં ૧૯૪૧માં બ્રિટિશ ચેસ મૅગૅઝિનમાં છપાયો હતો.

આ કોયડામાં ભાગ લેનાર

૧) ડૉ. કે. એન. ગાંધી, રાધનપુર; ૨) ઈન્દ્રવદન મોદી, ભાવનગર; ૩) હિમાંશુ વૈદ્ય, બાંટવા—૬ માર્કસ. ૪) સુરેશ દવે, અમદાવાદ; ૫) ભૂદરભાઈ ચાવડા, વીરમગામ; ૬) મહેન્દ્ર મહેતા, ભુજ—૫½ માર્કસ. ૮) સતીશ દલાલ, સુરત; ૯) સિદ્ધાર્થ ભટ્ટ, ભાવનગર; ૧૦) હરેશ દીવાન, મુંબાઈ—૫ માર્કસ. ૧૧) ભૂપેન્દ્ર દોશી, મુંબાઈ ૪; ૧૨) નટવરલાલ કુબેરદાસ, અમદાવાદ—૩½; ને ૧૩) જ ઝવેરી, ભૂવા-૩.

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૨૧૯થી:



આ૦ ૧માં દર્શાવ્યા પ્રમાણે પીઠ પરથી દોરી પસાર કરીને જાન્યુ૦ અંક બાંધવો. પછી બીજા સળંગ છેડાને अ, ब, क માં દર્શાવ્યા પ્રમાણે પસાર કરીને અનુક્રમે માર્ચ, મે, જુલાઈ વગેરે એકી સંખ્યાના અંક બાંધી લેવા. નવે૦ અંક બંધાઈ ગયા બાદ દોરીને પીઠ પરથી લઇને ફરીથી અંદરના ભાગમાં પસાર કરી ડિસે૦ અંક પણ બાંધી લેવો. ત્યાર બાદ, આકૃતિ નં. ૨માં દર્શાવ્યા પ્રમાણે ड, इ, फ તથા च ને ट પાસે તીરની નિશાનીથી દર્શાવ્યા મુજબ બે કાણાં વચ્ચેના ખાલી રહેલા ગાળાઓમાંથી દોરીને કાઢતા જઇને અંદરની બાજુએથી પસાર કરતી વખતે અનુક્રમે ઑક્ટોબર, ઑગસ્ટ, જૂન, એપ્રિલ વગેરે બેકી સંખ્યાના અંકો બાંધવા. ફેબ્રુઆરી અંક બંધાઈ ગયા બાદ દોરીનો છેડો પ્રથમ વાળેલી ગાંઠ પાસે આવશે. તે જ ગાંઠ સાથે તેને બાંધી શકાય. અથવા : આ રીતે દોરીને પ્રથમ પસાર કરીને બાંધી લઇ શકાય, તે જેમ જેમ અંકો આવતા જાય તેમ ફાઇલ કરી શકાય. દોરી શરૂઆતમાં જરા ઢીલી રાખીને વર્ષાન્તે ખેંચી લેવાથી અંકો સજ્જડ બાંધી શકાશે.

(અમદાવાદ) —હરિકૃષ્ણ રા. પાઠક

મે (૪૮૫) અંકમાં સંપાદન-ક્ષતિથી નીચેની ભૂલ રહી લાગે છે. 'લીલબાઈ મા'વાળા લેખના છેવટના વિભાગમાં 'મોટા થયા પછી કેશવજી એકવાર પિતાના આગ્રહને વશ થઈ દૂરના ગામડે સપ્તાહ વાંચવા ગએલા' એ વાક્ય આ પ્રમાણે જોઈએ : 'કેશવજી મોટા થયા પછી, રઘુનાથ ભટ્ટ એક વખત આગ્રહને વશ થઈ દૂરના ગામડે સપ્તાહ વાંચવા ગયા.'

(ભાવનગર) —મુકુંદરાય પારાશર્ય

મે' ૬૪ના અંકમાં આ છાપભૂલો લાગે છે : પાન ૧૭૬ પર ચિત્રની બાજુમાં શ્રી છોટાલાલ વોરાની જન્મસાલ ૧૮૪૪ને બદલે ૧૮૮૪ જોઇએ; તેમજ અવસાન વર્ષ ૧૯૩૪ ને બદલે ૧૯૬૪ જોઇએ. પાન ૧૯૭ પર શ્રી સ્વેન હેડિનનો જન્મ(ફોટો પાસે) ૧૮૧૫ બતાવેલ છે ત્યાં ૧૮૬૫ જોઇએ.

લાલા હરદયાલ જેવા ક્રાંતિકારોનાં વિસ્તૃત ચરિત્રો એક જ ગ્રંથમાં ગુજરાતીમાં ક્યારે સુલભ થઈ ગુજરાતનાં યૌવનને પડકારશે?

નેપોલિયનના અવસાનનું સ્થળ સેન્ટ 'હેલિના' ને બદલે 'કેલિન' છપાયું છે.

(અમદાવાદ) —કિશોર જી. દવે

'કાયાની કરામત', 'માંદગીનાં મૂળ', 'આહાર અને આરોગ્ય' એ શ્રેણીમાં આવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળાઓ પુસ્તક આકારે વાચકો સમક્ષ રજૂ કરો.

(મુંબાઈ) —હીરાલાલ જી. શાહ

[*'કાયાની કરામત' ગુજરાત વિદ્યાસભાએ (ભદ્ર અમદાવાદ) પ્રકટ કરી છે; 'માંદગીનાં મૂળ' એ જ સંસ્થા તરફથી છપાય છે; એ ઉપરાંત 'શરીરની સાચવણ' તથા 'જીવનની જુગતી' વગેરે પણ પુસ્તકાલય સ. સ. મંડળ લિ૦ (રાવપુરા વડોદરા)એ પ્રકટ કર્યાં છે.]

અંક ૪૮૫માં પાન ૨૧૬ ઉપર નીચલે ખૂણે આપેલું ચિત્ર કોને અનુલક્ષીને છે?

'રક્ત-તિલક'માંનો 'ઑસ્પિટલ' શબ્દ જચતો નથી. હૉસ્પિટલ શું ખરો શબ્દ નથી?

(વડોદરા) —ધનંજય ન. જાની

[*ચિત્ર સેન્ટ હેલિના ટાપુના એક ભાગનું છે. સાચો ઉચ્ચાર 'ઑસ્પિટલ' જ છે.]

મે અંક ૪૮૫માં સુધારો: શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ સને ૧૮૮૩ની નહિ, પરંતુ ૧૮૯૩ની શિકાગો વિશ્વધર્મ પરિષદમાં હાજરી આપી હતી, એમ જોઇએ. ઉપરાંત તેઓ ગુજરાતના પ્રતિનિધિ તરીકે નહિ, પરંતુ જૈન ધર્મના તેમજ ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ તરીકે ત્યાં ઉપસ્થિત થયા હતા.

(મુંબાઈ) —પન્નાલાલ રસિકલાલ શાહ

મેના 'કુમાર'માં 'રક્તતિલક' વાર્તા વાંચતાં લેખકનું પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય, લડાઈના મોખરે ઝઝૂમતા દેશના જવાનોની અટલ દેશભક્તિ અને પ્રસંગની અનુકંપા અનુભવતા હોઇએ તેવી સચોટ છાપ આપણા માનસમાં અંકિત થાય છે. ઉઠાવદાર વાર્તા લખવા બદલ લેખકને ખૂબ અભિનંદન.

(રાજકોટ) —મગનલાલ ત્રિવેદી

ડિસેમ્બર અંકમાં શ્રી મોતીલાલ રણછોડદાસ વ્યાસના મત મુજબ કમળ માત્ર સરોવરમાં જ ઊગી શકે છે. પરંતુ મારા જાણવા મુજબ અમારી મચ્છુ નદીમાં પણ લાલ કમળ ઊગે છે અને અમે પ્રસંગોપાત્ત લઈ આવીએ પણ છીએ. તેથી ચિત્રકારે યમુના નદીમાં કમળ ઊગેલાં દેખાડ્યાં છે તે ખોટું નથી.

(વાંકાનેર) —પ્રવીણ પી. પ્રામેચા

અનુષ્ટુપ

ચિતા માતા–પિતા કેરી સ્વહસ્તે સળગાવીને
સંતાનો એ જ જ્વાળામાં ચેતાવે આત્મદીપને.

—રમણભાઈ નીલકંઠ

ન્યાયમૂર્તિ સર લલ્લુભાઈના પિતા આશારામભાઈ મુસાફરી કરતા ત્યારે પોતે બીજા વર્ગમાં બેસતા ને છોકરાને ત્રીજા વર્ગમાં બેસાડતા. એક વાર એવી મુસાફરીમાં પિતાએ જુવાન લલ્લુભાઈને બીજા વર્ગમાં બોલાવ્યા. લલ્લુભાઈની ન્યાયવૃત્તિ અકળાઈ ઊઠી. એમણે ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટને બીજા ને ત્રીજા વર્ગના ભાડા વચ્ચેના ફેરની રકમ મોકલી આપી.

અનેકાર્થી શબ્દ : **મંગલ**–કલ્યાણ, કલ્યાણકારી; એક ગ્રહ; અગ્નિ; આઠ સૂચક શબ્દ; પિંગળમાં એક છંદ; વિષ્ણુનાં હજાર પૈકી એક નામ; સંગીતમાં હિંડોલ રાગના આઠ પુત્રમાંનો એક; આનંદ કે મોજમજા; જૈન પરિભાષામાં નવકાર મંત્ર; લોહી; પ્રાચીન હિંદમાં ઉદ્યાન નામક દેશની રાજધાની.

ગણિતગમ્મત


$1^2 + 2^2 = 3^2 - 2^2$
$2^2 + 4^2 = 6^2 - 4^2$
$3^2 + 6^2 = 9^2 - 6^2$
$4^2 + 8^2 = 12^2 - 8^2$
$5^2 + 10^2 = 15^2 - 10^2$
$6^2 + 12^2 = 18^2 - 12^2$
$7^2 + 14^2 = 21^2 - 14^2$
$8^2 + 16^2 = 24^2 - 16^2$
$9^2 + 18^2 = 27^2 - 18^2$
$10^2 + 20^2 = 30^2 - 20^2$

કહેવતોના અર્થ : 'સોમવતી અમાસ ને શુક્રવાર'–અસંભવ વસ્તુને માટે વપરાતા 'આકાશ કુસુમવત્' વાક્ય જેવા જ આ વાક્યનો અર્થ સ્પષ્ટ છે કે જે અમાસ સોમવતી, (સોમવારે આવતી) હોય તે દિવસે શુક્રવાર હોવો અશક્ય (વદતો વ્યાઘાત) છે. એ ઉપરથી ન બની શકે તેવી વાતને માટે, તેમજ મોટે ભાગે ન પાળી શકાતા હોય તેવા વાયદાને માટે કે ખોટી આશા આપવાને માટે આ કહેવતનો પ્રયોગ થાય છે. એને મળતી બીજી કહેવત 'કોણીએ ગોળ ચોંટાડવો'–(જે ખાઈ શકાવો અસંભવિત.)

ખોટી વાત

દિવેલ ઠંડું છે એ ખોટો ખયાલ છે. તે ઉષ્ણ છે અને વાયુનો નાશ કરનાર છે.

પૂઠા પર સજ્જડ ચોંટેલો ફોટોગ્રાફ ઉખેડવા માટે તેના પર પલાળેલો બ્લૉટિંગ અરધો કલાક મૂકી રાખજો. ઢીલો થઈને ઊખડી આવશે.



કુરાને શરીફની દુનિયામાં જૂનામાં જૂની હયાત નકલ, જે કાહિરા (મિસ્ર)ના મધરિબ રાઉસ્ક પુસ્તકાલયમાંથી મળી આવી છે. હરણની આંતરત્વચામાંથી બનાવેલા પાર્ચમેન્ટ પેપર ઉપર કુફિક લિપિમાં લખેલા આ ગ્રંથમાં ૧૦૦૦ લગભગ પાનાં છે.

'આંકડા કદી જૂઠા ન પડે.' પ્રોફેસર ગર્વથી બોલ્યા, 'દાખલા તરીકે, એક ઘર ૧ માણસ ૧૨ દિવસમાં બાંધે તો ૧૨ માણસો તે ૧ દિવસમાં પૂરું કરે જ.'

'સાચું,' એક વિદ્યાર્થી ઊભો થયો : 'એ રીતે ૧૨ને બદલે ૨૮૮ માણસો ૧ કલાકમાં પૂરું કરે, ૧૭૨૮૦ માણસો ૧ મિનિટમાં પૂરું કરે, ને ૧૦,૩૬,૮૦૦ માણસો એક સેકંડમાં. તમે ધારો છો કે એટલા વખતમાં એ એક ઈંટ પણ મૂકી રહે?'

પ્રોફેસર તતફફ થઈ ગયા. ત્યાં તો પેલા ચેકુસના ભેજાએ આગળ ચલાવ્યું : 'અને ૧ વહાણ આટલાંટિક મહાસાગર ૬ દિવસમાં પસાર કરે તો આંકડાશાસ્ત્ર પ્રમાણે ૬ વહાણો ૧ દિવસમાં પસાર કરી શકશે?!'

પ્રોફેસરનું ભેજું ગુમ!



કલાકણિકા : અગાઉ આપેલા ગ્રીક વાત્ર (જલપાત્ર)ને પડછે આ પાત્ર પર પણ વિવિધ પ્રાણીઓની ચિત્રણા માનવે કરી છે.



ટિકિટસંગ્રહ : ઘણા દેશોએ પોતાને ત્યાં થતાં રૂપસુંદર ફૂલોને પોતાની ટપાલ ટિકિટો પર શક્ય એટલી સુંદર રીતે અનેક વાર રજૂ કર્યાં છે, છતાં યે પુષ્પોનું રૂપવૈવિધ્ય સદા એટલું ને એટલું જ તાઝગીભર્યું લાગે છે. ઈન્ડોનેશિયાની આ ટિકિટો પરનાં ફૂલોની ભરીભરી રજૂઆત પણ એવી જ નયનરમ્ય લાગે છે. (મોકલનાર : કિશન આર. શર્મા–જૂનાગઢ)

વિવિધા

ઈ. સ.ની છઠ્ઠી શતાબ્દીનાં બાદામી (વાતાપી)નાં ગુફામંદિરો કર્ણાટકમાં આવેલાં છે. ચિત્ર ને શિલ્પથી સમૃદ્ધ એ ગુફાઓની કલાશૈલી અજંટા-પરંપરાની જ લાગે છે પણ અહીંના વિષયો ભિન્ન છે. ત્યાંની એ રૂપસૃષ્ટિનો ખયાલ આપતાં ત્રણ રેખાદર્શનો અહીં આપ્યાં છે. વાતાપી પાંચમી શતાબ્દીના ચૌલુક્ય વંશના રાજા (પૃથ્વીવલ્લભ) પુલકેશી પહેલાની રાજધાની હતું. અહીંના એક કન્નડ શિલાલેખ પરથી જણાય છે કે આ શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ અને જૈન ગુફાઓ લગભગ અઠ્ઠોતેર વર્ષના ગાળામાં તૈયાર થઈ હતી.



પદ્મવેલ અને (જમણી બાજુ) કમળતળાવડી







છેલ્લા જુહાર : 'નવી દિલ્હીને પિસ્તાલીસ કરોડની પ્રાચીન પ્રજાની ગૌરવભરી રાજધાની તરીકે મહેકતી મૂકી જનાર જવાહરલાલ નેહરુ'ને છેલ્લા જુહાર કરવા એ નગરી આખી બહાર ઠલવાઈ ત્યારે